રોમ, નીરો 'ને ફિડલ : નીરો શું વગાડતો હતો?

ગ્રેટ રિસેટ અને ચોથી ઔદ્યોગિક ક્રાંતિ

ગાય પર સરોગસીનો સફળ પ્રયોગ

કોમ્પ્યુટર સિસ્ટમો પર કબજો જમાવી અબજો ડોલરનું બ્લેકમેલિંગ

૨૬ જૂન, ૨૦૨૧ abhiyaanmagazine.com ₹ ૨૫-૦૦

અભિયાન

કચ્છનું ધોળાવીરા બન્યું વર્લ્ડ હેરિટેજ

• ધોળાવીરામાંથી મળ્યા વાઘોના અવશેષો, હવે તેના પ્રોટોટાઇપ બનશે

VISIT…

તમારા માટે, તમારી સાથે, સતત...

અભિયાન

૨૬ જૂન ૨૦૨૧
વર્ષ: ૩૭ અંક: ૦૨ સળંગ અંક: ૧૮૩૭

પથદર્શક: સ્વ. ભૂપત વડોદરિયા

તંત્રી : તરુણ દત્તાણી
(પીએચ.ડી એચ્છ ઠેઠળ રમાવાઇ સંપાદન ચાર્જ જવાબદાર)

કોપી એડિટર : હેતલ ભટ્ટ
મુંબઈ : લતિકા સુમન
અમદાવાદ : હેતલ રાવ
ભુજ : સુચિતા બોઘાણી કનર

ક્રિએટિવ ડાયરેક્ટર : મૌનક ચાવડા

રજિસ્ટર્ડ ઓફિસ : સમભાવ હાઉસ,
ચીફ જસ્ટિસ બંગલોની સામે, બોડકદેવ,
અમદાવાદ-૩૮૦ ૦૧૫
ફોન : ૨૬૮૭ ૩૯૧૪, ૨૬૮૭ ૩૯૧૬, ૨૬૮૭ ૩૯૧૭
ફેક્સ : ૨૬૮૭ ૩૯૨૨

મુંબઈ કાર્યાલય : સમભાવ મીડિયા લિમિટેડ,
૭૧૪, એ વિંગ, ક્રિસ્ટલ પ્લાઝા, ઈનફિનિટી મોલ સામે,
ન્યુ લીંક રોડ, અંધેરી (વેસ્ટ) મુંબઈ-૪૦૦૦૫૩

વાચકોના પ્રતિભાવ :
abhiyaan@sambhaav.com

વેબસાઈટ :
www.abhiyaanmagazine.com

વાર્ષિક લવાજમ : દેશમાં રૂા. ૧૨૭૫/-
Foreign Subscription : Rs. 6375 (Air Mail)
અભિયાનનો દરેક અંક **પોસ્ટમાં** ઈસ્યુ તારીખ પ્રમાણે મોકલવામાં આવે છે.

સર્ક્યુલેશન :
૦૭૯ ૨૬૮૭૩૯૧૪-૧૫-૧૬, ૦૨૨ ૨૮૬૪૮૭૬૯
circulation@sambhaav.com

Marketing
Mumbai : Ph. : 022-67995316
Ahmedabad : Ph : 079-2687 3914/16/17
Delhi : Ph : 011 - 2371 8171
marketing@sambhaav.com

મુદ્રક અને પ્રકાશક વિજય પરીખે
સમભાવ મીડિયા લિમિટેડ વતી હાઇસ્કેન પ્રા.લિ.,
હાઇસ્કેન એસ્ટેટ, સરખેજ-બાવળા હાઇવે, ચાંગોદર,
અમદાવાદ-૩૮૨ ૨૧૩, ખાતે છાપ્યું અને અભિયાન હાઉસ,
૪ એ/બી, ગવર્નમેન્ટ ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, થારકોપ,
કાંદિવલી (વેસ્ટ), મુંબઇ - ૬૭ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

સમભાવ ગ્રૂપ

અનુક્રમ



૧૮ કચ્છનું ધોળાવીરા બન્યું વર્લ્ડ હેરિટેજ

કચ્છના મોટા રણમાં ભચાઉ તાલુકાના ખડીર બેટમાં આવેલા ધોળાવીરા નામના ગામ પાસે કોટડા ટીંબા નામનો એક વેરાન ટેકરો છે. ત્યાં સ્થાનિકોને શંખનાં તૂટેલાં આભૂષણો અને તૂટેલાં વાસણો મળતાં હતાં. તેના પર પુરાતત્ત્વ ખાતાનું ધ્યાન જતાં પુરાતત્ત્વ દ્વારા સંશોધન શરૂ કરાયું હતું અને હવે ટૂંક સમયમાં ધોળાવીરાને યુનેસ્કો દ્વારા વર્લ્ડ હેરિટેજ સાઇટની માન્યતા પ્રાપ્ત થઈ રહી હોવાની ચર્ચા છે.

૨૬ કોમ્પ્યુટર પર કબજો જમાવી અબજો ડોલરનું બ્લેકમેલિંગ

૩૨ સુશીલને પહેલવાનીએ સન્માન અપાવ્યાં, પણ પચ્યાં નહીં

૩૪ અંજલિને ઇન્ડિયન આઇડોલમાંથી કાઢી..!!

૧૫ ગ્રેટ રિસેટ અને ચોથી ઔદ્યોગિક ક્રાંતિ

૩૧ સરોગસી દ્વારા જોડિયા વાછરડીનો જન્મ

ફેમિલી ઝોન

૩૮ જીવનના દરેક પડાવને જુદા દૃષ્ટિકોણથી નિહાળતી નારી

નિયમિત કોલમ

૦૬ પંચામૃત
૪૦ વિઝા
૪૧ ભાવિ
૪૨ લઘુ-નવલ



માણસ વધુ તો તેના મનમાં જ રહે છે

કોઇને પણ પૂછીએ કે, 'કેમ છો? મઝામાં છો?' એક અગર બીજા શબ્દોમાં એવો જવાબ મળે છે, 'આમ તો મઝામાં છું, પણ ચિંતા પીછો છોડતી નથી! એક અગર બીજી ચિંતા સામે આવીને ઊભી જ રહે છે!'

સાચું કહીએ તો વ્યક્તિગત ચિંતાઓ ઉપરાંત માનવીની મૂળભૂત હસ્તી વિશે જ ચિંતા થાય તેવાં કારણો બેશુમાર છે, પણ હકીકત છે કે ચિંતા કરવાનો કોઈ અર્થ જ નથી. કેટલાક માત્ર ચિંતા જ કર્યા કરે છે અને બીજા કેટલાક આવી ચિંતાના બેશુમાર રાક્ષસો સામે રીતસર યુદ્ધે ચઢ્યા હોય તેમ ડોન કિહોટે જેવી મરદાનગીનાં સ્વપ્નો નિહાળે છે! જિંદગી નામની એક રૂપવતી સ્ત્રી ઉપર ઊભાં થયેલાં જાતજાતનાં જોખમો સામે તેઓ ડોન કિહોટે જેવી જ શૌર્યભાવનાથી લડવા તત્પર બની જાય છે.

વ્યક્તિગત કે બીજા કોઈ પણ ચિંતાજનક કારણોને નિવારવાનું કે ઓછું કરવાનું કામ માણસના ગજા બહારનું છે. ચિંતાનું કારણ દૂર કરવામાં વાંધો નથી, પણ સૌથી સારો રસ્તો ચિંતાની આદતથી છૂટવાનો છે. માણસ જિંદગીને ખૂબ ચાહે છે. માણસ માણસને જ ખૂબ ચાહે છે. એટલે તેની ચિંતા અપરંપાર છે, પણ ચિંતાના ચકમક ભેગા કરીને તેના તણખા પેદા કરવાની જરૂર નથી. ચિંતાના ચકમકથી પ્રકાશ થોડોક જ પેદા થાય છે. તે વધુ તો બાળવાની શક્તિ જ ધરાવે છે.

અમેરિકાના મહાન પ્રમુખ અબ્રાહમ લિંકન આખી જિંદગી અધિક ચિંતા કરવાના સ્વભાવ સામે લડતા રહ્યા હતા. લિંકન પોતાના અનુભવથી સમજી શક્યા હતા કે માણસ ઘરમાં રહેતો નથી. માણસ વધુ તો તેના મનમાં જ રહે છે. ઘરમાં મચ્છરનો ઉપદ્રવ વધુ હોય તો આપણે તેને દૂર કરવા લીમડાનાં પાનનો ધૂપ આપીએ છીએ, સ્વચ્છતાની ચીવટ રાખીએ છીએ. ચિંતાઓ મહદંશે મનના મચ્છરો છે અને તેને માટે પણ માણસે પોતાના મનમાં જંતુનિવારક ધૂપ પ્રગટાવવો પડે છે. આથી ચિંતાની મનોવૃત્તિ સામેના એક વ્યૂહ તરીકે અબ્રાહમ લિંકને પોતાના માટે કામ કરતાં કરતાં હસતા રહેવું અને હસતાં હસતાં કામ કરતા રહેવું તેવો નુસખો સફળ રીતે અજમાવ્યો હતો. અમેરિકામાં આંતરવિગ્રહના જે વિકટ સંજોગો ઊભા થયા હતા તેમાં લિંકન તો શું, કોઈ પણ સૂત્રધાર તેની અમંગળ શક્યતાઓની ચિંતા કરીને પોતાના મગજની સમતુલા ગુમાવી બેસે તેવું હતું. લિંકને માનસિક સમતુલા પણ ના ગુમાવી અને પોતાનું જીવન પણ કડવું ઝેર થવા ના દીધું. જ્યારે જ્યારે ચિંતાઓ તેનાં દ્વાર ખટખટાવે ત્યારે લિંકને જવાબમાં હસવાનું નક્કી કર્યું હતું અને ચિંતાઓ ગમે તેવા તકાદા કરે તો પણ તેને સાંભળવા માટે પોતાના હાથ ઉપરનું કામ પડતું મૂકવાનો ઇનકાર કર્યો હતો.

ચિંતાની આદતનો અસરકારક ઉપાય મનને કંઈ ને કંઈ કામકાજમાં પ્રવૃત્ત રાખવું, જિંદગીના પ્રત્યેક ઢંગનું હાસ્યજનક રૂપ પિછાનવું અને આપણાથી કોઈક વધુ મોટો ચિંતા કરવાવાળો ક્યાંક છે તેવી શ્રદ્ધા કેળવવી તે છે. આપણે જાણીએ છીએ કે આપણને સતત એવું લાગ્યા કરતું હોય છે કે મારા સિવાય ચિંતા કરનારું બીજું કોઈ નથી! એ તો હું આટલી ચિંતા કરું છું એટલે મારું ઘર, મારો વહેવાર, મારી દુકાન કે મારી પેઢી, મારું કારખાનું કે મારો કારોબાર ચાલે છે! બીજા કોઈને કશી ચિંતા જ નથી. હું જો આટલી ફિકર ના કરું તો ધબડકો જ થઈ જાય! મારા ઘરના માણસો કંઈ ખેવના કરતા નથી. મારા ભાગીદારો કંઈ ચિંતા રાખતા નથી. હું જ એક એવો છું કે આટલી બધી ચિંતા કરું છું અને ચિંતા કરું છું તો બધું બરાબર ચાલે છે. એ વાત સાચી છે કે દરેક કુટુંબમાં, દરેક સંસ્થામાં અને દરેક કારોબારમાં કોઈક એક એવી વ્યક્તિ હોય છે જે વિશેષ જવાબદારી અને વિશેષ ખેવના રાખે છે અને બાકીના બીજા બધાને ખાસ ઉચાટ હોતો નથી અને છતાં કોઈ ખાસ માણસ એવું માનતો હોય કે માત્ર તેની એકલાની ચિંતાને કારણે જ ઘર કે ધંધો ચાલે છે, નહિતર બંધ થઈ જાય તો તે પણ ખોટો ખ્યાલ છે.

માર્ક ટ્વેઇન જ્યારે અમેરિકાના મહાન હાસ્યલેખક તરીકે પ્રસિદ્ધ થયા નહોતા અને રોજી રળતા પત્રકાર હતા ત્યારે તેમણે એક વાર તેમના એક શેઠને કહ્યું હતું, 'સાહેબ, હું એકદમ નીડર માણસ છું! કોઈનાથી ડરતો નથી. હા, એક તમારાથી જરાક ગભરાઉં છું!' અલબત્ત, માર્ક ટ્વેઇને આમ કહીને એક રમૂજ કરી હતી, પણ આપણે બધા આ રમૂજમાં રહેલું એક તથ્ય પિછાની શકીએ છીએ. દરેક માણસને એવું લાગે છે કે તે નીડર છે અને છતાં ચિંતા તેની 'શેઠાણી' બની રહે છે અને તેનો ડર તેને સતત રહે છે. ચિંતા જ્યારે મનની રાણી મટીને દાસી બની જાય ત્યારે માણસ તેનો ઉપયોગ પોતાના ચોકીદાર તરીકે કરી શકે છે. જ્યાં સુધી માણસ પોતે જ ચિંતાના ચોકીદારની જેમ વર્તે છે ત્યાં સુધી તે પોતાની જાત જ વગર બેડીએ કેદી જેવો બની જાય છે, પણ જ્યારે પોતે પોતાનો માલિક બનીને ચિંતાને પોતાના ચોકીદારના સ્થાને બેસાડી શકે છે ત્યારે તે હળવાશ અને હિંમતની અત્યંત હૂંફાળી લાગણીનો અનુભવ કરી શકે છે.

મૂળ વક્તવ્ય પરથી...

(લેખકના પુસ્તકમાંથી)

આત્મીયતા

કોરોના ઇફેક્ટ : સુરક્ષા અને સાદગી સાથે મંગલ પરિણય...

કોવિડ-૧૯ની બીમારીએ સામાજિક સ્તરે ઘણુ બધું પરિવર્તન કર્યું છે. આ પરિવર્તનો સારા પણ છે અને ખરાબ પણ. લિમિટેડ સોર્સમાં કેવી રીતે જીવન જીવવું-પરિસ્થિતિઓનો સામનો કરવો એ વાત કોરોના મહામારીએ શીખવાડી. લગ્નસમારંભો તેનું સરસ ઉદાહરણ છે. પ્રાથમિક જરૂરિયાતો, લિમિટેડ બજેટ અને મર્યાદિત આમંત્રિતોની હાજરીમાં લોકો હવે લગ્નસમારંભો પાર પાડતા થયા છે. એ વાત સાચી છે કે સાદગી અને સુરક્ષા સાથેનાં લગ્નોને કારણે વેડિંગ ઇવેન્ટ સાથે સંકળાયેલા વિવિધ લોકોની રોજગારીને અસર થઈ છે, પણ સરવાળે તો હવે લગ્નનો જે હાર્દ છે, એ વિધિને જ મહત્ત્વ આપવામાં આવી રહ્યું છે.

રતિભાઈ ચોકસી, રતનપોળ, અમદાવાદ

પ્રતિભાવો મોકલવા એકદમ સરળ

આપના પ્રતિભાવો અમારા માટે ખૂબ જ મહત્ત્વના છે. અભિયાનમાં શું ગમ્યું? શું ન ગમ્યું? આપનાં અન્ય સૂચનો પણ આવકાર્ય છે. આપના પ્રતિભાવ હવે તમે પત્ર ઉપરાંત ઈ-મેઇલ મોકલી શકો છો.

આ આઇડી ઉપર ઈ-મેઇલ કરો :
abhiyaan@sambhaav.com

પત્ર લખવા માટેનું સરનામું
'આત્મીયતા' અભિયાન, સમભાવ હાઉસ, ચીફ જસ્ટિસ બંગલોની સામે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫

૨૬ ડિસેમ્બર, ૨૦૨૦

જરા થોભો, જરા સોચો...

ચર્નિંગ ઘાટમાં જીવનશૈલી વિશે જે વાત કરવામાં આવી છે તે આજના સમયમાં એકદમ સાચી અને વાસ્તવિક છે. આપણે સૌ વિચાર્યા કર્યા વિના કશુંક ને કશુંક મેળવવાની લાલસામાં ભાગતા રહીએ છીએ, સાચી જિંદગી, આનંદ, સંતોષ, સુખ, શાંતિ અને સ્વાસ્થ્યના મહાત્મ્ય સાથે આપણે જાણે કશો સંબંધ જ નથી રહ્યો. માત્ર શબ્દો બની રહ્યા છે. એવા સમયે ગૌરાંગભાઈએ ઉદાહરણો સાથે જે સમજ આપી છે તે ખરેખર જીવનમાં ઉતારવા યોગ્ય છે.

કનૈયાલાલ વઘાસિયા, સુરત

યુવતીઓનાં લગ્નની ઉંમર...

દીકરીઓ માટે કહેવાય છે કે દીકરીને ગાય-દોરે ત્યાં જાય. આ ઉપરાંત દીકરીઓને સલાહ આપવામાં આવે છે કે નીચી નજરે જવાનું અને નીચી નજરે પાછું આવવાનું. ઓકે. પણ મને હવે વર્તમાન સમયમાં આ ઉક્તિઓ વાપરવી યોગ્ય નથી લાગતી. સમય બદલાયો છે. સ્ત્રીઓને સ્ટ્રોન્ગ બનાવવી હશે તો તેની શરૂઆત ઘરમાંથી કરવી પડશે. હવે વાત કરીએ લગ્નના ઉંમરના વિવાદની. શહેરોમાં પરિસ્થિતિ થોડી સુધરી છે, પણ ગામડામાં તો આપણે ઠેરના ઠેર છીએ. સામાજિક ઢાંચામાં પરિવર્તન લાવવું એ લોઢાના ચણા ચાવવા જેવું કામ છે. ખેર, દીકરીઓને ભણી-ગણી નોકરીનો અનુભવ કરાવી પછી લગ્ન માટે વિચારવું જોઈએ. જેથી તેને દુનિયાદારીની સમજ આવી જાય. તેને સમય અને પરિસ્થિતિને યોગ્ય અને અનુરૂપ નિર્ણય લેવાની પરિપક્વતા આવી જાય. હરહંમેશ માતા-પિતા કે વડીલો દીકરીઓની સુરક્ષા માટે તેમની સાથે નથી રહેવાના. તો તેમને પહેલાં ઘર-સંસાર ચલાવવા માટે જરૂરી સમજ મળે એટલી પરિપક્વ થવા દેવી જોઈએ અને ત્યાર બાદ લગ્ન કરવા જોઈએ.

મંદાકિની પંડ્યા, અમદાવાદ

નવોદિત સર્જકોને પ્રોત્સાહન...

કચ્છમાં ગ્રામોત્થાન સંસ્થા દ્વારા નવોદિત લેખકોની કૃતિને પ્લેટફોર્મ આપવાની જે સેવાકીય પ્રવૃત્તિ આદરવામાં આવી છે તે પ્રશંસનીય છે.

માણેક રબારી, ગાંધીધામ

એકલયાત્રી આઇન્સ્ટાઇન...

હું વિજ્ઞાનનો વિદ્યાર્થી છું એટલે સ્વાભાવિક રીતે મને આઇન્સ્ટાઇનના જીવનમાં રસ પડે જ, પણ જે રીતે આ પ્રકરણો લખાઈ રહ્યા છે - વાર્તા આગળ વધી રહી છે એ જોતાં મને એમ લાગે છે કે સામાન્ય વાચકોને પણ આઇન્સ્ટાઇનના જીવન વિશે જાણવામાં મજા આવતી હશે. આમેય આઇન્સ્ટાઇનનું વ્યક્તિત્વ એવું હતું કે લોકો તેમની તરફ આકર્ષાતા હતા, પણ એ માત્ર તેમની બૌદ્ધિક બાજુ દર્શાવે છે. તેમના જીવન વિશે તો એકલાયાત્રી આઇન્સ્ટાઇન દ્વારા જાણકારી મળી રહી છે. 'અભિયાન' ખૂબ સારા એક્સપરિમેન્ટ કરી રહ્યું છે.

નીતિશ શ્રીમાળી, રાજકોટ

વિજ્ઞાની શાળા...

વિજ્ઞા વિમર્શ વિભાગમાં આપવામાં આવતી માહિતી ઘણી યુઝફુલ છે. જેમને વિદેશ જવું છે તેમના માટે આ માહિતી પાયાનું કામ કરે છે. ત્યાર બાદ તો સ્વાભાવિક રીતે કોઈ કન્સલ્ટન્સીનો સહારો લેવો જ પડે છે, પણ આ પ્રકારના લેખોને કારણે વ્યક્તિ પાસે માહિતી હોય છે, તેથી તેના છેતરાવાની સંભાવના બહુ ઓછી થઈ જાય છે. બીજો વિચાર મને એ આવે છે કે માત્ર અમેરિકા-કેનેડા જ નહીં, અન્ય દેશોને લગતી માહિતી પણ આપવી જોઈએ. હવે તો ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ જેવા દેશો પણ હોટફેવરિટ ડેસ્ટિનેશનમાં સામેલ થયા છે. તો તેને લગતી માહિતી પણ આપવામાં આવે તો સારું રહેશે.

પ્રથમેશ ઝાલા, વડોદરા

વૈદ્યરાજને બીમાર પાડતો દર્દી...

હર્ષદ પંડ્યા સાહેબના હાસ્યલેખો વાંચવાની મજા આવે છે. એમાં પણ આ વખતનો હાસ્યલેખ જોરદાર છે. મરક મરક હસવું અને દિલ ખોલીને હસવું બંને પ્રકારનો અનુભવ લાફ્ટર વાઇરસ વિભાગમાં આવતા હાસ્યલેખ દ્વારા થાય છે.

વિનુ પટેલ, મહેસાણા

આ અંકની કવર સ્ટોરી હળવી છતાં રસપ્રદ છે. - પરાક્રમસિંહ ઝાલા, ધ્રાંગધ્રા

રાષ્ટ્રીય રાજનીતિને અસરકર્તા ઘટનાક્રમ

રાષ્ટ્રીય રાજકારણમાં ફરી ઊથલપાથલનો દૌર શરૂ થયો છે. મોટા ભાગની ઘટનાઓ પ્રાદેશિક સ્તરની જરૂર છે, પરંતુ એ રાષ્ટ્રીય રાજનીતિને પ્રભાવિત કરનારી ઘટનાઓ છે. ચૂંટણીલક્ષી રાજકારણના આ સમયમાં ચૂંટણી પહેલાંના વર્ષથી રાજકીય પક્ષો અને નેતાઓ તેમના પક્ષ અને વ્યક્તિગત રાજકીય હિતોને લક્ષમાં રાખીને તખ્તો તૈયાર કરવામાં વ્યસ્ત બની જાય છે. છેક છેલ્લી ઘડીએ પાસા પલટવામાં સફળતાની ગેરંટી હોતી નથી. એટલે પાત્રોની રાજકીય કારકિર્દી માટે ચિંતિત લોકો હવે ઘણા વહેલા પક્ષ પલટો કરવા લાગ્યા છે. એક સમયે કોંગ્રેસના ટોચના અગ્રણીમાં જેમની ગણના થતી હતી અને ગાંધી પરિવારના નિકટના વ્યક્તિ ગણાતા હતા તે જિતિનપ્રસાદે ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણીના ઘણા સમય પહેલાં કોંગ્રેસ છોડી ભાજપમાં જવાનું નક્કી કર્યું, તેમાં આવું જ ગણિત કામ કરી ગયું છે. ઉત્તર પ્રદેશમાં કોંગ્રેસને આ મોટો ફટકો છે. કોંગ્રેસ જ્યારે રાજ્યની આગામી ચૂંટણીમાં સારાં પરિણામો માટે પ્રયત્નશીલ હોય ત્યારે જિતિનપ્રસાદ જેવા નેતાની નારાજીનો નિવેડો લાવી ન શકે અને પક્ષ છોડવાની તેમની હિલચાલ વિશે અનભિજ્ઞ રહે એ વિસ્મયજનક લાગે છે.

અલબત્ત, કોંગ્રેસ માટે સમસ્યાઓ ઓછી નથી. રાજસ્થાન અને પંજાબમાં પણ કોંગ્રેસના આંતરિક રાજકારણનું કોકડું ગૂંચવાયું છે. સચિન પાયલોટને એકવાર સમજાવી લેવાયા પછી તેમને જે વાયદા કરવામાં આવ્યા હશે તેનો અમલ અશોક ગેહલોત પાસે કરાવી શકાયો નહીં. રાજસ્થાનમાં પણ આવતા વર્ષે વિધાનસભાની ચૂંટણી છે. ત્યાં સુધી અશોક ગેહલોત અને પાયલોટને સાથે રાખવામાં કોંગ્રેસ મોવડીમંડળની કસોટી થવાની છે. પાયલોટ જલ્દી પક્ષ છોડવાનું નહીં વિચારે, પણ પોતાને ન્યાય મળે એ માટે તેઓ સતત સંઘર્ષશીલ રહેવાના છે. એકાદ વર્ષ પહેલાંની રાજસ્થાનની રાજકીય કટોકટીને મહાપરાણે નિવારી શકાઈ હતી, ત્યારે સમાધાનની ફોર્મ્યુલા અશોક ગેહલોતે સ્વીકારી હતી, પરંતુ તેના પ્રત્યે તેઓ બહુ ગંભીર હોય એવું ત્યારે પણ લાગતું ન હતું. હવે ફરી સચિન પાયલોટ દિલ્હી જઈને બેસી ગયા છે અને પક્ષમાં ન્યાય માટે અલખ જગાવી રહ્યા છે. પંજાબની હાલત પણ લગભગ આવી જ છે. પક્ષના આંતરિક વિખવાદો ઉકેલવાનું સરળ હોતું નથી. તેને માટે અલગ પ્રકારની કુશળતા અને મુત્સદ્દીગીરીની જરૂર પડે છે. પક્ષે વહેલી તકે એવા લોકોને કામે લગાડવા જોઈએ.

આવી જ એક ઘટના દિવંગત રામવિલાસ પાસવાનના લોકજનશક્તિ પાર્ટીની છે. પક્ષના છ સાંસદોમાંથી પાંચ સાંસદોએ પોતાના નેતા તરીકે ચિરાગ પાસવાનને બદલે પોતાના અલગ નેતા પશુપતિનાથ પારસને પસંદ કર્યા છે. ચિરાગ પાસવાને બિહાર વિધાનસભાની ચૂંટણી દરમિયાન એનડીએ સાથે છેડો ફાડ્યો હતો. બિહારમાં તેમણે નીતિશકુમારને પરાસ્ત કરવા ભારે જહેમત ઉઠાવી હતી, પરંતુ આમ કરવા જતાં તેમના પક્ષનો જ સફાયો થઈ ગયો. અગાઉ ૨૯ બેઠકો ધરાવતા પક્ષને એ ચૂંટણીમાં એક જ બેઠક મળી. લોકસભામાં તેના સાંસદોનું નવું જૂથ એનડીએમાં સામેલ થવાની ઇચ્છા ધરાવે છે. બે દાયકા જૂની આ પાર્ટી વિભાજનના આરે આવીને ઊભી છે. ખાસ કરીને બિહારમાં દલિત રાજકારણનો એક ચહેરો ગણાયેલી આ પાર્ટીનું અસ્તિત્વ ટકાવી રાખવાના પ્રયાસ કોના તરફથી થશે? પરિવારવાદના આધારે પક્ષને ટકાવી રાખવાનું ચિરાગ પાસવાન માટે મુશ્કેલ બનવાનું છે.

પશ્ચિમ બંગાળમાં ભાજપના નેતા મુકુલ રોય ફરી તૃણમૂલ કોંગ્રેસમાં સામેલ થઈ ગયા છે. ઘરવાપસીની આ ઘટના એકલ-દોકલ બની રહેવાની નથી. તૃણમૂલમાંથી ભાજપમાં ગયેલા બીજા અનેક નેતાઓ ઘરવાપસી માટે તૈયાર હોવાના સંકેત છે. ભાજપના નવા ચૂંટાયેલા ૭૫ ધારાસભ્યો રાજ્યપાલને મળવા ગયા ત્યારે તેમાં ૨૫ ધારાસભ્યો ગેરહાજર હતા. આ પચ્ચીસ ધારાસભ્યો ફરી તૃણમૂલ કોંગ્રેસ જવા તત્પર હોવાના સંકેત છે. પશ્ચિમ બંગાળમાં ભાજપે તેનું ઘર સાચવવાનું મુશ્કેલ બન્યું છે. તૃણમૂલમાંથી જથ્થાબંધ ધોરણે આયાતી નેતાઓના ભરોસે આમ પણ પાર્ટી લાંબું ખેંચી શકે નહીં.

ગુજરાતના રાજકારણમાં આમ આદમી પાર્ટીનો પ્રવેશ થઈ ચુક્યો છે. દિલ્હીના મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલ અમદાવાદ આવીને પક્ષના મધ્યસ્થ કાર્યાલયનું ઉદ્‌ઘાટન કરી ગયા અને રાજ્યમાં વિધાનસભાની તમામ બેઠકો પર ચૂંટણી લડવાની જાહેરાત કરી ગયા છે. ગુજરાતમાં ત્રીજા પરિબળના ઉદ્‌ભવ માટે આ પહેલાં પણ પ્રયાસો થઈ ચુક્યા છે અને દિગ્ગજ નેતાઓ દ્વારા થયા હોવા છતાં એકાદ ચૂંટણીથી આગળ ટકી શક્યા નથી. આમ આદમી પાર્ટી માટે ગુજરાતમાં કપરાં ચઢાણ છે. સુરતની સફળતાને અપવાદ રૂપ ઘટના જ ગણવી જોઈએ. અત્યારે જે ચર્ચા ચાલે છે તેનો કેન્દ્રવર્તી વિચાર એટલો જ છે કે આમ આદમી પાર્ટીથી નુકસાન કોને થશે? પાર્ટીની સફળતા વિશે કોઈ બહુ આશ્વસ્ત છે. ચૂંટણીને હજુ ઘણી વાર છે. ત્યાં સુધી નવા ઘટનાક્રમ માટે ઉત્સુકતા રહેશે. ■

રોમ, નીરો 'ને ફિડલ

લોકો માટે લોકો વડે લોકોની લખાય એ ભાષા સારી કહેવાય
પક્ષ છોડી દેશ 'ને સમાજનું કામ કરે એ કલમ સાચી કહેવાય

રોમ ભડકે બળતું હતું ત્યારે નીરો ફિડલ વગાડતો હતો એવું ઘણાએ વાંચ્યું હશે 'ને ઘણાએ સાંભળ્યું હશે. શરૂમાં એ વાક્ય છપાયું 'ને બોલાયું હશે ત્યારે તેની સાથે આગળ 'ને પાછળ કરેલી વાત પરથી લોકોને ખ્યાલ આવ્યો હશે કે કવિ કહેવા શું માગે છે. મૂળે એ ઉક્તિ અંગ્રેજી ભાષાની 'ને વિદેશી પત્રકારત્વની. આવું વાંચવા કે સાંભળવાથી લોકોનું એક રૂંવાડુંય ફરકતું નથી હોતું. કે જેમનું ફરકતું હોય તેમનો એકે રોમ પોતાનું ફરકવું બદલતો નથી હોતો. આવી ઉક્તિઓ રાજકીય રીતે બબડાટ કે બકવાસ જેટલું મૂલ્ય ધરાવે. લોકોને શું લાભ? એથી વિશેષ ભારતના કે ગુજરાતના કેટલા લોકોને રોમ, નીરો 'ને ફિડલ અંગે માહિતી હશે? વિદેશી ચીજ વાપરીને લોકલ થિંગ્સ મારી નાંખવાની ચાલને લોકશાહી કે માનવતાવાદી ના કહી શકાય. લોકોની ખરી ચિંતા કરવી હોય તો લોકોને ફાયદો થાય એ વાત લોકોની ભાષામાં કરવી જોઈએ. જોકે અમુક કલમકાર તમુક મર્યાદાને કારણે વ્યસન મુક્ત ના થઈ શકે. હશે. આવો આપણે ફિડલ અંગે થોડું જાણીએ.

એક જાતનું વિદેશી તંતુવાદ્ય. તેને ચાર તાર હોય છે. તે ચારે તાર મેળવવાની જુદી જુદી રીત છે, તોપણ સામાન્ય રીતે તો એ છે કે, પહેલો તાર જે ઝીણી તાંતનો હોય છે તે મધ્ય સપ્તકના પંચમમાં, બીજા તેથી જરા જાડો હોય તે ષડ્જમાં, ત્રીજો મંદ પંચમમાં અને ચોથો બહુ જ જાડો તાર મંદ ષડ્જમાં મેળવવામાં આવે છે. આ વાર્જિત્રમાં મેરુથી માત્ર ૮થી ૧૦ આંગળના જેટલા ભાગમાં ત્રણે સપ્તકના સ્વરો વાગી શકે છે. સિતાર કે દિલરુબાને છેડતાં તેના સ્વરના સુંદર રણકારા જેટલા કર્ણમધુર લાગે છે, તે પ્રમાણે ફિડલને છેડી જોતાં લાગતા નથી. ડાબા હાથનો અંગૂઠો અને તેની પાસેની પહેલી આંગળી વચ્ચે જે ચામડીની પાળનો ભાગ છે, તે પાળ ફિડલમાં ખૂંટીઓની નીચે જે ગાળાવાળી ખાંચ હોય છે તેમાં રાખીને મજબૂત પકડી આંગળીઓ ખુલ્લી રાખવી અને થોડી તરફનો ભાગ ડાબા ખભા ઉપર રાખી તેને ડાબા ગાલની નીચેના ભાગથી દબાવવો. આથી ફિડલ વગાડતી વખતે હાલી શકશે નહિ. પછી જમણા હાથમાં વાળનો ગજ રાખી દરેક તાર છેડવાથી સ્વર નીકળશે. તે ચપટું અને માત્ર કાષ્ટનું જ બનેલું હોય છે. તેની કોઠીની આકૃતિ દિલરુબાની કોઠીની આકૃતિને મળતી આવે છે.

ઉપરની ઈન્ફોર્મેશન ભગવદ્ગોમંડલમાં છે.

શબ્દ સ્ત્રીલિંગ છે. ફિડલ મસ્ત વાગી. જોકે રોમ ભડકે બળતું હતું ત્યારે વાગેલી એટલે એ મસ્ત વાગી એમ કહેવાય? કરુણ રસ જન્માવે એ ફિડલ ખરાબ વાગી એમ ના કહેવાય? ના. કોઈ કહે તોય વાદ્ય 'ને સંગીતને ભેદભાવની દ્રષ્ટિથી આપણે ના જોઈ શકીએ. વાદ્ય પશ્ચિમનું છે, છતાં કોઈ ચાઈનીઝ જીદ કરે કે અમારે ત્યાં એ પહેલું વાગેલું તોય આપણે ભેદભાવ કરવા નથી માગતા. કારણ આપણને સમજ છે કે સારંગી, રાવણહથ્થો, ઈસરાજ 'ને ઉપર ભગવદ્ગોમંડલે કીધું તેમાં દિલરુબાની વાત કરી છે એ સિવાય રમકડાંના 'ને રમકડાં જેવા લાગતાં તંબૂરાના કામચલાઉ નામથી ઓળખાતા વાર્જિત્ર આપણે ત્યાં આદિવાસી, વણઝારા 'ને ભિક્ષુક એવમ સંન્યાસી લોકોએ સદીઓથી બજાવેલ છે. યોગના ઑથેન્ટિક 'ને ઓરિજિનલ શાસ્ત્રમાં તાર હોય એવા વાદ્યનો ઉપયોગ કરવા સલાહ આપી છે. હા, એની ના નથી કે આઝાદી 'ને આધુનિકતા સાથે પશ્ચિમના પ્રભાવમાં આપણને ખભા પર ઊલટું રાખીને વગાડવામાં આવતું વાયોલિન ઈમ્પ્રેસ કરે છે.

જોવાની તેમ જ સાંભળવાની ખૂબી એ છે કે ફિડલ એટલે મહદ્અંશે વાયોલિન. વાયોલિન માટેનો કલોક્વિઅલ અર્થાત્ સામાન્ય કે રોજબરોજની વાતચીતમાં વપરાતો, અનૌપચારિક કે સહજ શબ્દ એટલે ફિડલ. ક્યારેક વગાડવાની રીત પરથી શબ્દનો ભેદ 'ને વાદ્યની બનાવટમાં ફરક નક્કી થાય છે. બંને વાદ્ય એકબીજાથી સ્વતંત્ર ગણવા હોય 'ને બંનેને જોડિયા ના ગણવા હોય તો પણ બાંધવ તો ગણવા જ પડે. અંગ્રેજીમાં ફિડલ શબ્દ ક્રિયાપદ તરીકે પણ કામમાં લેવાય છે. એક જમાનામાં ટુ ફિડલ એટલે ગભરાઈને કે આળસમાં આંગળાનું હલનચલન કરવું. યુરોપમાં દસમી સદીમાં ગ્રીસના લીરા નામક વાદ્ય પરથી ફિડલ જન્મેલું. ત્યારની અરબી નૉંધમાં તેને અરબી રબાબ જોડે સરખાવેલું છે. અગિયારમી 'ને બારમી સદીમાં લેખકો લીરા 'ને ફિડલને સમાનાર્થી તરીકે લખતા. અંતે એ ફિડલમાંથી આર્મ વાયોલ 'ને લેગ વાયોલ એમ બે પ્રકારના વાયોલિન યા વાયોલા જન્મેલા.

પોતાના પિતા શત્રુઘ્નનું નામ જે ગ્રંથમાંથી લેવામાં આવેલું એ રામાયણની બેઝિક માહિતી ભણેલી સોનાક્ષી સિંહા ના જાણતી હોય તો આમ ભારતીયને આશ્ચર્ય થાય તેમાં આઘાત પામવા જેવું કશું નથી, પરંતુ તમે કોઈ ગુજરાતીને વાયોલિન એટલે શું એ ખબર ના હોય તો તેના પર હસી ના શકો. હસવું હોય તો ગળું દુઃખે એટલું હસાય, પણ હસવું ના જોઈએ એમ. ૧૯૭૨માં આવેલી ફિલ્મ શોરના ગીતમાં આપણે વાયોલિન માણેલું છે. લક્ષ્મીકાન્ત 'ને પ્યારેલાલની વાયોલિનની કમાલ કર્ઝના દર્દે દિલ ગીતમાં પણ માણવા મળે છે. આર.ડી. બર્મન બાર વર્ષના હતા ત્યારથી ફિલ્મમાં વાયોલિન વગાડતા, એવું કહેવાય છે. સાગર મૂવીમાં મોજ કરાવેલી. લાલ પથ્થરનું, જીવન કે હર મોડ પે. એ પછી તો હમ દિલ દે ચુકે સનમ, મહોબતે, સૂર, જિંદગી ના મિલેગી દુબારા, બાજીગર, યુવરાજ, રાઝ. એમ તો ૭૭નું સોન્ગ માય નેમ ઈઝ એન્થની કેમ ભૂલાય? બાય ધ વે પ્યારેલાલ શર્મા ૧૯૨૭માં જન્મેલા ગોવાના વાયોલિનિસ્ટ એન્થની ગોન્ઝાલ્વિસના વિદ્યાર્થી હતા.

કોણ હતો એ નીરો? ૩૭ની સાલમાં પંદરમી ડિસેમ્બરે જન્મેલ નિઓ ક્લાઉડિયસ સિઝર ઓગસ્ટસ જર્મેનિકસ રોમનો પાંચમો રાજા હતો. એ તેર વર્ષનો હતો ત્યારે રાજા ક્લાઉડિયસે દત્તક લીધેલો. સત્તર વર્ષની ઉંમરે રાજા બન્યો 'ને ૩૧ વર્ષે નીકળી ગયો. પ્રજાના નીચલા વર્ગમાં લોકપ્રિય હતો. આમ રોમન લોકોમાં એટલો બધો લોકપ્રિય હતો કે સુખી 'ને સુરક્ષિત જીવન જીવતા ઈતિહાસકારોમાં એ અપ્રિય હતો. ૬૪ની સાલમાં રોમમાં મહાઆગ લાગી. છ દિવસ સુધી એ આગ ઓલવાઈ ના શકી. અંતે સિત્તેર ટકા જેવું રોમ બળી ગયું. અર્ધા રોમન્સ બેઘર થઈ ગયા. લોકપ્રિય ઉક્તિ મુજબ એ વખતે રાજા નીરો ફિડલ વગાડતો હતો. ફરિયાદીઓનું કહેવું છે કે નીરો ઈતિહાસમાં સૌથી વગોવાયેલા રાજામાંનો એક હતો એ બાબત આ ઘટના સિદ્ધ કરે છે. નીરો પાષાણદિલ હતો તેથી તે ફિડલ વગાડતો હતો. જોકે અમુક ચિંતકો એ શબ્દચિત્ર થકી એવું માને છે કે નીરો ખૂબ બુદ્ધિશાળી હતો 'ને એ જાણતો હતો કે એ આગ ઓલવાય એમ નહોતી એટલે એ કરુણાના સૂર રેલાવતો હતો.

શું એવું ખરેખર થયેલું? ના. ઈતિહાસની વાત ચાલતી હોય તો ના એવું નહોતું થયું. વાર્તાની રીતે વાત લેવી હોય તો ચાલે. પ્રાચીન રોમમાં ફિડલ નામનું કોઈ વાદ્ય હતું જ નહીં. અગિયારમી સદી તો એ પછી વર્ષોનાં વર્ષો ગયા બાદ આવી. નીરોના જમાનામાં રોમમાં સિથરા નામનું વાદ્ય હતું જે ચાર કે સાત તારનું રહેતું. ભારે ભરખમ વાદ્ય. બેશક નીરો જે-તે સમયે સિથરા વગાડતો હતો એવા

નીરો ઇતિહાસમાં સૌથી વગોવાયેલા રાજામાંનો એક હતો. જોકે અમુક ચિંતકો એવું માને છે કે નીરો ખૂબ બુદ્ધિશાળી હતો 'ને એ જાણતો હતો કે એ આગ ઓલવાય એમ નહોતી

પણ કોઈ પુરાવા નથી. રોમન ઈતિહાસકાર ટાસીટ્સ લખી ગયો છે કે રોમ ભડકે બળતું હતું ત્યારે નીરો એ આગના વિનાશને વર્ણવતું ગીત ગાતો હતો. વેલ, એ બાબતના પણ કોઈ પુરાવા નથી. આગ લાગી હતી ત્યારે નીરો પચાસેક કિલોમીટર દૂર હતો. પોતાના રાજ્યમાં આગ લાગે તો પોતાને નુકસાન જાય એટલી સમજ કોઈ પણ રાજાને હોય. નીરોએ પગલાં લીધેલા, પરંતુ આગની ભયાનકતા હેઠળ ઘણા માણસો નીરોએ જ આગ લગાડી છે એમ માનવા લાગેલા. સ્વાભાવિક છે ઘણા રાજ્યની જેમ નીરોના વિરોધીઓ મોટી સંખ્યામાં હતા એટલે એ વાત વધુ ઊંચે ઊઠી.

ઓસ્ટ્રેલિયામાં ભયાનક બુશફાયરની ઘટના ઘટે ત્યારે રોમ, નીરો 'ને ફિડલ યાદ કરનારા કરે છે. અમેરિકાના ભૂતપૂર્વ પ્રેસિડન્ટ ટ્રમ્પે એકવાર પોતાની વાયોલિન વગાડતી તસવીર સોશિયલ મીડિયા પર વહેતી મૂકીને કહેલું કે હવે લોકો કશુંનું કશું કહેશે. બિલકુલ, ઘણાએ રોમ, નીરો 'ને ફિડલ હમણા જ કરેલું. ટ્રમ્પના એ સરખામણી કરતાં ચિત્ર 'ને શિલ્પ બનાવ્યા. સમસ્ત મેટાફોર કે ઉદાહરણ વાપરવામાં વિકૃતિ એ છે કે એવી ઘટના ઘટેલી કે નહીં એ અંગે ઈતિહાસને કોઈ ખાતરી જ નથી. વળી, રોમ 'ને નીરો ઓસ્ટ્રેલિયા 'ને અમેરિકાના લોકોને પોતાના ભૂતકાળના ઈતિહાસના નથી લાગતાં ત્યાં આપણી તો વાત જ શું કરવી? આપણા કરોડો ગુજરાતીઓને તો રોમ 'ને નીરો વિષેની એ ઉક્તિ પાછળનો પાંચ લીટીનો ઈતિહાસ પણ નહીં ખબર હોય. આપણે ત્યાં હજારો રાજા થઈ ગયા. જ્યારે અંગ્રેજો પોતાના રાજ્ય પર ચઢી બેસવા ફોજ લઈને રાજ્યમાં ઘૂસી ચૂક્યા હતા ત્યારે સજ્જન, કવિ 'ને લોકપ્રિય નવાબ વાજીદઅલી શું કરતા હતા?

કાશ્મીરમાં પાકિસ્તાની ઘૂસણખોર ભારતની સીમા કાપી 'ને ભારતીયોને કાયમ માટે નુકસાન કરવા જંગલી બંદૂકબાજી કરતા હતા ત્યારે નહેરુ શું કરતા હતા? જૂની વાતો જવા દેવી હોય તો જવા દો, પણ જૂની વાત હોય તેને જ ઈતિહાસ કહેવાય. ઈતિહાસ

ક્યારેય માફ નથી કરતો એવી ઉક્તિ છે. ઈતિહાસ પોતાને દોહરાવે છે એવી ઉક્તિ પણ છે. અમૃતસર સુવર્ણ મંદિરમાં ઢગલાબંધ હથિયારો સાથે અગણિત આતંકવાદીઓએ ડેરો જમાવ્યો ત્યાં સુધી ઈન્દિરા ગાંધી શું કરતા હતા? તમિલ ટાઇગર્સ કેટલીય કત્લેઆમ કરી ચૂક્યા 'ને લંકાનું લશ્કર કેટલાય તમિલ લોકોને મારી ચૂક્યું ત્યાં સુધી રાજીવ ગાંધી શું કરતા હતા? ક્યારેક કોઈ ઘટના લાંબી ચાલે છે. કેવળ અમુક કલાકોની ઘટના જેવી કે રોમનું ભડકે બળવું જ મહત્ત્વનું નથી હોતું. નક્સલવાદ મોટો થયો ત્યાં સુધી આપણી અગાઉની સરકારોએ શું કર્યું? પશ્ચિમ બંગાળમાં આટલાં વર્ષો પછી આટલી બધી ગરીબી રહી 'ને વધી ત્યાં સુધી સામ્યવાદીઓ 'ને મોમતાએ શું કર્યું? બાંગ્લાદેશી ઘૂસણખોરો બંગાળ, આસામ વગેરે રાજ્યની વિધાનસભા કબજે કરી લેશે ત્યાં સુધી આપણે શું કરીશું?

'શિંડલર્સ લિસ્ટ' ફિલ્મમાં હૃદય હચમચાવી કાઢે એવા દૃશ્યની કરુણતા ઘૂંટવા પડદા પાછળ ઈત્ઝાક પર્લમેને વાયોલિન વગાડેલું એ હકીકત છે. રોમને બાળવામાં નીરોનો હાથ કે પગ હતો એવું સાબિત નથી થયું. રોમને અમુક કે તમુક માણસોએ આગ ચાંપેલી. એ પ્રજા હોઈ શકે છે. નીરો ફિડલ વગાડતો હતો ત્યારે રોમન્સ આગ લગાડતા હતા એવું હોઈ જ શકે છે. સરકાર અમુક કામ કરતી હોય ત્યારે પ્રજા શું કરે છે એ મહત્ત્વનું ના હોય? સરહદ પર આપણા જવાન યુદ્ધ લડતા હોય ત્યારે આપણે શું કરીશું? ભવિષ્યની વાત છોડો, ભૂતકાળ યાદ કરો. કાશ્મીર, પંજાબ 'ને પૂર્વ ભારત 'ને શ્રીલંકામાં જ્યારે ગોળીઓ ધણધણતી હતી ત્યારે આપણે શું, શું 'ને શું કરતા હતા? એ પણ વિચારવું રહ્યું કે એ સાથે શું, શું 'ને શું કરી શક્યા હોત. સરકાર બદલાય છે તેમ વિપક્ષ પણ બદલાય છે ત્યારે આપણને આ પ્રતિપતા યાદ રહેવી જોઈએ. લોકોને સામસામી જૂથના પત્રકારો 'ને લેખક વગેરે કલમકારો વારાફરતી સામસામી રોમ, નીરો 'ને ફિડલ કર્યા કરે ત્યારે આપણે વાહવાહ 'ને થૂ-થૂ સિવાય બીજું ઘણુ કરી શકીએ.

કાશ્મીરના આતંકવાદીઓ 'ને પાકિસ્તાની આઇએસઆઇના ધંધા સામે લડવા જે કોઈ ભારતીય સરકાર બજેટ વાપરશે એ આપણા પૈસામાંથી જ વાપરશે. કાશ્મીરના આતંકવાદી જૂથના નેતાઓને જે સુરક્ષા 'ને બજેટ મળતું હતું એ આપણા ખિસ્સામાંથી જતું હતું. ગોરા પશ્ચિમી ખ્રિસ્તી પત્રકારત્વના ચેલા થવામાં જે લોકો રોમ, નીરો 'ને ફિડલ કર્યા કરતાં હોય છે એમને એવું કરવાના પૈસા મળે છે. કોઈ મફતમાં સેવા નથી કરતું. પોપ્યુલારિટી 'ને પાવર મળે છે. સરકાર પર ગુસ્સો હોય તો કાઢવો જ જોઈએ, પણ એની સર્જનાત્મક રીતો હોય. જેનાથી પ્રજાને લાભ થાય એવો વિરોધ લેખે લાગે. નાગરિકો પાસે મત દ્વારા

નક્સલવાદ મોટો થયો ત્યાં સુધી આપણી અગાઉની સરકારોએ શું કર્યું? પ. બંગાળમાં આટલાં વર્ષો પછી આટલી બધી ગરીબી રહી 'ને વધી ત્યાં સુધી સામ્યવાદીઓ 'ને મોમતાએ શું કર્યું?

સરકાર બદલવાનો હક્ક તો છે જ, પરંતુ એ સિવાય પોતાની દ્રષ્ટિએ યોગ્ય કાર્ય કેવી રીતે થવું જોઈએ એ મુદ્દાઓ વડે સરકારનો કાન આમળી શકાય છે. પશ્ચિમના ઈશારે નાચીને રોમ, નીરો 'ને ફિડલ કરવાથી શું થાય? ભારત દેશ 'ને આપણા સમાજને એવા ત્રાગા કરે લાભ થવાનો હોત તો કેટલોય લાભ થઈ ચૂક્યો હોત.

અંગ્રેજો જ્યારે પોતાના થાણા બાંધવામાં વ્યસ્ત હતા ત્યારે ઔરંગઝેબ મંદિરો તોડવામાંથી ઊંચો નહોતો આવતો. ઔરંગઝેબ પાસે પોતાના દેશ ભારતને પોતાની રીતે ચલાવવાનાં કારણો હતાં. ગાંધીજી પાસે આઝાદીની ચળવળ પોતાની રીતે ચલાવવાનાં કારણો હતાં. કોઈ આજે કહે કે ભગતસિંહ, સુખદેવ 'ને રાજગુરુને ફાંસી અપાતી હતી ત્યારે ગાંધીજી રેંટિયો કાંતતા હતા કે પછી વૈષ્ણવજન તો એને કહીએ જે પીડ પરાઈ જાણે રે ગાતા હતા તો કેવું લાગે? ૨૦૧૯માં કોરોના વાઈરસ પકડાયેલો 'ને અત્યારે ૨૦૨૧ ચાલે છે. ૧૯૪૭માં આઝાદ થયાના પચાસ વરસ પછી પણ કરોડો નિરક્ષર હતાં 'ને કરોડો ભારતીયને ગોરી સંસ્કૃતિ તેમ જ વાતોથી એલર્જી હતી. આપણે ઈતિહાસમાં એવું ભણ્યા છીએ કે મુઘલ 'ને અન્ય ઈસ્લામી વંશ બહારથી ભલે આવ્યા, પણ આપણા કહેવાય. જ્યારે અંગ્રેજો 'ને અન્ય ગોરા પારકા. તોય આપણે રોમ, નીરો 'ને ફિડલ કરીએ તો આપણે વેસ્ટર્ન પપેટ જ કહેવાઈએ. વળી, ગુજરાતી ભાષામાં અંગ્રેજી શબ્દો ના વાપરવા એવી જીદ તો કરવી જ હોય છે.

થોડીક મહેનત કરી વધારે ઊંડાણમાં ઈતિહાસ વાંચી શકાય. પૂર્વગ્રંથિ વગર. નીરો ખરાબ હતો એવું કહેવામાં કોને લાભ એ સમજવું પડે. ખ્રિસ્તી ધર્મ પ્રત્યે નીરોને નકારાત્મક લાગણી હતી કે નહીં એ આપણો પ્રશ્ન ના હોય તો આપણે રોમ, નીરો 'ને ફિડલ ના કરવું જોઈએ. અત્રે રોમ, નીરો 'ને ફિડલ ઉદાહરણ છે. નેશનાલિઝમ 'ને પેટ્રિઅટિઝમ વચ્ચેનો ભેદ ના ખબર હોય તેવા કલમકારોની સેન્સ પર ભરોસો ના કરાય. દિલ્હી 'ને ગાંધીનગરમાં અપુનવાલેની સત્તા આવે તો જીવનમાં મોજ પડે એવા ઘણા છે. પોતાના લાગતાંવળગતા સત્તામાં આવે તો ઘણાને સામાન્ય ઈનામ 'ને શાલ મળે એવો આત્મવિશ્વાસ હોય છે. ઘણાને સેટિંગ કરીને પ્રમોશન 'ને પગાર વધારો થશે એની રાહ હોય છે. પોતાના નેતાઓનું રાજ ના હોવાથી ઘણાની આર્થિક સ્થિતિ ડામાડોળ થઈ છે એ દુઃખની વાત છે, કેમ કે એ આપણા ભારતીય જ છે, પરંતુ એવા ભારતીય દેશ સાથે પોતાનામાં પરિવર્તન લાવે તો એ દુઃખ દૂર થઈ જ શકે. એવા પાંચ કે પાંચસોને કારણે સરકાર ના બદલાય. સરકાર બદલવા ઈતિહાસ ઘણા અલગ 'ને મોટા કારણ માગે છે.

બુઝારો

આપણને બંનેને જે કશું પણ સ્પર્શે છે તે આપણે બે અલગ તાર સમાન હોવા છતાં વાયોલિનના ગજની જેમ આપણને એક સાથે એક ગણી આપણા બંનેમાંથી એક સાથે એક જ સ્વર પેદા કરે છે.

- રિલ્કે

અંગ્રેજો થાણા બાંધવામાં વ્યસ્ત હતા ત્યારે ઔરંગઝેબ મંદિરો તોડવામાંથી ઊંચો નહોતો આવતો. નેશનાલિઝમ 'ને પેટ્રિઅટિઝમ વચ્ચેનો ભેદ ના ખબર હોય તેવાની સેન્સ પર ભરોસો ના કરાય

ગ્રેટ રિસેટ અને ચોથી ઔદ્યોગિક ક્રાંતિ

ભગવાન શિવ સંહારના અને સર્જનના દેવ માનવામાં આવ્યા છે. સૃષ્ટિનો નિયત કરાયેલો ક્રમ પૂર્ણ થાય એટલે શિવજી આ સમષ્ટિનો અંત આણી એનું પુનઃસર્જન કરે. એ અર્થમાં એમને 'ગ્રેટ રિસેટ'ના ઈશ્વર ગણી શકાય. વિજ્ઞાનમાં પણ એક મત એવો પ્રવર્તે છે કે બ્રહ્માંડનું બિગ બેન્ગ વડે સર્જન થયા પછી, એક પોઈન્ટ એવો આવશે કે આખી સિસ્ટમ બિગ ક્રન્ચ વડે ફરી એક બિન્દુમાં સમાઈ જશે અને ત્યાર બાદ સર્જનહાર રિસેટનું બટન દબાવી બિગ બેન્ગ વડે ફરી બ્રહ્માંડને જન્મ આપશે. ખેર, બ્રહ્માંડના રિસેટની વાત તો ઘણી એટલે ઘણી દૂરની થઈ ગઈ. એટલે હાલ આપણે જેમાં હયાત છીએ એ વિશ્વ વ્યવસ્થાના સંદર્ભમાં આ રિસેટના મુદ્દા પર વિચારીએ.

કોઈ ઉપકરણ ખોટકાઈ જાય ત્યારે એને દુરસ્ત કરવા બંધ કરીને ફરી ચાલુ કરવાની યુક્તિ ભારતીયો અને બિનભારતીયો પણ મુક્ત રીતે વાપરે છે. બગડેલી સિસ્ટમને રિસેટ કરવાથી એમાં રહેલી અસ્થાયી ત્રુટીઓ આપમેળે દૂર થઈ જાય એવી આપણી ઈચ્છા હોય. ઘણીવાર એ યુક્તિ કામ પણ કરી જાય. કોરોનાની મહામારીએ આપણી વિશ્વ વ્યવસ્થામાં રહેલી ભયંકર ત્રુટીઓને અનાવૃત કરી છે. એના પ્રત્યાઘાતોથી હચમચી ગયેલી આપણી સમાજ, રાષ્ટ્ર અને અર્થવ્યવસ્થાઓ હજુ પણ બેઠી થઈ શકી નથી. ત્યારે અંગત, જાહેર, ખાનગી, તમામ ક્ષેત્રોમાં એક ગ્રેટ રિસેટની જરૂર હોય એવું જણાય છે.

આ મહામારીએ આપણને લાલબત્તી ચીંધી છે કે આપણે આપણુ જીવન અને સંસાર જે પ્રકારે ચલાવી રહ્યા છીએ એમાં ફેરફાર કરીએ. ખાસ તો પર્યાવરણને હાનિ કરતી આપણી લાઈફસ્ટાઈલ બદલીએ. જગતભરમાં લાગુ પડેલાં લોકડાઉન દરમિયાન સૌએ જોયું-જાણ્યું કે રોજબરોજની આપણી ઘણી પ્રવૃત્તિઓ મંદ પડવાને કારણે પર્યાવરણમાં વ્યાપ્ત પ્રદૂષણ કેટલી હદે ઘટી ગયેલું. જોકે, મનુષ્ય કાયમ લોકડાઉન પ્રકારની લાઈફસ્ટાઈલમાં ન જીવી શકે. એ સમાજ અને રાષ્ટ્રના આર્થિક વિકાસ માટે હાનિકારક છે. માટે આપણા જીવનની નાની-મોટી દરેક સિસ્ટમ એ રીતે રિસેટ કરવાની જરૂર છે, જેથી અર્થોપાર્જનની પ્રવૃત્તિઓ અને ધંધારોજગાર સુચારુ રીતે ચાલતા રહે, સાથે શક્ય હોય એટલી ઓછી કાર્બન ફૂટપ્રિન્ટ જનરેટ થાય અને કુદરતી સંસાધનોનો પણ વિવેકપૂર્વક ઉપયોગ થાય. આપણી ઊર્જાની ભૂખ સંતોષતાં ક્ષેત્રો ધરખમ રિસેટ માગી લે છે. આવાગમનની ટેવોમાં પણ બદલાવ ઈચ્છનીય છે.

વલ્ડ ઈકોનોમિક ફોરમની જૂન ૨૦૨૦માં મળેલી બેઠકનો મુખ્ય વિષય જ આ હતોઃ 'ગ્રેટ રિસેટ'. કોરોના મહામારી પછી સમાજ અને અર્થતંત્રનું ટકાઉ રીતે પુનર્નિર્માણ કરવાના મુખ્ય ધ્યેય સાથે વગદાર ઉદ્યોગપતિઓ અને નેતાઓ ત્યાં એકઠા થયેલા. અલબત્ત, આપણી વિશ્વવ્યવસ્થાને રિસેટની જરૂર છે એ વિચાર કંઈ પહેલીવાર આ બેઠકમાં વ્યક્ત થયો હતો એવું પણ નથી.

પહેલી ઔદ્યોગિક ક્રાંતિ ૧૭૬૦ના દશકામાં શરૂ થઈ, જેમાં વરાળથી ચાલતાં યંત્રો અને કાપડવણાટના ઉદ્યોગો કેન્દ્રમાં રહેલાં. બીજી ક્રાંતિ ૧૮૭૦ના દશકા બાદ ચાલી, જેમાં ઉત્પાદન કરતાં કારખાનાઓમાં કાર્યક્ષમ મશીનો ગોઠવાઈ ગયાં, ઈલેક્ટ્રિસિટીએ ઊર્જા ક્ષેત્રમાં આમૂલ પરિવર્તન આણ્યું. રેલવે જેવી સુવિધાએ લોકો વચ્ચેનું અંતર ઘટાડી દીધું અને ટેલિગ્રાફ તથા ટેલિફોને માહિતીનું આદાનપ્રદાન ઝડપી બનાવ્યું. બીજા વિશ્વયુદ્ધ પછી, ત્રીજા ક્રમે ડિજિટલ ક્રાંતિ આવી, જેણે આપણને માહિતીના, કોમ્પ્યુટરના અને ઈન્ટરનેટના યુગમાં પહોંચાડી દીધા. હવે સમય છે ચોથી ક્રાંતિનો. હાલનું વૈશ્વિક અર્થતંત્ર આ ચોથી ઔદ્યોગિક ક્રાંતિમાંથી પસાર થઈ રહ્યું છે, જેમાં માણસનું સ્થાન સંપૂર્ણપણે ડિજિટલ ટેક્નોલોજી અને ઈન્ટરનેટ લઈ રહ્યા છે. આ ઔદ્યોગિક ક્રાંતિનું અન્ય એક પરિણામ એ આવશે કે માણસના જૈવિક કે શારીરિક અને ડિજિટલ કાર્યક્ષેત્રો વચ્ચેની ભેદરેખા મટી જશે. આપણે હાલ વપરાશમાં લઈએ છીએ એ ડિજિટલ ટેક્નોલોજી આવનારા સમયમાં આપણી જૈવિક વ્યવસ્થાનો જ એક હિસ્સો બની જશે. એ આપણા દેહથી અલગ નહીં હોય. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્ટની મદદ લઈને સ્માર્ટ પ્રોગ્રામ દ્વારા ચાલતાં ઉપકરણો એકબીજા સાથે એના માલિકના હસ્તક્ષેપ વગર સંવાદ કરીને

અમુક પ્રકારનાં કામો જાતે નીપટાવી લેશે. માણસનો નાની-મોટી બાબતો પાછળનો શ્રમ ઘટી જશે અને એ જીવન જીવવા પર વધારે ધ્યાન આપશે. દેખીતી વાત છે કે આવું ભવિષ્ય કલ્પનામાં જેટલું સુંદર લાગે છે એટલું જ ભયાનક પણ હશે.

આવા સમયમાં, કોન્સિરસી થિયરિસ્ટો 'ગ્રેટ રિસેટ'ને વિશ્વના ઓલિગાર્ક એટલે કે રાષ્ટ્રની નીતિઓ પર પ્રભુત્વ ધરાવતા માલેતુજાર લોકોનું વિશ્વની સત્તા અને સંપત્તિ પર નિયંત્રણ કરવા માટે ષડ્યંત્ર ઘડવાનું મંચ પણ ગણાવે છે. જર્મન અર્થશાસ્ત્રી અને એન્જિનિયર ક્લાઉસ સ્વેબ આ વર્લ્ડ ઇકોનોમિક ફોરમનો સ્થાપક અને ચેરમેન છે. તે ઉપર વાત કરી એવા ભવિષ્યની આગાહી કરે છે, જેમાં કોમ્પ્યુટર, ઇત્યાદિ ડિજિટલ ઉપકરણો માણસના શરીરમાં જ બેસાડી દેવામાં આવશે. સ્પષ્ટ વાત છે કે એના દ્વારા માણસને નિયંત્રણમાં રાખવાનું કામ સરળ થઈ જાય. એટલે જ ક્લાઉસેચોથી ઔદ્યોગિક ક્રાંતિ દરમિયાન શક્તિશાળી થઈ રહેલી ટેક્નોલોજીને વિધ્વંસક ગણાવી એની સામે ચેતવણી આપતું પુસ્તક પણ લખ્યું છે. આવી વિવિધ ટેક્નોલોજી મનુષ્ય અને સમાજ પર હાવી થઈ જાય એ પહેલાં જ એના માટેના માર્ગદર્શક સિદ્ધાંતો ઘડવાનું ક્લાઉસ વિશ્વની જનતા અને સંગઠનોને આહ્વાન આપે છે. વિશ્વને ગ્રેટ રિસેટની જરૂર એટલા માટે છે કે આપણા જૂના માર્ગદર્શક સિદ્ધાંતો અને નીતિઓ સતત વિકસીને પ્રભાવી થઈ રહેલી ટેક્નોલોજી માટે બંધબેસતા નથી.

ઘણા નાનામોટા ઉદ્યોગો 'ઇન્ડસ્ટ્રી ૪.૦ ટેક્નોલોજી' અપનાવી રહ્યા છે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્ટ, બિગ ડેટા, ક્લાઉડ સ્ટોરેજ/કોમ્પ્યુટિંગ, ફાઇવ-જી નેટવર્ક, ઓટોમેશન, ડ્રોન ડિલિવરી, ઇત્યાદિ ક્ષેત્રોમાં થઈ રહેલી નોંધપાત્ર પ્રગતિને કારણે ખાનગી કંપનીઓ જરૂર જણાય ત્યાં જૂની પ્રણાલીને નવી પ્રણાલી વડે રિપ્લેસ કરી રહી છે. આનાથી રોજગાર ઘટવાનું જોખમ તો છે જ. પણ સામા પક્ષે, આ ક્ષેત્રોનું જ્ઞાન અર્જિત કરનારી નવી પેઢી માટે



રોજગારની તકો ખૂલે છે. અલબત્ત, કામ ગુમાવનારા અને કામ મેળવનારા લોકોના આંકડાઓ વચ્ચેનો ગેપ મોટો જ હશે.

આ ચોથી ઔદ્યોગિક ક્રાંતિ હાલ પ્રારંભિક તબક્કામાં છે, પરંતુ ચરમ પર પહોંચવાની એની ગતિ અગાઉની ઔદ્યોગિક ક્રાંતિ કરતાં ઝડપી રહેશે. એના મુખ્ય કારણ કમ્યુનિકેશનની ઝડપ અને અબજો લોકો વચ્ચે પળવારમાં સ્થપાઈ શકતો ડિજિટલ સંબંધ છે. વિશ્વના ભિન્ન ભિન્ન સમુદાયના લોકો અમુક બાબતોમાં ધીમે ધીમે એક જ પ્રકારની વિચારધારા તરફ ઢળી રહ્યા છે. જેમ કે નાગરિક હકો, પ્રાઇવસી અને અંગત ડિજિટલ ડેટાની સુરક્ષા. સરકારો આપણી માલિક નથી પણ ચાકર છે અને દેશની સંપત્તિ અને સંસાધનો પર દેશના લોકોનો હક છે, નહીં કે ખાનગી કંપનીઓનો, વગેરે પ્રકારની સમજણ પણ વ્યાપક રીતે પ્રસરી રહી છે. ટૂંકમાં, સામાન્યમાં સામાન્ય માનવીનું જીવનસ્તર સુધરવું જોઈએ અને પાયાની જરૂરિયાતો માટે ભોગવવી પડતી હાડમારીનો અંત આવવો જોઈએ એ વાત બહોળો જનસમુદાય મક્કમ રીતે વ્યક્ત કરતો થયો છે.

વિશ્વની વિચ્છિન્ન સમાજ વ્યવસ્થાઓ અને અલગ-અલગ રાષ્ટ્રો વચ્ચે કોહીઝન અર્થાત્ સુમેળની વૃત્તિ સ્થપાય અને વિશ્વના તમામ નાગરિકોને સમાન હક, સમાન તક અને સમાન મહત્ત્વ મળે એવા શુભ આશય વ્યક્ત કરતા તજજ્ઞો ગ્રેટ રિસેટના હિમાયતીઓ છે. સમાજ અને રાષ્ટ્રો જે જટિલ સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે, એનો ઉકેલ ખાનગી કંપનીઓ અને સરકારો વચ્ચે અસરકારક સંવાદથી મળશે એવું સૂચન કરતા ક્લાઉસ સ્વેબ જેવા લોકો ઘણી મહત્ત્વની સત્તાઓ આંચકીને લઈ લેવાની ખરાબ દાનત ધરાવે છે, એવી કાઉન્ટર દલીલ પણ નાગરિકોના હકો માટે ચિંતિત લોકોએ કરી છે. એમાં તથ્ય પણ રહેલું છે, કારણ કે ગ્લોબલ માર્કેટ સર કરી ચૂકેલા ધનપતિઓ 'ને કંપનીઓને પોતાનું પ્રભુત્વ હજુ વધારવા કે જાળવી રાખવામાં રાષ્ટ્રોના સીમાડા કાયમ પજવતા હોય છે. જો વિશ્વની તમામ સત્તાઓ ગ્લોબલ ગવર્મેન્ટ પ્રકારની કોઈ એક જ વ્યવસ્થાના છત્ર નીચે આવી જાય, તો એમનું કામ સરળ થઈ જાય.

ગ્લોબલ ગવર્મેન્ટનો વિચાર લોકપ્રિય થયો હતો વિજ્ઞાનકથાઓ માટે જાણીતા લેખક એચ.જી. વેલ્સના 'ધી ન્યૂ વર્લ્ડ ઓર્ડર' પુસ્તક દ્વારા. બીજા વિશ્વયુદ્ધમાં થયેલી તારાજીથી ચિંતિત વેલ્સે એક 'વિશ્વ સરકાર'ની જરૂરિયાત પર ભાર દીધેલો. ત્યારના રાષ્ટ્રો વચ્ચે સુમેળના અભાવને કારણે સેંકડો લોકોએ જીવ ખોયા અને સેંકડોએ ઘરબાર, વતન અને સ્વજનો ગુમાવ્યા. એચ.જી. વેલ્સે એ પુસ્તકમાં એક 'કોમન કન્ટ્રોલ'નો વિચાર વ્યક્ત કરેલો, જે વિશ્વના નાગરિકોના હકો માટે તથા લોકશાહીની જાળવણી માટે પ્રતિબદ્ધ હોય. અલબત્ત, ઉદ્દેશ ગમે એટલો સારો હોય, પરંતુ આવી સંસ્થાઓ સ્થપાઈને કાર્યરત થાય એ પછી એમની સત્તા અને સંસાધનનો વગદાર લોકો ગેરફાયદો અવશ્ય ઉઠાવી લે છે. આવું ન થાય અને રાષ્ટ્રોનું હિત સચવાય એ માટે આવનારા સમયમાં નાગરિકોએ જાગૃત થવું પડશે. ફક્ત પોતાના રાષ્ટ્ર જ નહીં, પણ વિશ્વના રાજકારણ અને અર્થકારણથી અમુક અંશે માહિતગાર થવું પડશે.

કૉફી-સ્ક્રિપ્ટ :

સંસ્કૃતિ એટલે કે વિનાશકારક આપત્તિ અને શિક્ષણ વચ્ચેની દોડ. ચાલો આપણે સત્યને સમજીએ અને શક્ય એટલું દૂર સુધી એનો પ્રચાર કરીએ, કારણ કે સત્ય આપણી પાસે રહેલું સૌથી મહાન હથિયાર છે.

- એચ.જી. વેલ્સ. ■

ચોથી ઔદ્યોગિક ક્રાંતિ હાલ પ્રારંભિક તબક્કામાં છે, પરંતુ ચરમ પર પહોંચવાની એની ગતિ અગાઉની ઔદ્યોગિક ક્રાંતિ કરતાં ઝડપી રહેશે

ઉતાવળે આંબા ન પાકે... આંબો ખાવો તો મીઠો!

પશ્ચિમ બંગાળનો આંબો એટલે કેરી, પહેલીવાર આરબ દેશ બહેરિનમાં આમ ઉત્સવમાં મહેક્યો છે. આઠ દિવસીય ઉત્સવમાં ભૌગોલિક ઓળખ સાથે પશ્ચિમ બંગાળની કેરીની સોળ પ્રજાતિઓની ચાર હજાર કિલો બહેરીન પહોંચી છે. જેમાં માલદાની લક્ષ્મણભોગ, ફજલી, ક્ષીરસાપતી, આમ્રપાલી અને લંગડા. નદિયાની ચાટરજી, કાલાપહાડ, હિમસાગર, ગુલાબખાસ, રાનીપ્રસાદ, ચંપા, ભવાની અને ધુવાની. બહેરિનમાં પોસ્ટરો અને બેનરોમાં રસમધુર ગુલાબખાસ અને હિમસાગર આકર્ષણ બન્યાં છે.

વિશ્વમાં કેરી ઉત્પાદનનો ૪૦% ભાગ ભારતમાં થાય છે. ભારતીય કૃષિ અનુસંધાન સંસ્થાના સહયોગે કેરી ઉત્પાદકોને આવક વૃદ્ધિનો નવો માર્ગ મળ્યો છે. કેરી રાષ્ટ્રીય ફળ છે. ફળોમાં રાજાનું માન છે.

આંબાનું ઝાડ ઉગાડવું અને મીઠો આંબો ખાવો એ વચ્ચે બહુ લાંબું અંતર હોય છે. પેઢીઓ બદલાઈ જાય છે. આંબાનાં પાનના તોરણિયાથી આમ્રફળ મેળવવા સુધી ધીરજની કસોટીમાંથી પસાર થવું પડે છે, કાળજી લેવી પડે છે. હિમસાગર કેરી માટે કહેવાય છે કે તે આપમેળે ઝાડ પરથી ખરે તેનો મધુર સ્વાદ અદ્‌ભુત હોય છે. ઋતુમાં ઉત્પાદન સારું હોય તો સર્વત્ર કેરી જ કેરી દેખાય. અત્યારની સ્થિતિમાં આમ ઉત્સવ વરદાન ગણાય. મોસમનાં ફળોનો ખરો સ્વાદ સીમિત સમય માટે હોય છે. પશ્ચિમ બંગાળમાં મે મહિનામાં કેરી આવી જે ઓગસ્ટના આરંભ સુધી દેખાશે.

ભૌગોલિક ઓળખ સાથે શાંતિ નિકેતનમાં બનતી ચામડાની કલાત્મક વસ્તુઓ, પુરુલિયાના છાઉ મુખોટા, હસ્તશિલ્પ, કલાકૃતિઓ, હાથવણાટનાં વસ્ત્રો, ધનિયાખાલી અને બાલુચરી સાડીઓ, દાર્જિલિંગની ચા, ગોવિંદભોગ ચોખા, સીતાભોગ અને રસગુલ્લા સહિત અનેક ખાદ્ય પદાર્થો છે, તેમને વિકસિત થવાની તક દાયકાથી મળી નથી. તેની પાછળ રહસ્ય નથી, તકવાદ અને રાજકારણ છે.

૧૯૫૨માં પહેલી વિધાનસભાની ચૂંટણી થઈ ત્યારે કોંગ્રેસ સામે કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઇન્ડિયાએ ગ્રામીણ ખેત મજૂરો અને શ્રમિકોના ટેકે ૧૦.૭૦% મતો મેળવી ૨૮ બેઠકો જીતી, સમાજ વ્યવસ્થા બદલવાની આશા દેખાડી ૧૯૬૨ સુધી ૨૪.૯૬% મતો મેળવી ૫૦ બેઠકો જીતી, પણ તે પછી પક્ષમાં ફાંટા પડ્યા. ભંગાણ પછી માર્કસવાદી જૂથે અલગ પક્ષ સીપીએમ બનાવ્યો. મૂળ સીપીઆઈ સરખામણીમાં નબળી પડતી ગઈ. ૧૯૭૭માં બધા ડાબેરીઓ ભેગા થયા. ચૂંટણી માટે સમજૂતી કરી મોરચો બનાવ્યો, જેમાં સીપીએમે મોટા પક્ષ તરીકે પોતાની તાકાત વધારે દેખાડી. ધીમે ધીમે તેમણે તમામ વ્યવસ્થા પક્ષના કાર્યાલયથી ચલાવી. લોકો ગામડાંથી શહેર તરફ વળ્યા. તેમાં સ્થિતિ કથળી. સમાન અધિકારની કોરી કલ્પના ટકી નહીં અને અંતે સત્તા ગુમાવી. અહીં ફરક એટલો આવ્યો કે રંગ બદલ્યો પણ તેવી જ રીતભાત ચાલતી રહી. લોકોની અપેક્ષા સમય સાથે બદલાય છે. લોકો વર્તમાન સંજોગોની પ્રતિકૂળતા અનુભવી રહ્યા છે, પણ વ્યક્ત કરતાં અચકાય છે. સંજોગો સામાન્ય થશે, આફતના વાદળા વિખેરાઈ જશે એટલે જરૂરતો પણ વધશે ત્યારે અસંતોષ દબાવી શકાશે નહીં.

જે હકીકત બળપૂર્વક દબાવવામાં આવે તે બમણા જોરે પ્રતિવાદ કરે, પ્રતિશોધ પણ લેવા પ્રયત્ન કરે તે સહજ પ્રક્રિયા છે.

ચૂંટણી સુધી વાદ-વિવાદની ઋતુ ચાલે, પરિણામો પછી તે હિંસક અથડામણ બની જાય એવું ફરી બન્યું. તેના પ્રત્યાઘાત આકરા બનશે. થોડી ગડમથલ કરીને આંબા અને આંબલી વચ્ચેનો ફરક મીટાવી શકાતો નથી.

કેરીની છાલથી ગોટલો વધુ ઉપયોગી છે, પણ તે ઉતાવળે મળે તેમ નથી. દાયકાઓ સુધી વિપક્ષમાં બેસી મુદ્દાઓ ગોખવા પડે છે ત્યારે આંબાના ઝાડ પર કેરી પાકે, મધુરતા આવે, મનભાવતી ચીજ મેળવવા માટે વિકલ્પ નહીં, સંકલ્પ જોઈએ..! ■

■ સુચિતા બોઘાણી કનર

કચ્છનું ધોળાવીરા બન્યું વર્લ્ડ હેરિટેજ

કચ્છના મોટા રણમાં ભચાઉ તાલુકાના ખડીર બેટમાં આવેલા ધોળાવીરા નામના નાનકડા ગામ પાસે કોટડા ટીંબા નામનો એક વેરાન ટેકરો છે. ત્યાં માલધારીઓ અને સ્થાનિકોને ઠીકરાં, શંખનાં તૂટેલાં આભૂષણો અને તૂટેલાં વાસણો મળતાં હતાં. તેના પર પુરાતત્ત્વ ખાતાનું ધ્યાન જતાં આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઇન્ડિયા દ્વારા સંશોધન શરૂ કરાયું હતું અને હવે ટૂંક સમયમાં ધોળાવીરાને યુનેસ્કો દ્વારા વર્લ્ડ હેરિટેજ સાઇટની માન્યતા પ્રાપ્ત થઈ રહી હોવાની ચર્ચા છે.

suchita@sambhaav.com

જ્યારથી કચ્છનું નામ પ્રવાસનના નકશામાં મોટા અક્ષરે જોવા મળવા લાગ્યું છે ત્યારથી જ સફેદ રણની સાથે સાથે ધોળાવીરાને પણ સામાન્ય લોકો ઓળખતા થયા છે. એક વેરાન ટેકરા નીચે ધરબાયેલું આ નગર સામાન્ય લોકોની નજરે કદાચ પથ્થરના ઢગલા જેવું જ હશે, પરંતુ પુરાતત્ત્વના નિષ્ણાતો આ જગ્યાને માનવ ઇતિહાસ સમજવા માટેનું એક મોટું પગથિયું સમજે છે. આશરે પાંચ હજાર વર્ષ પૂર્વે સિંધુ- સરસ્વતી નદીની આસપાસના વિસ્તારમાં વસતી પ્રજા આજના ઇજનેરોને પણ આશ્ચર્યમાં મુકી દે તેવું કૌશલ્ય ધરાવતી હતી. દરિયાખેડુ એવા આ લોકો પશ્ચિમ એશિયાના દૂર દૂરના વિસ્તારો સાથે વેપાર કરતા હતા. તેમનું નગર નિયોજન પણ આજના આધુનિક શહેરોને ટક્કર મારે તેવું હતું. ધોળાવીરા હડપ્પન સંસ્કૃતિના મહત્ત્વનાં અને મોટાં પાંચ શહેરો પૈકીનું એક હતું. આથી જ પુરાતત્ત્વવિદો માટે ધોળાવીરાનું ખૂબ મહત્ત્વ છે. યુનેસ્કોએ જ્યારે આ શહેરને વર્લ્ડ હેરિટેજ સાઇટ જાહેર કરવાનું નક્કી કર્યું છે ત્યારે કચ્છના પ્રવાસનના નકશામાં વધુ એક આકર્ષણનો ઉમેરો થવાનો છે. સાથે સાથે માનવ સંસ્કૃતિનો ઇતિહાસ સાચવી બેઠેલી આ સાઇટની જાળવણી પણ વધુ યોગ્ય રીતે થવાની શક્યતા પણ જાણકારો જોઈ રહ્યા છે.

કચ્છના મોટા રણમાં ભચાઉ તાલુકાના ખડીર બેટમાં આવેલા ધોળાવીરા નામના નાનકડા ગામ પાસે કોટડા ટીંબા નામનો એક વેરાન ટેકરો છે. ગામના લોકો અહીં ઢોર ચરાવવા જતા. ત્યાં માલધારીઓ અને સ્થાનિકોને ઠીકરાં, શંખનાં તૂટેલાં આભૂષણો અને તૂટેલાં વાસણો મળતાં હતાં. તેના પર પુરાતત્ત્વ ખાતાનું ધ્યાન જતાં આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઇન્ડિયા દ્વારા સંશોધન શરૂ કરાયું હતું. પદ્મશ્રી ડો. આર.એસ. બિષ્ટે સળંગ ૨૫ વર્ષ જેટલો સમય ધોળાવીરાનું ઉત્ખનન અને સંશોધન કર્યું છે. યુનેસ્કોએ તેમને આ સાઇટને વર્લ્ડ હેરિટેજ સાઇટ તરીકે માન્યતા આપી હોવાનું આગોતરા જણાવ્યું છે. કેન્દ્ર અને રાજ્ય સરકારને ટૂંક સમયમાં જ સત્તાવાર રીતે જણાવવામાં આવશે, તેવું જાણવા મળે છે.

ધોળાવીરાને વર્લ્ડ હેરિટેજ સાઇટ તરીકે જાહેર કરવાની વાત અને આ સાઇટ વિશે ડો. બિષ્ટ સાથે વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે, 'ધોળાવીરા એ હડપ્પન કે સિંધુ સંસ્કૃતિનું મહત્ત્વનું શહેર હતું. ધોળાવીરામાંથી



જે અવશેષો મળ્યા છે તે તેને વિશિષ્ટ સાબિત કરે છે. આ સાઇટને વર્લ્ડ હેરિટેજનો દરજ્જો મળ્યો છે. હવે અહીં વધુ ઉત્ખનન ન કરાય તો કંઈ નહીં, પરંતુ જે ખોદકામ કરાયેલું છે, તેની સારસંભાળ લેવાય, આ જગ્યા ભવિષ્યમાં નષ્ટ ન થાય તે માટે પગલાં લેવાય, અહીં આવનારા પ્રવાસીઓ, અભ્યાસુઓને આ સાઇટ વિશે તમામ વિગતો યોગ્ય રીતે જાણવા મળે તે રીતે તેનો વિકાસ કરાય તે ઇચ્છનીય છે.'

ધોળાવીરા અંગે બોલતા તેઓએ જણાવ્યું હતું કે, 'ધોળાવીરા હડપ્પન સંસ્કૃતિનું વિશ્વનું મોહેં જો દડો પછીનું બીજું મહત્ત્વનું સ્થાન છે. આ શહેર વિશાળ, સમૃદ્ધ અને શક્તિશાળી હતું. અહીં હજારો વર્ષ પછી પણ ઘણુ બધું સચવાયેલું પડ્યું છે. હડપ્પન કે સિંધુ સંસ્કૃતિ અને તે સમયની વિશ્વની અન્ય સંસ્કૃતિઓ ખાસ કરીને મેસોપોટેમિયાની સંસ્કૃતિ વચ્ચે સઘન વ્યાવસાયિક સંબંધો હતા. દરિયા આધારે જીવનારા અહીંના લોકો વિશ્વમાં ખૂબ પ્રવાસ કરતા હતા. દક્ષિણ ગુજરાત, સિંધ, પંજાબ ઉપરાંત પશ્ચિમ એશિયા, રોમ, મેસોપોટેમિયા, બહેરિન, યુ.એ.ઈ. વગેરે સાથે તેમના વેપારી સંબંધો હતા. આ શહેર પહેલી વખત અંદાજે ઈ.સ. પૂર્વ ૨૬૫૦માં વસ્યું હોવાના પુરાવા મળ્યા

ધોળાવીરામાં પાણીના સંગ્રહ માટે વધુથી વધુ જળાશયો હોવાના પુરાવા મળ્યા છે

છે. એક પર એક એમ સાત સ્તર અહીં અલગ-અલગ સમયે સાત વખત વસવાટ થયો હતો. લગભગ ઈ.સ. પૂર્વે ૧૪૫૦ સુધી આ શહેર ધમધમતું હોવાનું મનાય છે. મનસર અને મનહર નામની બે નાની નદીઓની વચ્ચે તે વસ્યું હતું.'

તેઓ શહેરની રચના વિશે જણાવે છે કે, 'આ શહેર ત્રણ ભાગમાં વહેંચાયેલું હતું. દરબાર ગઢ કે રાજગઢ (સીટાડેલ), મધ્ય શહેર અને નીચલું શહેર. દરબારગઢમાં પણ રાજવી કે શાસકોને રહેવાનો એક ભાગ અને તેના નોકરો માટેનો બીજો ભાગ બેલી પાર્ટ એમ બે ભાગ હતા. મધ્ય શહેરમાં અમલદારો અને નીચલા શહેરમાં સામાન્ય લોકો વસતા હોવાનું અનુમાન છે. અહીંનું મોટા ભાગનું બાંધકામ પથ્થરોથી થયેલું જોવા મળે છે. જ્યારે હડપ્પન સંસ્કૃતિના અન્ય કેન્દ્રોમાં પાકી ઈંટોના બાંધકામ વધુ મળી આવે છે. ધોળાવીરામાં ચૂનાના પથ્થરોની બે ખાણો પણ મળી આવી છે. આખા શહેરનું આયોજન

૩ મીટર લાંબા લાકડાં પર સફેદ જીપ્સમથી લખાયેલાં ૧૦ ચિહ્ન મળી આવ્યાં છે

અને અલગ-અલગ બાંધકામ ભૂમિતિ અને ત્રિકોણમિતિનો આધાર લઈને કરાયું હોવાનું અનુમાન પણ સહજ રીતે કરી શકાય છે. શહેરના નિર્માણમાં પ:૪ના ગુણોત્તર-બાંધકામના પ્રમાણનો ઉપયોગ થયો હતો. તે જ ગુણોત્તરમાં મહાભારતકાલીન બાંધકામો થયા હોવાના અવશેષો મળી આવ્યા છે. હડપ્પન સંસ્કૃતિ મહાભારત કરતાં ત્રણેક હજાર વર્ષ પહેલાંની મનાય છે, ત્યારે ત્રણ હજાર વર્ષ પછી પણ હડપ્પન પ્રકારનાં બાંધકામો મહાભારતના સમયમાં મળી આવવા એ પણ એક આશ્ચર્યની બીના ગણી શકાય. અહીં ત્રણ અલગ અલગ ડિઝાઇનમાં બનાવાયેલા મોટા દરવાજાના અવશેષો પણ મળે છે. આમ તો આખા શહેરનું એક પ્લેટફોર્મ- ચોતરા પર નિર્માણ થયું હતું. દરવાજા ખૂબ જાડા, ઊંચા હતા. રસ્તાઓ કાટખૂણામાં એકબીજાને મળે તે રીતે બનાવાયેલા હતા. રસ્તાની બંને બાજુએ વ્યવસ્થિત રીતે ઘરો પણ બનાવાયા હતા. સામાન્ય રીતે હડપ્પન શહેરોનાં બાંધકામો ઉપયોગિતાની દૃષ્ટિએ બનેલા હોય છે, તેમાં સૌંદર્યલક્ષી, શણગારેલું કામ ઓછું જોવા મળે છે, પરંતુ ધોળાવીરાનાં બાંધકામો શણગારેલા હોય તેવું લાગે છે.'

ધોળાવીરાનું બાંધકામ ભૂમિતિ-ત્રિકોણમિતિનો આધાર લઈને કરાયું હોવાનું અનુમાન છે

તેઓ વિશેષમાં જણાવે છે કે, 'ઉત્તરી દરવાજા પર મોટું સાઇનબોર્ડ પણ હતું. ૩ મીટર લાંબા લાકડાં પર સફેદ જીપ્સમથી લખાયેલા ૧૦ અક્ષરો કે ચિહ્ન હતાં. આ સાઇનબોર્ડ હડપ્પન સંસ્કૃતિના મળેલા શિલાલેખોના અવશેષો પૈકી સૌથી લાંબું સાઇનબોર્ડ છે. દરેક અક્ષર ૩૭ સે.મી. ઊંચા હતા. આ બોર્ડ ઉપર એક ચિહ્ન ૪ વખત મૂકાયેલું છે. આ સાઇનબોર્ડ ઉત્તરી દરવાજાની બાજુમાં એક ઓરડા જેવી જગ્યામાં મૂકાયેલું મળી આવ્યું હતું. આજે હજારો વર્ષો પછી લાકડું તો ખવાઈ ગયું છે, પરંતુ તેના પરના ચિહ્નો સારી સ્થિતિમાં છે. આ સાઇનબોર્ડ ઉપરાંત બીજા ચાર શિલાલેખો સેન્ડસ્ટોન પર આલેખાયેલા પણ મળી આવ્યા છે. જેમાં મોટાં મોટાં ચિહ્નો ચિતરાયેલાં છે. જોકે સાઇનબોર્ડ પર કે અન્યત્ર મળેલાં લખાણો હજુ સુધી ઉકેલી શકાયા નથી. આના પરથી સાબિત થાય કે હડપ્પન લોકો, વિશેષતા તો ધોળાવીરાના લોકો સુશિક્ષિત હતા. તેઓ સારી રીતે લખી અને વાંચી શકતા હતા.'

રણ વિસ્તારમાં વચ્ચોવચ આવેલી કોટડા ટીંબા- ધોળાવીરાની જગ્યા હડપ્પન લોકોએ મોટું શહેર બનાવવા માટે શા માટે પસંદ કરી હશે? તેવા સવાલના જવાબમાં તેઓ જણાવે છે કે, 'કોઈ પણ વસાહત માટે ખૂબ મહત્ત્વનું છે સંરક્ષણ. રણ વચ્ચે આવેલી આ જગ્યા હડપ્પન લોકોને તદ્દન સુરક્ષિત લાગી હશે. આ લોકો દરિયાખેડુ હતા. તે સમયે અહીંના રણમાં ૫-૬ મીટર દરિયાના પાણી

અહીંના પ્રાગૈતિહાસિક અવશેષોને સાચવવાની ખાસ જરૂર છે. ધોળાવીરા ખાતે ભારતની પ્રથમ જીઓ હેરિટેજ સાઇટ વિકસાવાઈ રહી છે

ડો. મહેશ ઠક્કર,
વડા, પુરાતત્ત્વ વિભાગ

ભરાયેલા રહેતા હોવાની શક્યતા છે. આથી તેઓ તેમાં પોતાના જહાજ ચલાવી શકતા હશે અને વેપાર પણ સહેલાઈથી કરી શકતા હશે. રણમાં ભરાયેલું પાણી અરબી સમુદ્રનાં ઊછળતાં મોજાંવાળા પાણી કરતાં તદ્દન શાંત હોય છે. આથી તે માટે નૌપરિવહન માટે યોગ્ય હશે. આ ઉપરાંત સિંધુ નદીની ધારા અને કોરીક્રીકમાંથી તેઓ સહેલાઈથી અરબી સમુદ્ર સુધી પહોંચી શકતા હશે. તેઓ દરિયાઈ માર્ગે પૂર્વમાં લોથલ સુધી અને પશ્ચિમમાં જતાં હશે. આ વિસ્તારમાં જ તેમના વેપાર માટે અતિ ઉપયોગી એવા અકીક, શંખ મળતાં હશે. આ વિસ્તારમાં પાણીની તંગી જરૂર હશે, જંગલો કે ખેતી પણ નહીંવત હશે. પાણીની મુશ્કેલીનો તેઓએ ઈલાજ પણ શોધી કાઢ્યો હતો. તેઓ મુખ્યત્વે વરસાદ અને ભૂગર્ભ જળ પર જ આધાર રાખતા હશે. પાણીની સમસ્યા છતાં અન્ય સહુલિયતના કારણે તેઓએ રણની વચ્ચે આવેલા આ સ્થળ પર શહેર વસાવવા માટે પસંદગી ઉતારી હશે. તેથી જ અહીં, રણની વચ્ચે સઘન વસતીવાળું ૪૮ હેક્ટરમાં ફેલાયેલું શહેર વસાવ્યું હોવાની શક્યતા છે. આ જગ્યાએ એક વખત નહીં, પરંતુ સાત- સાત વખત શહેર વસ્યું છે. જાણે ગ્રામ અવસ્થા, પછી વિકાસની પ્રક્રિયા ત્યાર બાદ પૂર્ણ વિકસિત- સમૃદ્ધ નગર સભ્યતાની અવસ્થા અને ફરી શહેરે રૂપ બદલ્યું હશે, ફરી ગ્રામ અવસ્થા, એમ ક્રમ રહ્યો હોવાનું લાગે છે.'

પાણીની સમસ્યા નિવારવા માટે તેઓએ અદ્યતન એવી હાઈડ્રોલિક ઈજનેરી વિદ્યાનો ઉપયોગ કર્યો હોવાના પુરાવા પણ મળી રહે છે. તેઓ કહે છે, 'રણ વિસ્તારમાં વસેલા ધોળાવીરામાં અત્યારની જેમ પાંચ હજાર વર્ષ પહેલાં પણ પાણીની તંગી હતી. અહીં

જાહેર સ્નાનાગાર અને ગટર વ્યવસ્થામાં પણ ઇજનેરી કૌશલ્ય જોવા મળે છે

પાણીના સંગ્રહ માટે ૧૬થી વધુ જળાશયો હોવાના પુરાવા મળ્યા છે. આ જળાશયો થકી નજીકની બંને નદીઓનું જોડાણ કરાયું હતું. વરસાદનું અથવા નદીઓનું પાણી આ જળાશયોમાં ભરી રખાતું. એક જળાશયમાંથી બીજામાં અને બીજામાંથી ત્રીજામાં જતું પાણી ફિલ્ટર પણ થતું. વધારાના પાણીની નિકાલની વ્યવસ્થા પણ હતી. જાહેર સ્નાનાગાર અને ગટર વ્યવસ્થામાં પણ ઇજનેરી કૌશલ્ય જોવા મળે છે. મોટાં જળાશયોમાં પગથિયાવાળા કૂવાઓ પણ છે. મનહર નદી પર ડેમ, ટાંકાઓ બનાવાયા હોવાના પુરાવા મળે છે. જ્યારે કૂવામાંથી પાણી કાઢવા માટે ગરગડી વાપરતાં હોવાની નિશાનીઓ પણ કૂવાના કાંઠે જોઈ શકાય છે. ચામડાંની મોટી-મોટી પાલખથી તેઓ પાણી કાઢતા હોઈ શકે.'

ધોળાવીરાની પ્રજા ઉદ્યોગ કરનારી અને વેપારી પ્રજા હોવાનું ઉમેરતા ડૉ. બિષ્ટ વધુમાં જણાવે છે કે, 'આ શહેર વ્યાપાર અને ઉદ્યોગનું મોટું કેન્દ્ર હતું. અહીં મણકા બનાવવાના કારખાના, શંખમાંથી વસ્તુઓ બનાવવાનો ઉદ્યોગ અને તાંબામાંથી વસ્તુઓ બનાવવાનો ઉદ્યોગ મોટા પાયે હોવાનું અનુમાન અહીં મળેલા અવશેષોના આધારે કરી શકાય છે. વિવિધ પ્રકારના મણકા, મહોરો મળી છે. અત્યાર સુધી થયેલા ઉત્ખનન દરમિયાન વિવિધ પ્રકારના, આકારના એક હજારથી વધુ વજનિયા પણ મળ્યા છે. આટલી મોટી સંખ્યામાં વજનિયા અન્ય કોઈ સાઇટ પરથી મળ્યા નથી. તેના પરથી પણ સમજી શકાય છે કે, અહીં વસતા લોકો મોટા પાયે વ્યાપાર કરતા હતા. અહીંથી સોના, ચાંદી, ટેરાકોટાના દાગીના, વાસણોના અવશેષો મળ્યા છે. ખાસ

ધોળાવીરાની નજીક વિકસી રહી છે જીઓ હેરિટેજ સાઇટ

ધોળાવીરાની નજીકમાં મળેલા ૧૬ કરોડ વર્ષ જૂના લાકડાંના અવશેષોને વૈજ્ઞાનિક ઢબે સાચવવાનું અને તેની જાળવણી કરવાનું કાર્ય અંતિમ તબક્કામાં ચાલી રહ્યું છે.

ધોળાવીરાને વર્લ્ડ હેરિટેજ સાઇટ જાહેર કરાઈ છે, ત્યારે જો તેની આસપાસની જગ્યાઓનો પણ જો વિકાસ થાય તો પ્રવાસીઓને આ તરફ આવવાનું આકર્ષણ વધી શકે તેમ છે. ધોળાવીરાથી ૧૨ કિ.મી. દૂર છપરિયા રખાલના રણ કિનારે હાલમાં જીઓ હેરિટેજ સાઇટ વિકસી રહી છે. જેમાં ૧૬ કરોડ વર્ષ પહેલાના વૃક્ષના અશ્મિનું રિસ્ટોરેશન કરીને તેનું જતન કરવાના પ્રયાસ કરાઈ રહ્યા છે.

૧૬ કરોડ વર્ષ પહેલાંના એટલે કે જુરાસિક સમયગાળાનાં લાકડાંના અશ્મિ જ્યાં છે તે જગ્યા ફોસિલ પાર્ક તરીકે જાણીતી છે. સામાન્ય લોકોને તો તે એક મોટા વૃક્ષનો ભાગ જ લાગે, પરંતુ અભ્યાસુ અને જાણકારો માટે આ વૃક્ષ અતિ મહત્ત્વ ધરાવે છે. આ વૃક્ષ અંગે વિશેષ સંશોધન થાય તો તે વૃક્ષના પ્રકાર, તેની ઉંમર વિશે સચોટ માહિતી મળી શકે તેમ છે. હાલમાં આ ૮થી ૧૦ મીટર લાંબા અને એકાદ મીટર પહોળા વૃક્ષાશ્મિના જતન માટે વૈજ્ઞાનિક ઢબે કામગીરી હાથ ધરાઈ છે. આ કામગીરી કચ્છ યુનિવર્સિટીના અર્થ એન્ડ એન્વાયરોમેન્ટ સાયન્સ વિભાગને સોંપવામાં આવી છે.

આ વિભાગના વડા ડો. મહેશ ઠક્કરના જણાવ્યા મુજબ, 'આ વૃક્ષના અશ્મિ હજારો વર્ષોથી ખુલ્લામાં પડ્યા છે. તેથી તડકો, વરસાદ અને પવનની તેના પર ભારે અસર થઈ રહી છે. તેના ટુકડાઓ ખરી રહ્યા છે. આ અશ્મિ ખૂબ મહત્ત્વના છે. તેના અભ્યાસથી આ વિસ્તારમાં કરોડો વર્ષ પહેલાં થયેલી ઉત્ક્રાંતિનો ઇતિહાસ સમજવામાં ભારે મદદ મળે તેમ છે. આ પ્રાગૈતિહાસિક અવશેષોને સાચવવાની ખાસ જરૂર છે. આથી જ રાજ્ય સરકારે તે માટે ખાસ પ્રોજેક્ટ હાથ ધર્યો છે. જેના ભાગ રૂપે અગાઉ આ વૃક્ષાશ્મિની આસપાસ ફેન્સિંગની કામગીરી કરાઈ હતી. અત્યારે આ વૃક્ષાશ્મિના નાના ટુકડાઓને જોડવા માટે સઘન સંશોધન કરીને રિસ્ટોરેશનનું કામ કરાયું છે. હાલમાં તેની કામગીરી આખરી તબક્કામાં છે. આ જગ્યાએ ડાયનોસોરનાં પૂતળાં મુકાયા છે અને સાઇટ આસપાસ પણ પ્રવાસનલક્ષી વિકાસ કામગીરી કરાઈ રહી છે. આ ભારતની પ્રથમ જીઓ હેરિટેજ સાઇટ વિકસાવાઈ રહી છે. અહીં નજીકમાં જ ઇન્ટરપ્રિટેશન સેન્ટર પણ બનાવાઈ રહ્યું છે. આ અશ્મિ અંગેની માહિતી પ્રવાસીઓ માટે મુકાશે.'

આ વિસ્તારમાં ફોસિલ પાર્કની આસપાસ બીજા ત્રીસથી વધુ વૃક્ષાશ્મિઓ આવેલા હોવાનું કહેવાય છે. આ વૃક્ષાશ્મિઓ વિશે પણ સંશોધન કરીને તેની જાળવણીની પણ વ્યવસ્થા કરવી આવશ્યક છે.

કરીને શંખની બનાવટની વસ્તુઓ, દાગીના પણ ખૂબ મોટી સંખ્યામાં મળ્યા છે. અહીં તાંબું તો મળતું ન હતું, પરંતુ રાજસ્થાનમાંથી તે લવાતું હોવાની શક્યતા છે. અહીંના મણકા અને શંખ-છીપલાંમાંથી બનેલી વસ્તુઓ છે'ક મેસોપોટેમિયામાંથી પણ મોટા પ્રમાણમાં મળી આવી છે. મેસોપોટેમિયામાં મળેલા એક મહિલાના મૃતદેહ પરથી પણ ધોળાવીરામાં બનેલા મણકાની માળા મળી હતી. ધોળાવીરા ભલે બંદર નહીં હોય, પરંતુ તેની નજીક કોઈ બંદર હોવાની શક્યતા છે. રણમાં એકઠા થતાં પાણીમાંથી તેઓ નાની-મોટી હોડીઓ દ્વારા પોતાનો માલસામાન મોટા બંદરો સુધી લઈ જતા હોવાની સંભાવના છે.'

ધોળાવીરાના કિલ્લેબંધ નગરથી પશ્ચિમ દિશામાં થોડે દૂર કબ્રસ્તાન પણ મળી આવ્યું છે. જેમાં અનેક કબરો મળી છે. જોકે આ કબરોમાં મૃતદેહો નથી, પરંતુ તેમાં મૃતદેહો સાથે રાખવામાં આવતી વસ્તુઓ - પોટરી છે. આ ઉપરાંત સાત જેટલી અર્ધગોળાકાર કે ગોળાકાર કબરો મળી છે. જેમાંથી બેમાં ઉત્ખનન કરાયું છે. આ કબરો ઈંટોથી બનાવાયેલી છે. જેમાંથી એક આરાવાળા વ્હીલ જેવી છે અને બીજીમાં આરા નથી. તેમાંથી એકમાં મહિલાનો મૃતદેહ મળ્યો હતો. સાથે તાંબાનો બનેલો અરીસો અને ધાર્મિકવિધિ માટેનાં વાસણો મળ્યાં હતાં. સાથે-સાથે તાંબાના વાયરમાં પરોવાયેલા મણકાથી બનેલી માળા અને સોનાની બંગડીઓ પણ મળી હતી. આ કબરો બૌદ્ધ સ્તૂપ સાથે સામ્યતા ધરાવે છે. ૪૮-૪૯ હેક્ટરમાં વસાયેલા ધોળાવીરાનો વિસ્તાર આ કબ્રસ્તાન સાથે મળીને લગભગ ૧૦૦ હેક્ટર જેટલો થવા જાય છે.

આ શહેરના ઉત્ખનન દરમિયાન મહોરો, મણકા ઉપરાંત ચેસબોર્ડ અને વિવિધ પ્રકારની રમતનાં બોર્ડ પણ મળી આવ્યાં છે.

ધોળાવીરામાંથી મળેલી સૌથી અનોખી રચના તેના સ્ટેડિયમ કે રંગભૂમિની છે. ડૉ. બિષ્ટ આ રંગભૂમિને અત્યાર સુધી શોધાયેલી વિશ્વની સૌથી જૂની રંગભૂમિ ગણાવે છે. તેઓ જણાવે છે કે, 'રોમ કે ગ્રીક સંસ્કૃતિની મળી આવેલી રંગભૂમિઓ ઈ.સ. પૂર્વ ૫૦૦ની આસપાસની છે, જ્યારે ધોળાવીરામાં મળેલી રંગભૂમિ ઈ.સ. પૂર્વ ૨૮૦૦ પહેલાંની એટલે આજથી લગભગ ૪૮૦૦થી ૫૦૦૦ વર્ષ પૂર્વેની છે. આથી તે અત્યાર સુધી શોધાયેલી



કોતરણીકામવાળો પથ્થર ધોળાવીરાના લોકોની કળા પ્રત્યેના પ્રેમને ઉજાગર કરે છે

> ધોળાવીરા હડપ્પન સંસ્કૃતિનું વિશ્વનું મોહેં જો દડો પછીનું બીજું મહત્ત્વનું સ્થાન છે. મનસર અને મનહર નામની બે નાની નદીઓની વચ્ચે તે વસ્યું હતું

પદ્મશ્રી આર.એસ. બિષ્ટ,
પુરાતત્ત્વવિદ્

સૌથી પ્રાચીન રંગભૂમિ માની શકાય છે. આ રંગભૂમિની બાજુમાં જ ડ્રેસિંગ રૂમ જેવી રચના મળી આવી છે.'

આ રંગભૂમિ એમ્ફિથિયેટર પ્રકારની છે. વચ્ચે ખૂબ મોટી ખુલ્લી જગ્યા અને આસપાસ બેસવા માટેની ઉપરની બાજુ જતી પગથિયા જેવી રચના. અહીં પણ બે પ્રવેશદ્વાર છે. આ રંગભૂમિનો ઉપયોગ વિવિધ રીતે થતો હશે. અહીં રમતગમતો, રથદોડ, ગાડાદોડ જેવી રમતો થતી હશે, નાટકો-નૃત્યો જેવા સાંસ્કૃતિક કાર્યક્રમો થતાં હશે. સમયે સમયે અહીં બજારની જેમ દુકાનો પણ ઊભી કરાતી હશે. આમ આ રંગભૂમિનો ઉપયોગ બહુહેતુક થતો હોવાની પૂરી શક્યતા છે.

ધોળાવીરામાં અત્યારે કોઈ ઉત્ખનન થતું નથી. વર્ષો પહેલાં થયેલું કામ પણ માંડ ૨૦-૩૦ ટકા જેટલું જ ગણી શકાય તેમ છે. હવે જ્યારે આ સાઇટ વર્લ્ડ હેરિટેજ સાઇટ બની છે ત્યારે તેનું ભાવિ કેવું હશે?, તેને વધુ વિકસાવવા માટે શું કરવું જોઈએ? જેવા પ્રશ્નોના જવાબમાં ડો. બિષ્ટ જણાવે છે કે, 'હવે અહીં આંતરરાષ્ટ્રીય સ્તરનું મ્યુઝિયમ બનશે, અહીં પુરાતત્ત્વ ખાતાના અધિકારી રહેશે. પ્રવાસીઓ માટે આકર્ષણ જગાવે તેવો વિકાસ કરાશે.' વધુ ઉત્ખનન કરાશે કે નહીં તેવા સવાલના જવાબમાં તેઓ કહે છે, 'વધુ ઉત્ખનન અહીં અત્યાવશ્યક નથી. આખા શહેરનું ઉત્ખનન કરવા માટે ૫૦ વર્ષનો સમય પણ પૂરો ન પડે. આ ઉપરાંત ખોદકામ ખૂબ જ ખર્ચાળ છે. આથી નવું ઉત્ખનન કરવાના બદલે જે છે તેને જાળવવાની જરૂર છે. અત્યાર સુધી થયેલા અભ્યાસના કારણે આ શહેર કેવું હશે તેની સુંદર રૂપરેખા મળી છે. હવે વધુ ખોદાણ બાદ થોડી નવી વસ્તુઓ જરૂર મળી આવે, પરંતુ તેનાથી પણ વિશેષ આવશ્યકતા છે, અત્યાર સુધી થયેલા ઉત્ખનનને, થયેલા સંશોધનને, તેમાંથી નિકળેલી વસ્તુઓને સાચવવાની, તેની જાળવણી કરવાની. અત્યારે અહીં સુરક્ષાની કોઈ જ વ્યવસ્થા ન હોવાથી આખી સાઇટ ન ઘણિયાતી પડી છે. વરસાદ અને પવન તેને ખરાબ કરે છે. અહીં આવતા પ્રવાસીઓને આ શહેરની મહત્તા વિશે સમજાવી શકાય તેવી કોઈ નક્કર વ્યવસ્થા નથી. પુરાતન અવશેષો વિશે લોકો જાણી શકે તે હેતુથી નોટિસબોર્ડ, સાઇનબોર્ડ પણ હોવા જોઈએ. અહીં પ્રવાસીઓનું આવાગમન સહેલાઈથી થઈ શકે તે માટે રસ્તાનું સારું નેટવર્ક, સારી હોટલ, રેસ્ટોરન્ટની વ્યવસ્થા પણ એટલી જ જરૂરી છે.'

આમ વર્લ્ડ હેરિટેજ સાઇટ જાહેર થયેલા ધોળાવીરાના પાંચ હજાર વર્ષ જૂના અવશેષોની જાળવણી થાય, વધુ ને વધુ લોકો તે જુએ તો પણ તેને મળેલો દરજ્જો સાર્થક થાય. ■

પુરાવાઓના આધારે માનવામાં આવે છે કે ધોળાવીરાના લોકો સુશિક્ષિત હતા

મુંબઈના યુવા સંગીતકાર શૈલ વ્યાસએ વિવિધ અવશેષોનું સંશોધન કરીને તેમાંથી વાદ્યોના અવશેષોને અલગ તારવ્યા છે

ધોળાવીરામાંથી મળ્યા વાદ્યોના અવશેષો

મુંબઈના સંગીતકારે ધોળાવીરાના અવશેષોમાંથી વિવિધ વાદ્યોના અવશેષો ઓળખ્યા છે. તેઓ હજારો વર્ષ જૂના વાદ્યોના પ્રોટોટાઇપ બનાવવા પ્રયત્નશીલ છે. આજના જમાનામાં તે વાદ્યોનું નવસર્જન કરીને તેનો ઉપયોગ કરવાનું તેમનું ધ્યેય છે.

ધોળાવીરા અને અન્ય હડપ્પન સંસ્કૃતિનાં શહેરોના ઉત્ખનનમાંથી અનેક વસ્તુઓ મળી છે. તજજ્ઞોએ તે શું હશે, તે વિશે અનેક અનુમાનો પણ લગાવ્યા છે, પરંતુ આ અવશેષોમાં વાદ્યોના અવશેષો હશે તેવી કલ્પના પણ તેમને આવી ન હતી. આ કલ્પના આવી છે મુંબઈના એક યુવા સંગીતકાર શૈલ વ્યાસને. તેમણે વિવિધ અવશેષોનું સંશોધન કરીને તેમાંથી વાદ્યોના અવશેષોને અલગ તારવ્યા છે અને તેના પરથી તે સમયનાં વાદ્યો કેવાં હશે તેની કલ્પના કરીને તેવાં વાદ્યો બનાવવાનો પણ પ્રયાસ કરી રહ્યા છે.

હડપ્પન લોકોનો બહુ મોટો વ્યાપાર મેસોપોટેમિયા સાથે હતો. તેથી ત્યાં પણ હડપ્પન વાદ્યો હોવાની શક્યતા ચકાસવામાં આવી. વાદ્યોના અવશેષો મેસોપોટેમિયામાં પણ મળ્યા છે

૨૦૧૧થી હડપ્પન સંસ્કૃતિના અવશેષોમાંથી વાદ્યોને શોધનારા સંગીતકાર શૈલ સાથે આ અંગે વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે, 'તે સમયે હું એક એવી સ્ટોરીના સંગીત માટે કામ કરતો હતો કે જેમાં હડપ્પન સમયની વાત હતી. રાજાને સંગીતકારો કોઈ રાગ સંભળાવે છે તેવો પ્રસંગ હતો. તેના કારણે મારા મનમાં તે સમયે કેવું સંગીત હશે, કેવાં વાદ્યો હશે, તે વિશે ઉત્સુકતા જન્મી. મેં પદ્ધતિસર તેના વિશેનું સંશોધન શરૂ કર્યું. ત્યારે ખ્યાલ આવ્યો કે ભારતીય સંગીત 'ને તેનાં વાદ્યો અંગેનો થોડી સદીઓ પહેલાંનો ઇતિહાસ જ મોજૂદ છે, તે પણ ખાતરીબદ્ધ નથી. તે પહેલાંના સંગીત વિશે તો કોઈ વિશેષ ઐતિહાસિક તથ્યો ઉપલબ્ધ નથી. મેં પુરાતત્ત્વમાં સંશોધન કરનારાઓ સાથે કામ શરૂ કર્યું. સામવેદમાં પુરાતન સંગીત વિશે માહિતી છે, પરંતુ તે પૂરતી નથી. સામવેદ અંદાજે ઈ.સ. પૂર્વે ૧૨૦૦થી ૧૦૦૦માં રચાયો હોવાનું જાણકારો માને છે, પરંતુ તે પહેલાંના હડપ્પન સમયના અંદાજે ૫૦૦૦ વર્ષ પહેલાંના સંગીતની વિશેષ માહિતી તેમાં નથી. હડપ્પન સમયની જે મૂર્તિઓ મળી છે તેના પરથી ખ્યાલ આવે છે કે તે સમયે પણ

વાદ્યો બનાવવા માટે અલગ-અલગ પ્રકારનાં લાકડાં અને પ્રાણીઓનાં અંગોનો ઉપયોગ થતો હતો

ગાયન અને વાદન હતું. તેથી જ મને તેના અવશેષો શોધવાની જરૂરત જણાઈ. આ અંગે કોઈએ પણ ક્યારેય સંશોધન કર્યું ન હતું.'

તેઓ તે સમયનાં વાદ્યો વિશે જણાવે છે કે, 'સામાન્ય રીતે વાદ્યો મુખ્યત્વે ચામડાંનાં, લાકડાંનાં બનેલાં હોય છે. હજારો વર્ષો પછી આવી વસ્તુઓનું અસ્તિત્વ રહેતું નથી, પરંતુ વાદ્યોના અમુક ભાગો ધાતુના કે ટેરાકોટાના બનેલા હોય છે. આવા ભાગ હજારો વર્ષો પછી પણ સચવાયેલા રહી શકે છે. આથી મેં તે વિશે સંશોધન કર્યું અને મને થોડા એવા અવશેષો મળ્યા પણ ખરા. તંતુવાદ્યમાં વપરાતા ટ્યૂનિંગ પેગ (ખૂંટા) મને મળ્યા. જે અલગ-અલગ આકારના અને અલગ અલગ વસ્તુઓમાંથી બનેલા હતા. ટેરાકોટા, હાંથીદાંત, હાડકાંના ટ્યૂનિંગ પેગ મને મળ્યા. આ અવશેષો ઉપર તારના જે નિશાન થયેલા હતા તેના પરથી ખ્યાલ આવ્યો કે તે ટ્યૂનિંગ પેગ જ હશે. ત્યાર પછી ટોય ફોર્મ ઈન્સ્ટ્રુમેન્ટ્સ (નાના આકારનાં વાદ્યો) પણ મળ્યાં. હાલમાં કચ્છ અને સિંધમાં વગાડાય છે તેવા ભોરીંદો જેવા વાદ્યના અવશેષો પણ મળ્યા. જે આજના ભોરીંદોની સાઈઝના જ છે પણ તે ગોળાકાર, ચકલી જેવા આકારના મળ્યા છે.'

હડપ્પન લોકોનો બહુ મોટો વ્યાપાર મેસોપોટેમિયા સાથે હતો. તેથી ત્યાં પણ હડપ્પન વાદ્યો હોવાની શક્યતા શૈલે ચકાસી જોઈ. તેમને તેમાં સફળતા પણ મળી. તેઓ જણાવે છે કે, 'મને આવા વાદ્યોના અવશેષો મેસોપોટેમિયામાં પણ મળ્યા. સુમેરિયન લખાણોમાં તેનો ઉલ્લેખ જોઈ શકાય છે. હડપ્પાની લિપિ ઉકેલી શકાઈ નથી, પરંતુ સુમેરિયન લિપિ વાંચી શકાય છે. મેસોપોટેમિયામાં વાદ્યોનાં નામો બદલાઈ જવાની શક્યતા હોવાથી મેં ત્યાંની પારિભાષિક શબ્દાવલી ચકાસી જોઈ. મારા આશ્ચર્ય વચ્ચે મને ૩૦ જેટલા એવા શબ્દો મળ્યા કે જે ભારતીય સંગીત સાથે સંકળાયેલા હોવાની પૂરી શક્યતા હતી. તેમાં ૨૦ શબ્દો વાદ્યો અંગેના અને ૧૦ મ્યુઝિકલ નોટેશન, ગાયકો વગેરે અંગેના હતા. તેની મેં ઋગ્વેદ, સંસ્કૃત અને દ્રવિડિયન ભાષાઓ સાથે પણ સરખામણી કરી. ત્યારે આ શબ્દો સંગીત અંગેના હોવાની મારી ધારણાને પુષ્ટિ મળી. તે સમયે વાદ્યો બનાવવા માટે અલગ અલગ પ્રકારનાં લાકડાં અને પ્રાણીઓનાં અંગોનો ઉપયોગ થતો હતો. મને સુમેરિયન લખાણોમાંથી ૬૦ પ્રકારના એવા શબ્દો મળ્યા કે જે ભારતીય વૃક્ષોનાં નામ સાથે સામ્ય ધરાવતાં હતા. ત્યાં મળેલાં વાદ્યોમાં સોનું, ચાંદી, હાથીદાંતનો ઉપયોગ થયાનું પણ જણાયું હતું.'

તંતુવાદ્યમાં વપરાતાં ટ્યૂનિંગ પેગ (ખૂંટા)

તે સમયના મળેલાં વાદ્યોના અવશેષો પરથી શૈલને તે વાદ્યોના સૂર જાણવાનો વિચાર આવ્યો. આથી તેને પુનર્જીવિત કરવાનો પ્રયાસ તેમણે શરૂ કર્યો. આજના સમયમાં આ વાદ્યોનું ફરી સર્જન કરીને તેનો ઉપયોગ કરી શકાય કેમ તે વિશે તેમણે પ્રયોગ કર્યા. આ વાદ્યોના નંદી વીણા જેવા પ્રોટોટાઈપ પણ બનાવ્યા. અત્યારે આ વાદ્યોના નવસર્જનને જ તેમણે પોતાનો ઉદ્દેશ બનાવ્યો છે. ■

વિનોદ પંડ્યા

કોમ્પ્યુટર સિસ્ટમો પર કબજો જમાવી **અબજો ડોલરનું બ્લેકમેલિંગ : અમેરિકા ત્રાહિમામ્**

કોમ્પ્યુટરો જગતના વિકાસ માટે અતિ મહત્ત્વનાં અને હવે અનિવાર્ય બન્યાં છે, પરંતુ એ જ કોમ્પ્યુટરો વડે હવે એવા સોફ્ટવેર તૈયાર થયાં છે જે બીજાનાં નિર્દોષ કોમ્પ્યુટરો પર પોતાનું સાઇબર તાળું મારી દે છે અને પછી તે દુષ્ટ સોફ્ટવેર, જે રેન્સમવેર તરીકે ઓળખાય છે તે બાનની રકમ આપે છે. જેને તાળું મારી દીધું હોય તે સિસ્ટમના માલિકને બ્લેકમેલ કરી પૈસા પડાવે છે.

જે પોષતું તે મારતું તે ઘટના કોમ્પ્યુટર વિશ્વમાં સાંગોપાંગ સાર્થક બની રહી છે. કોમ્પ્યુટરો જગતના વિકાસ માટે અતિ મહત્ત્વનાં અને હવે અનિવાર્ય બન્યાં છે, પરંતુ એ જ કોમ્પ્યુટરો વડે હવે એવા સોફ્ટવેર તૈયાર થયાં છે જે બીજાનાં નિર્દોષ કોમ્પ્યુટરો પર પોતાનું સાઇબર તાળું મારી દે છે અને પછી તે દુષ્ટ સોફ્ટવેર, જે રેન્સમવેર તરીકે ઓળખાય છે તે બાનની રકમ આપે છે. જેને તાળું મારી દીધું હોય તે સિસ્ટમના માલિકને બ્લેકમેલ કરી પૈસા પડાવે. કોમ્પ્યુટરો દ્વારા જ વિકસિત ક્રિપ્ટો કરન્સી વડે બદમાશોને ઓનલાઈન પેમેન્ટ અજ્ઞાતવાસમાં મળી જાય છે. ભણેલા ચોર, બદમાશોનું કામ કોમ્પ્યુટરોએ આસાન કરી દીધું છે.

આ દૂષણ વ્યાપક બન્યું છે અને તેનું પ્રોસ્પેક્ટ હાલથી જ એટલું ભયાનક જણાઈ રહ્યું છે કે અમેરિકન પ્રમુખ જો બાઈડેન આ બુધવાર ૧૬, જૂનના રોજ જીનીવા ખાતે રશિયન પ્રમુખ વ્લાદીમીર પુતિનને મળવાના હતા ત્યારે મંત્રણાના પ્રમુખ મુદ્દાઓમાં એક મુદ્દો રેન્સમવેરને લગતો હતો, કારણ કે અમેરિકનો અને પશ્ચિમ યુરોપના દેશો માને છે કે રેન્સમવેર બદમાશોને પુતિન દ્વારા આશરો 'ને ઉત્તેજન અપાય છે. આવાં ઘણા પ્રકારનાં રેન્સમ (બાન) ઉઘરાવતાં સોફ્ટવેર આ બદમાશ લોકોએ તૈયાર કર્યા છે. તેઓનાં કરતૂતો સ્થાનિક સરકારો અને પોલીસના આશ્રયસ્થાને ચાલે છે. અમેરિકન એફબીઆઈના અહેવાલ મુજબ વરસ ૨૦૧૯માં જગતભરની કોમ્પ્યુટર સિસ્ટમો પર રેન્સમવેર વડે ૨૪૦૦ જેટલા હુમલા થયા હતા. ઉત્તરોઉત્તર તેનું પ્રમાણ વધી રહ્યું છે. આજે દુનિયામાં પ્રત્યેક દિવસે સરેરાશ ચાર હજાર જેટલા રેન્સમવેર હુમલાઓ થાય છે. એક સોફ્ટવેર પર બીજું સોફ્ટવેર હુમલો કરે. નિશાન કરેલા સોફ્ટવેરને તાળું મારી અપંગ બનાવી દે. આ પ્રકારનો હુમલો આજથી વીસ વરસ અગાઉ પણ થઈ શક્યો હોત, પણ પૈસા મેળવવાની વ્યવસ્થા ન હતી. રૂબરૂ જવું પડે. તેથી ત્યારે એ સફળ થયા ન હોત. આજે બિટકોઈન, મોનેરો જેવી ક્રિપ્ટો કરન્સી ઊગી નીકળી છે. ઓનલાઈન વ્યાપકતા વધી ગઈ. નવી આધુનિક સોફ્ટવેર રચના

પદ્ધતિઓ આવી ગઈ તે બધાંને કારણે છેલ્લાં બે ત્રણ વરસમાં ધંધો ખૂબ ખીલ્યો છે. અમુક રેન્સમવેર ૧૯૮૯માં ડેવલપ થયા હતા. જેમ કે એઇડ્સ ટ્રોજન અથવા પીસી સાઇબોર્ગ, પરંતુ ત્યારે તેની ખાસ કામગીરી ન હતી. ૨૦૧૩માં 'ક્રિપ્ટો લોકર', ૨૦૧૫માં 'ટેસ્લાક્રિપ્ટ', ૨૦૧૬માં પેટિયા, ૨૦૧૭માં 'વોન્નાક્રાય', ૨૦૧૮માં 'સેમસેમ', ૨૦૧૯ અને ૨૦૨૦માં 'રૂયુક' નામથી રેન્સમવેર આવ્યા અને તેના વડે થતાં એટેક પણ એ જ નામથી ઓળખાતાં થયાં.

રૂયુકની ઘૂસણખોરી ઈ-મેઇલ મોકલીને કરાવવામાં આવે છે. રૂયુક વડે હુમલો થાય ત્યારે આ દુષ્ટ સોફ્ટવેર ત્રણ લાખ અમેરિકી ડોલર કે તેથી વધુ રકમ માગે છે. એફબીઆઈના કહેવા પ્રમાણે ૨૦૧૮ બાદ રૂયુક વડે હુમલા શરૂ થયા અને માત્ર તેને કારણે જ જગતે ગયા માર્ચ સુધીમાં છ કરોડ અમેરિકન ડોલરની રેન્સમ ચૂકવી છે. તેના દ્વારા ઈ-મેઇલ એડ્રેસ અપાય છે તેના પર મેઇલ મોકલીને વિક્ટિમે જાણ મેળવવાની રહે છે કે કેટલી રેનસમ્વેર ચૂકવવી પડશે? ૨૦૨૦માં રૂયુકના હુમલા એમકોર નામની એન્જિનિયરિંગ અને ઔદ્યોગિક બાંધકામની કંપની પર, ઉપરાંત વકીલોની એક કંપની 'એપિક ગ્લોબલ' (બંને અમેરિકન) પર થયા હતા. ૨૦૧૮માં 'સેમસેમ'ના હુમલા શરૂ થયા હતા, જેમાં સાન ડીએગો બંદર અને કોલોરાડોના વાહનવ્યવહાર વિભાગનાં કોમ્પ્યુટરોને ઠપ કરી દેવાયાં હતાં. સેમસેમ રેન્સમવેરના હુમલા બે ઈરાની હેકરો દ્વારા થયા હતા અને તેની ઝપેટમાં ૨૦૦ જેટલી સંસ્થાઓ જેમાં હોસ્પિટલો, મ્યુનિસિપલ ઑફિસો, જાહેર સંસ્થાઓ વગેરે આવી ગયાં હતાં. ત્રણ કરોડ ડોલરનું નુકસાન થયું. આ નુકસાન ઠીક કરવા એટલાન્ટા શહેરે વીસ લાખ ડોલરનો ખર્ચ કર્યો હતો. ઈન્ડિયાનાની હેનકોક હેલ્થ હોસ્પિટલે તાળાં ખોલાવવા માટે ૫૫ હજાર ડોલરની ફિરૌતી ચૂકવવી પડી હતી. ઈરાનીઓની પદ્ધતિ થોડી જુદી હતી. તેઓ અમુક પાસવર્ડ આપવા માટે શરૂમાં થોડી રકમ માગતા. તે ચૂકવવાથી અમુક તાળાં ખૂલતાં. પછી બાકીની રકમ ભરવાથી બધાં તાળાં ખૂલતાં. પ્રથમ થોડી રકમ માગીને તેઓ એ નક્કી કરતાં કે વિક્ટિમ પ્રમાણિક છે અને પોતે પણ પ્રમાણિક છે તેનો ખ્યાલ આપતા હતા.

અમેરિકી અને રશિયન રાષ્ટ્રપ્રમુખોની મુલાકાતનો એક મુદ્દો રેન્સમવેર પણ હતો

વરસ ૨૦૧૭માં 'વોન્નાક્રાય' સોફ્ટવેર દ્વારા એટેક થયો હતો અને અમેરિકાને ચાર અબજ ડોલરનું નુકસાન થયું હતું. આ હુમલો અનેક કંપનીઓ પર થયો હતો. જેવી કે ફેડેક્સ, ટેલિફોનિકા, નિસાન અને રેનો. પેટિયા વડે આજ સુધીમાં અમેરિકનોને દસ અબજ ડોલરનું નુકસાન કરાવાયું છે. નેશનલ બેન્ક ઓફ યુક્રેઈન, ફૂડ કંપની મોન્ડેલેઝ, દવા કંપની મર્ક અને ઓઈલ કંપની 'રોસનેફ્ટ' પર ૨૦૧૬માં પેટિયા વડે એટેક થયા હતા. આ યાદી ઘણી લાંબી છે. શિકાર બનેલી અર્થાત્ વિક્ટિમ કંપનીઓમાં થોડી ભારતની કંપનીઓ પણ છે.

ભારતની 'નેશનલ હાઈવે ઑથોરિટી ઓફ ઈન્ડિયા' (એનએચએઆઈ) સંસ્થા ભારતમાં રાષ્ટ્રીય રાજમાર્ગોનું નિર્માણ કરે છે. ગયા વરસના જૂનમાં તેના પર 'મેઈઝ' નામના રેન્સમવેરનો હુમલો થયો હતો અને ૪૩ જીબી ડેટા ચોરાઈ ગયો હતો. એક આધારભૂત અહેવાલ પ્રમાણે ભારતમાં પ્રત્યેક સપ્તાહે સરેરાશ ૨૧૩ જેટલા એટેક નોંધાય છે. 'ચેકપોઈન્ટ' નામક રિસર્ચ સંસ્થા દ્વારા આ સંશોધન થયું છે. દુનિયાના લગભગ તમામ એવા દેશો, જે ડિજિટલી એડવાન્સ્ડ છે, તે આ પ્રકારના હુમલા ભોગવે છે. તાજેતરમાં અમેરિકાની મહત્ત્વની તેલ અને ગેસ કંપની; 'કોલોનિયલ પાઇપલાઈન' ઉપરાંત યુરોપ-અમેરિકાની એક મીટ ઉત્પાદક કંપની જેબીએસ વિક્ટિમ બની હતી. તેલ કંપનીનો જગતભરમાં વીસ અબજ ડોલરનો ધંધો ખોરવાઈ ગયો હતો. ચેકપોઈન્ટનો અહેવાલ જણાવે છે કે ગયા એપ્રિલ પછી જગતમાં આ હુમલા વધીને રોજના એક હજાર જેટલા થયા છે. ૨૦૨૦ના પ્રથમ છ મહિના દરમિયાન ભારતની ૮૨ ટકા સંસ્થાઓ પર સાઇબર એટેક થઈ ચૂક્યા હતા. જોકે બધામાં બદમાશોને સફળતા મળે એ જરૂરી નથી. નાની-નાની સંસ્થાઓ પાસેથી નાની-નાની રકમો લઈને વાત માંડવાળ થઈ જતી હોય છે. પોલીસ પાસે જવાનો કોઈ અર્થ નથી. લિથુઆનિયામાં કોને પકડવા જવો? સોના કરતાં ઘડામણ ખૂબ મોંઘી પડે.

અમેરિકાભરમાં ફેલાયેલી હોસ્પિટલોની એક ચેઈનની સિસ્ટમ તાજેતરમાં હેક કરવામાં આવી હતી. દુનિયાના ટોચના જુગારધામ, જ્યાં નાણાની રેલમછેલ છે ત્યાંની હોસ્પિટલોનાં કામકાજ ઠપ થઈ ગયાં. હોસ્પિટલોની પ્રાયોરિટી દર્દીઓના જીવ બચાવવાની હોય છે. કોર્પોરેટ હોસ્પિટલોને સૌથી મોટી ફિકર પોતાની પ્રતિષ્ઠાની હોય.

બિટકોઇન, મોનેરો જેવી ક્રિપ્ટો કરન્સીને લીધે ઓનલાઇન વ્યાપકતા વધી ગઇ. આધુનિક સોફ્ટવેર રચના પદ્ધતિઓ આવી ગઈ તે બધાંને કારણે છેલ્લાં બે ત્રણ વરસમાં ધંધો ખૂબ ખીલ્યો છે

કોલોનિયલ પાઇપલાઇન અમેરિકાની મહત્ત્વની તેલ અને ગેસ ઉત્પાદક કંપની છે

સ્થિતિ એટલી નાજુક હોય છે કે રેન્સમ (બાનની રકમ) ચૂકવ્યા વગર છૂટકો હોતો નથી. આજકાલ ક્રિપ્ટો કરન્સી, જેવી કે બિટકોઇન વગેરે એટલી પ્રચલિત બની છે કે એલોન મસ્કની ટેસલા કાર કંપનીએ નવી કારનું પેમેન્ટ બિટકોઇન દ્વારા સ્વીકારવાની બે મહિના અગાઉ જાહેરાત કરી હતી, પણ તેની અવળી અસરો સમજાયા બાદ તે ઓફર રદ કરી હતી અથવા અમલમાં મૂકી નથી.

ક્રિપ્ટો કરન્સી બદમાશ હેકરો માટે ખૂબ હાથવગું અને સરળ સાધન થઈ પડ્યું છે. બિટકોઇન કોના ખાતામાંથી નીકળી કોના ખાતામાં ગયા તેનું પગેરું જોઈ શકાતું નથી અને ખાતાધારકની મદદ વગર પકડી પણ શકાતું નથી. વળી જેને પેમેન્ટ કરવાનું હોય તેના ખાતામાં ઓનલાઇન જમા કરાવવાના હોય છે. તેથી બાનની રકમ તેઓને તુરંત અને આસાનીથી મળી જાય છે. દુનિયાભરના ગેંગસ્ટરો, ડ્રગ્સ કાર્ટેલો, ક્રિમિનલ્સ માટે ક્રિપ્ટો કરન્સી આશીર્વાદરૂપ થઈ પડી છે. તેમાં પણ અમુક ગુંડા નેતાઓ પોતાના દેશની પ્રજાને બીજા દેશોની પ્રજાઓને લૂંટવાની, ઓનલાઇન બાનમાં લેવાની છૂટ આપે, આંખ આડા કાન કરે ત્યારે હેકરોને પકડવાનું લગભગ અશક્ય બની જાય છે.

રશિયા અને રશિયાની સરહદને અડીને આવેલા પૂર્વ યુરોપના દેશોમાં રેન્સમવેરની પ્રવૃત્તિઓ ફૂલીફાલી છે. સ્થાનિક પોલીસ અને સરકારો સાથેની મિલીભગત વડે અહીંના યુવાન સોફ્ટવેર એન્જિનિયરો અને બિન-એન્જિનિયર હેકરો આખી દુનિયાને રંજાડે છે. અમુક અંશે ચીની યુવાનો પણ આ ધંધામાં પડેલા છે. પૂર્વ યુરોપના દેશો ક્ષેત્રફળમાં નાના છે. તેમાં બલ્ગેરિયા. ક્રોએશિયા, ઇસ્ટોનિઆ, લેટવિઆ, લિથુઆનિઆ, બેલારૂસ વગેરે દેશો આવે છે. અમેરિકાની હોસ્પિટલો પર હેકિંગ એટેક થયા તેનું પગેરું શોધવામાં આવ્યું તો તેમાંના મોટા ભાગના સાઇબર ક્રિમિનલોના એક જૂથ સાથે સંકળાયેલા હતા. આ દેશોમાં સાઇબર ક્રિમિનલોની એક મોટી ગેંગ 'બિઝનેસ ક્લબ'ના નામથી ઓળખાય છે. આ ક્લબને રશિયન સરકારની પોલીસ અને સલામતી દળો સાથે સીધા સંબંધો છે. આ ગેંગ હેકિંગ માટે ઘણા પ્રકારના સોફ્ટવેર વાપરે છે, પણ તેમાંનું પ્રમુખ સોફ્ટવેર 'રૂયુક' (ઇએ)ના નામથી જાણીતું છે, તેમ સાઇબર કાઇમના નિષ્ણાતો કહે છે. ગયા વરસમાં, ૨૦૨૦માં અમેરિકાની કોમ્પ્યુટર સિસ્ટમો (જેમાં ખાનગી અને સરકારી બંને આવે) પર વીસ કરોડ ત્રીસ લાખ એટેક થયા હતા.

રશિયા અને રશિયાની સરહદને અડીને આવેલા પૂર્વ યુરોપના દેશોમાં રેન્સમવેરની પ્રવૃત્તિઓ ફૂલીફાલી છે. અમુક અંશે ચીની યુવાનો પણ આ ધંધામાં પડેલા છે

આ આંકડો જ બતાવે છે કે આ દૂષણ કેટલું વ્યાપક બન્યું છે. અમેરિકાની 'સોનિકવૉલ' નામની સાઇબર સિક્યોરિટી ફર્મના સંશોધન પ્રમાણે આ હુમલાઓમાંથી ત્રીજા ભાગના હુમલા 'રૂયુક' સોફ્ટવેર વાપરીને થયા છે. જે રીતે માનવીના શરીરમાં કોરોના 'વાઇરસ' ઘૂસીને ફેલાય છે તે રીતે આ સોફ્ટવેર કંપની કે સંસ્થાની સિસ્ટમમાં ઘૂસવા માંડે છે. તેનું મુખ્ય કામ દરેક કમ્પ્યુટરમાંની દરેક ફાઇલોને તાળું મારી દેવાનું, લોક કરી દેવાનું હોય છે. આ તાળું એન્ક્રિપ્શન એટલે કે સાઇબર કી અથવા પાસવર્ડથી બંધ કરાયું હોય અને તેથી તેને ખોલવું હોય તો એ જ પાસવર્ડથી ખૂલી શકે, જે માત્ર બદમાશો પાસે હોય છે. કંપનીના કોઈ માણસ પાસે તે હોવાનો નથી તે સ્વાભાવિક છે. આ ગેંગો પ્રોફેશનલ હોય છે અને એવી રીતે પાસવર્ડ તૈયાર કરે છે કે તે જાણવાનું બીજાઓ માટે અશક્ય જ હોય છે. આવી પ્રવૃત્તિમાં ઘણી વખત પાકિસ્તાન જેવા ત્રાસવાદી દેશોની સરકારોનો પણ સાથ હોય. ખેર! પાકિસ્તાનમાં હજી એટલું ભણેલા લોકો ઓછા છે, પણ ચીન અને પાકિસ્તાન ભારતની સંસ્થાઓ પર આ પ્રકારના હુમલા કરાવે તે શક્ય છે.

વરસ ૨૦૧૮ બાદ રૂયુક ગેંગ દ્વારા અમેરિકાની ૨૩૫ જનરલ હોસ્પિટલો ઉપરાંત બીજા દવાખાનાંઓ મળીને ૩૦૦થી વધુ સિસ્ટમો પર હુમલા થયા હતા. ધારો કે આપણે બહારગામ ફરવા જઈએ અને કોઈ આપણા મકાન પર બીજું પોતાનું તાળું વાસી દે અને તેની ચાવી સોંપવા માટે રકમ માગે તેવો આ ઘાટ છે. આપણે મારેલું તાળું એ ખોલી શક્યા ન હોય તો ઘરમાં શું છે તે ગેંગસ્ટર જાણતો ન હોય. ધાતુનું તાળું તો પોલીસની મદદ લઈને તોડી શકીએ. પોલીસની મદદની પણ જરૂર ન પડે, પરંતુ આ પાસવર્ડ લૉક તેનો રચનાકાર, જે ઈસ્ટર્ન યુરોપના દેશોમાં કે રશિયાના સાઇબિરિયામાં કયાંક બેઠો હોય તે જ ખોલી શકે. હૉસ્પિટલોની સિસ્ટમો બંધ પડી જાય તો જીવન અને મરણનો સવાલ પેદા થાય. આથી આવી સંવેદનશીલ સંસ્થાઓ, વીજળી અને પાણી પૂરાં પાડતી કંપનીઓ, બેન્કો, ટેલિકોમ કંપનીઓને વધુ ટારગેટ કરાય છે. જેઓ રૂયુક સોફ્ટવેર વાપરે છે તેઓને આ બધી પરવા કરવાની રહેતી નથી. સિસ્ટમ લોક કર્યા પછી જે કંઈ થવાનું હોય તે થાય. રૂયુકનું સોફ્ટવેર બાકીની વિધિઓ સંભાળી લે છે

અને ગેંગના લોકો મુખ્યત્વે બાજુએ ખસી જાય છે. રૂયુક દ્વારા બાનની વસૂલાત બાદ તેણે જે ઇ-મેઇલ એડ્રેસો છોડ્યાં હતાં ત્યાં પાછળથી પૃચ્છા કરવામાં આવી, પણ કોઈ પ્રત્યુત્તર હજી સુધી મળ્યો નથી. સ્મશાને ગયેલાં લાકડાં પાછા ન ફરે. આ રૂયુક પાછળ રશિયન સરકારનું પીઠબળ છે તેમ સત્તાધીશો દ્વારા કહેવામાં આવે છે ત્યારે રશિયન સરકાર હાથ ખંખેરી નાખે છે. આ હેકરોની નિમણૂકો વ્લાદીમીર પુતિન રશિયન સરકાર કરે છે અને રશિયન સરકાર જ આ રીતે નાણા ખંખેરે છે તેવો આક્ષેપ પણ થયો. પુતિન તે બધાનો ઇનકાર કરે છે. આ એક એવી વ્યવસ્થા છે જેમાં કોઈનો હાથ છે કે નહીં તે પુરવાર કરવાનું ખૂબ મુશ્કેલ છે.

કોરોના સંકટમાં હોસ્પિટલો પર સાઇબર એટેકને કારણે અમેરિકા અને યુરોપના દેશોની સરકારોને અનુભવ થયો કે આરોગ્ય સેવાઓની કોમ્પ્યુટર સિસ્ટમોનું સાઇબર હુમલાઓ સામે રક્ષણ કરવું અત્યંત આવશ્યક છે. સિસ્ટમમાંની નબળાઈઓ પણ ધ્યાન પર આવી, તેથી તેનું કોઈક સાઇબર સોલ્યુશન શોધવામાં આવશે, પરંતુ બદમાશો એ નવા ઇલોજોને પણ નિરર્થક બનાવતા રહેશે. રશિયા જેવા દેશની સંડોવણીની શંકાને કારણે અમેરિકાની ફેડરલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (એફબીઆઈ) અને બીજી સલામતી સંસ્થાઓ આ પ્રવૃત્તિને અમેરિકા સામેનો એક ખૂબ ખતરનાક અને મોટો ખતરો ગણાવે છે. ક્યારેક તેનાં ખૂબ ભયંકર પરિણામો આવી શકે. આજકાલ દરદીઓની ફાઇલો અને સારવારની વિગતો અને વ્યવસ્થા પણ ડિજિટાઇઝ થયેલી હોય છે. દરદી સાથેનાં સાધનો પણ ડિજિટલી જોડેલાં હોય છે. એફબીઆઈ દ્વારા રેન્સમવેરના એકસોથી વધુ કેસોની વિગતવાર તપાસ થઈ રહી છે. તે બધી ઘટનાઓનું પગેરું રશિયા તરફ જાય છે. સંસ્થાના ડિરેક્ટર ક્રિસ્ટોફર રાય કહે છે કે, આ ખતરો નાઇન ઇલેવનના ત્રાસવાદી હુમલાથી પણ વધુ પડકારરૂપ છે. યુરોપિયન સંઘની ગુના અન્વેષણ સંસ્થા યુરોપોલ પણ આ બાબતમાં ખૂબ સાવધ બની છે.

ડિજિટલ ચાંચિયાઓનો કહેર વધી રહ્યો છે

એવું નથી કે બધા એટેક વિદેશોથી જ આવે. સ્થાનિક લોકો સંડોવાયેલા હોય તો પણ પકડવાનું મુશ્કેલ છે. સૌથી વધુ દિલ્હીની સંસ્થાઓ અને કંપનીઓ વિક્ટિમ બની છે. ૮૫ ટકા. બેંગ્લોર બીજા ક્રમે છે; ૮૩ ટકા. મુંબઈની ૮૧ ટકા અને ચેન્નઈની ૭૪ ટકા કંપનીઓ વિક્ટિમ બની છે. આ પેટર્ન બતાવે છે કે જાણભેદુઓની પણ તેમાં ભૂમિકા હશે. દુનિયામાં ૨૪ ટકા સંસ્થાઓ એવી છે જે આ પ્રકારના હુમલા ખાળવામાં સફળ રહી હતી. ભારતમાં આવી તૈયારીઓ ધરાવતી માત્ર આઠ ટકા કંપનીઓ જ છે.

આ હુમલા થાય અને મોટું નુકસાન સહન ન કરવું પડે તે માટે અમુક અસરકારક પગલાં લઈ શકાય છે. રિપોર્ટ મુજબ ૬૬ ટકા સંસ્થાઓએ રેન્સમ ચૂકવવી પડી હતી. ૨૯ ટકા તેમાંથી એટલા માટે બચી શક્યા હતા કે તે તેઓએ પોતાની ફાઇલોનો બેક-અપ રાખ્યો હતો. મતલબ કે તે ડેટા બીજી જગ્યાએ પણ સ્ટોર કર્યો હતો. એક બંધ થઈ જાય તો બીજો કામમાં આવે. આ સ્ટોરેજ ડિવાઇસ ઓફલાઇન હોય તે જરૂરી છે. આ સિવાય અન્ય ઉપાયો છે.

જે જેબીએસ કંપની પર એટેક થયો તે જગતની સૌથી મોટી મીટ સપ્લાયર કંપની છે. ગઈ પહેલી જૂને જ તેની સિસ્ટમો હેક થઈ તેથી તેના ઓસ્ટ્રેલિયા, કેનેડા અને અમેરિકાનાં કસાઈવાડાઓ અને પ્લાન્ટો બંધ કરી દેવા પડ્યા હતા. તેના હજારો કર્મચારીઓ નવરા પડી ગયા હતા. આ જેબીએસની સપ્લાય વ્યવસ્થા બંધ પડવાથી માંસાહારી લોકોને પુરવઠો મળી શક્યો ન હતો. કંપનીના વ્યવસ્થાપકોએ એક કરોડ દસ લાખ ડોલરની રેન્સમ ચૂકવી હતી. ભારતીય રૂપિયા ૮૦ કરોડ લગભગ થાય. અમેરિકાની 'કોલોનિયલ પાઇપલાઇન' કંપનીના વડાએ હમણા હમણા કબૂલ કર્યું કે, કંપની દ્વારા ૪૪ લાખ ડોલરની રેન્સમ ચૂકવાઈ હતી. ભારતીય રૂપિયા ૩૨ (બત્રીસ) કરોડથી વધુ થાય. ડિજિટલ ચાંચિયાઓના પણ દિવસો આવ્યા છે. તપાસ અહેવાલો જણાવે છે કે, 'બિઝનેસ ક્લબ'ની ગેરકાનૂની પ્રવૃત્તિઓ સાથે અમેરિકન તપાસ એજન્સીઓને ૨૦૦૭થી વાસ્તો પડ્યો છે. શરૂઆતમાં બિઝનેસ ક્લબના સોફ્ટવેર ચાંચિયાઓ અલગ રીતે કામ કરતા હતા. બેન્કોના ઓનલાઇન ગ્રાહકો પોતાની બેન્કની વેબસાઇટ પર જઈ લોગ ઇન કરે તેની રાહ જોઈને અર્થાત્ ટાંપીને આ ચાંચિયાઓ બેસી રહેતા. જેવા ગ્રાહક લોગ ઇન થાય કે બિઝનેસ ક્લબનો માલવેર ગ્રાહકના ખાતામાંથી પૈસા પોતાના (ચાંચિયાનાં) ખાતામાં ટ્રાન્સફર કરી દેતા હતા. ૨૦૧૩માં બિઝનેસ ક્લબમાં બે ફાંટા પડ્યા. કામકાજની પદ્ધતિને લઈને ગ્રુપના લોકોમાં ડખા થયા હતા, તેથી જુદા પડી ગયા, પરંતુ તે દરમિયાન બેન્કોએ વધુ મજબૂત સોફ્ટવેર ડેવલપ કરીને અપનાવ્યા.

કોરોના સંકટમાં હોસ્પિટલો પર સાઇબર એટેકને કારણે અમેરિકા-યુરોપના દેશોની સરકારોને અનુભવ થયો કે આરોગ્ય સેવાઓની કોમ્પ્યુટર સિસ્ટમોનું હુમલાઓ સામે રક્ષણ કરવું આવશ્યક છે

તેથી આ રીતે રકમ ટ્રાન્સફર કરવાનો ધંધો આગળ ચાલ્યો નહીં. એક ગ્રૂપે પોતાની રેન્સમની ડિમાન્ડ અથવા ઉઘરાણી રૂયુક નામથી ઊઘરાવવાનું શરૂ કર્યું, તેથી એ તડ રૂયુકના નામથી ઓળખાયું. જાપાનની એક ટીવી સિરીઝ 'ડેપ નોટ'માં એક પાત્રનું નામ રૂયુક હતું તે આ જૂથે અપનાવી લીધું હતું. આ બંને જૂથોના મળીને અલગ-અલગ ઘણા નામો અપાયાં છે. જેવાં કે ટ્રીકબોટ, વિઝાર્ડ સ્પાઇડર, ટીમ નાઇન વગેરે. પણ આ બધા જૂના બિઝનેસ ગ્રૂપમાંથી પેદા થયાં છે.

રૂયુકનું સોફ્ટવેર વેબમેઇલ એકાઉન્ટ વડે સંદેશા વ્યવહાર કરે છે અને વિક્ટિમ સાથેનો સંદેશા વ્યવહાર પતી જાય પછી તે વેબમેઇલ એકાઉન્ટ બંધ કરી દે છે. એક જ ટોનમાં વિક્ટિમ સાથે સંક્ષિપ્ત અને સચોટ વાત કરાય છે. કોણ સંદેશા વ્યવહાર કરી રહ્યું છે, તેનો વિક્ટિમને અણસાર આવતો નથી. માત્ર એક બે વાક્યોમાં જ વાત પતી જાય. એક અમેરિકન અધિકારીએ રૂયુક સાથેની બાનની રકમની સોદેબાજીમાં અનેક વખત હાજરી આપી હતી. અમુક વાટાઘાટોમાં એક ખાનગી સિક્યોરિટી પેઢીના અધિકારીએ હેકરોને કહ્યું કે, મારા ક્લાયન્ટ (વિક્ટિમ) આવડી મોટી રકમ આપી શકે તેવી સ્થિતિમાં નથી. તેમના ધંધાને પોસાય તેમ નથી. તુરંત રૂયુકના સોફ્ટવેર દ્વારા વિક્ટિમની કંપનીના દસ્તાવેજો, હિસાબો વગેરે રજૂ કરાય છે અને રૂયુક દ્વારા જણાવાય છે કે તમને આટલી રકમ ચૂકવવાનું પોસાય તેમ છે. ટૂંકમાં, તેઓ કોમ્પ્યુટર સિસ્ટમમાં માલવેર અથવા રેન્સમવેર દ્વારા સેંધમારી કરે ત્યારે કંપનીના દસ્તાવેજો પણ વાંચીને સાચવી રાખે છે. તેના આધારે વાટાઘાટ કરે. આ સલામતી અધિકારી એ વાત ખુલ્લી કરવા તૈયાર નથી કે કઈ કંપનીએ કેટલી રકમ છુટકારા માટે ચૂકવી?

આગળ લખ્યું તેમ રૂયુકની ટોળકી દ્વારા મોટી શાર્ક માછલીઓનો શિકાર કરવામાં આવે છે. બિઝનેસ શાર્ક્સ. તેની વિક્ટિમ કંપનીઓમાં ફોર્ચ્યુન ૫૦૦ની યાદીમાં આવતી કંપનીઓ હોય છે. જેમ કે એમકોર

ચૂકવણીનું માધ્યમ બની છે ક્રિપ્ટો કરન્સી

ગ્રૂપ, શિપિંગ કંપની બોવેસ વગેરે. ૨૦૧૯માં બોવેસ કંપનીને અનેક દિવસો સુધી ઠપ કરી દેવામાં આવી હતી. અમુક પબ્લિક સ્કૂલોની ચેઇન તેમ જ પ્રાણીઓની હોસ્પિટલોને પણ ટારગેટ કરાઈ હતી. તેઓ એવી રીતે ત્રાટકે છે કે મોટા વર્ગને મળતી સેવાઓ ઠપ થઈ જાય છે અને શોરબકોર મચી જાય છે. આવું વધુ થાય તેમ તેઓને વધુ ફાયદો. ગ્રૂપના સભ્યોને અમેરિકાની ૪૦૦ હોસ્પિટલોના તંત્રને ઠપ કરી દેવાની વાતો કરતા પણ નેગોશિએટરોએ સાંભળ્યા છે. આટલી હદે તેઓ ત્યારે જ જઈ શકે જ્યારે કોઈ સરકારી સત્તાનું તેઓને પીઠબળ હોય. અમેરિકાની એક હોસ્પિટલને તેઓએ નવ નવ દિવસ સુધી ઠપ કરી દીધી હતી. આખરે નવ દિવસ બાદ સમાધાન કર્યું. થયું એવું કે આ ડીસીએચ હોસ્પિટલમાં દાખલ થયેલા દરદીઓએ હોસ્પિટલની બેદરકારી બદલ હોસ્પિટલના મેનેજમેન્ટ પર વળતરનો કેસ માંડ્યો, જેની પતાવટ હજી ગયા મે મહિનામાં જ થઈ. 'યુનિવર્સલ હેલ્થ સર્વિસીઝ' નામની હોસ્પિટલ ચેઇનની કોમ્પ્યુટર સિસ્ટમ બંધ કરી દેવાની આ ચેઇનને ફરજ પડી, જેમાં ૨૫૦ હોસ્પિટલો સંકળાયેલી છે. દરદીઓના તમામ આવશ્યક રેકોર્ડ વગેરે તેમાં હતા. આ ચેઇને રેન્સમની રકમ ન ચૂકવી તે ન ચૂકવી. બીજા માધ્યમોમાંથી હોસ્પિટલનો રેકોર્ડ પુનઃ સ્થાપિત કરવામાં હોસ્પિટલ ચેઇનને અઠવાડિયાઓ લાગી ગયાં. કંપનીને છ કરોડ સિત્તેર લાખ ડોલરનું નુકસાન સહન કરવું પડ્યું. આખી સિસ્ટમ નવેસરથી ગોઠવવી પડી.

એક ભારતીય ડોક્ટરની લાસ વેગાસની હોસ્પિટલ ઠપ થઈ ગઈ હતી. એ દિવસે લાસ વેગાસની તમામ હોસ્પિટલોની સિસ્ટમો હેક થઈ ગઈ હતી.ડો. શિવેશ કુમાર રિલાયન્ટ ફિઝિશિયન્સ નામથી હોસ્પિટલોની શૃંખલા ધરાવે છે. ન્યૂ યોર્ક અને ઓરેગોન જેવાં શહેરોની અમુક હોસ્પિટલો કાયમ માટે બંધ પડી ગઈ. ઓરેગોનના સ્કાય લેઇક્સ મેડિકલ સેન્ટરના માલિકોએ પણ રેન્સમ ચૂકવવાની ના પાડી દીધી હતી. તેઓનું કહેવું છે કે, ક્રિમિનલો સાથે વાટાઘાટો કરવાની વાત જ મૂળથી ખોટી છે. એટેક વખતે ઘણા ઇમરજન્સી પેશન્ટને બીજા શહેરોની હોસ્પિટલોમાં તાબડતોબ ખસેડવા પડ્યા હતા.

આ ગ્રૂપોના અમુક લોકો પર અમેરિકન સરકારે કેસ કર્યા છે અને સજાઓ પણ ફરમાવી છે. મેક્સ નામથી ઓળખાતી લેટિવિયાની એક મહિલા હેકર અમેરિકાના પ્રવાસે ગઈ અને ગયા ફેબ્રુઆરીમાં ફ્લોરિડામાંથી પસાર થઈ રહી હતી ત્યારે તેને પકડી લેવામાં આવી હતી. કેટલાક રશિયનો અને યુક્રેઇનના નાગરિકોને પકડવામાં આવ્યા છે, પણ તેમની ઓળખાણ છતી કરવામાં નથી આવી. બિઝનેસ ક્લબના એક મેમ્બર ગણાતા મસ્કીમ યાકુબેત નામના રશિયન બિઝનેસ પર અમેરિકાએ ધંધાદારી નિયંત્રણો લાદ્યા છે. પકડાઈ જવાના ડરે હેકરો પોતાના માલવેરમાં ફેરફાર કરતા રહે છે. ગયા મહિને તેઓએ થોડા ફેરફારો સાથે કોન્ટી નામનો રેન્સમવેર વહેતો મૂક્યો છે. જાણકારો કહે છે કે, રૂયુક ગેંગ બીજી ગેંગોને આ કોન્ટી નામનો સોફ્ટવેર અમુક ટકા કમિશનના બદલામાં વાપરવા પણ આપે છે. ગયા મહિને અમેરિકા અને આયરલેન્ડની આરોગ્ય વ્યવસ્થા અને હોસ્પિટલોને આ કોન્ટી દ્વારા શિકાર બનાવવામાં આવી હતી. નાઇન ઇલેવનની ઇમરજન્સી કોલ સિસ્ટમને પણ તેની વિપરીત અસર પહોંચી હતી. કુદરત કંઈક સારું આપે છે, તો તેની સાથે અમુક નબળું જોડીને પણ આપે છે. અનેક બાબતોમાં આવું બને છે. કોમ્પ્યુટર તેમાંનાં એક છે. ■

'બિઝનેસ ક્લબ'ની ગેરકાનૂની પ્રવૃત્તિઓ સાથે અમેરિકન તપાસ એજન્સીઓને ૨૦૦૭થી વાસ્તો પડ્યો છે. શરૂઆતમાં બિઝનેસ ક્લબના સોફ્ટવેર ચાંચિયાઓ અલગ રીતે કામ કરતા હતા

સારસા વાછરડી ઉછેર કેન્દ્રમાં સરોગસી દ્વારા જોડિયા વાછરડીનો જન્મ

સમગ્ર દેશમાં અને વિદેશમાં પણ સરોગસી માટે ચરોતર પંથકનું એનઆરઆઇ શહેર એટલે કે આણંદ ખૂબ જ જાણીતું છે. અત્યાર સુધી તો સરોગસીથી મહિલાઓ બાળકને જન્મ આપતી હતી, પરંતુ હવે સરોગસી પદ્ધતિ દ્વારા ગાયએ મોનોઝિગોટિક જોડિયા વાછરડીને જન્મ આપ્યો છે. એમ્બ્રિયો ટ્રાન્સફર દ્વારા જોડિયા વાછરડીનો જન્મ થાય એવી ઘટના ભાગ્યે જ જોવા મળે છે.

hetalrao@sambhaav.com

આણંદ શહેરમાં સારસા સ્થિત વાછરડી ઉછેર કેન્દ્રમાં અત્યાધુનિક ટેક્નોલોજી દ્વારા અને વૈજ્ઞાનિ રીતે ગાયોના સંવર્ધન માટે કાર્ય કરવામાં આવે છે. સામાન્ય રીતે એક એમ્બ્રિયો ટ્રાન્સફર કરવામાં આવે તો એક જ વાછરડીનો જન્મ થાય છે, પરંતુ અહીં એક એમ્બ્રિયો ટ્રાન્સફર કરવા છતાં બે વાછરડીનો જન્મ થયો છે. એક ગાય વર્ષમાં એક વાછરડા કે વાછરડીને જન્મ આપે છે, પરંતુ ઇન વિટ્રો ફર્ટિલાઇઝેશન ટેક્નિકનો ઉપયોગ કરીને આ પ્રક્રિયાનું રિપિટેશન કરવામાં આવે છે.

સરોગસી દ્વારા ભવિષ્યનો પ્લાન પણ તૈયાર કરવામાં આવ્યો છે. જેમ કે અત્યાર સુધી જન્મેલાં ૧૪ વાછરડાંનો વૈજ્ઞાનિક રીતે ઉછેર કરીને તેમના વીર્યના ડોઝ તૈયાર કરીને ગામડાંઓના પશુઓને કૃત્રિમ વીર્યદાન માટે આપવામાં આવશે. ઉપરાંત સરોગસી દ્વારા જન્મેલી ૧૬ વાછરડીનો ઉછેર કરી તેમનો ડોનર કાઉ તરીકે ઉપયોગ કરવામાં આવશે અને તેમના ગર્ભબીજનો ઉપયોગ એમ્બ્રિયો તૈયાર કરવામાં આવશે. સાથે જ તેમના વીર્ય અને ગર્ભબીજનો ઉપયોગ કરીને લેબોરેટરીમાં તૈયાર કરેલા એમ્બ્રિયો ગામડામાં દૂધ ઉત્પાદકોનાં પશુઓમાં ટ્રાન્સફર કરવામાં આવશે. જેના કારણે જે ગાય ગર્ભાધાનના સમયે ૩૫૦૦થી ૪૦૦૦ લિટર દૂધ આપે છે, તે આવનારા ભવિષ્યમાં ૭થી ૮ હજાર લિટર દૂધ આપી શકે છે. ડોનર પાસેથી લીધેલા ગર્ભબીજને ઉચ્ચ ઓલાદના આખલાના વીર્ય સાથે ફલિત કરીને લેબોરેટરીમાં તૈયાર કરવામાં આવતા એમ્બ્રિયોને સરોગેટ ગાયના ગર્ભાશયમાં ટ્રાન્સફર કરવામાં આવે છે. સારસા વાછરડી કેન્દ્રમાં આ પ્રથમ ઘટના છે કે એક એમ્બ્રિયો મૂકવાથી જોડિયા વાછરડીનો જન્મ થયો હોય. ઉછેર કેન્દ્રમાં દસેક મહિનામાં ૫૫૪ એમ્બ્રિયો ફલિત કરવામાં આવ્યા હતા. જેના દ્વારા ૩૦ ગાયોએ ૧૪ વાછરડાં અને ૧૬ વાછરડીઓને જન્મ આપ્યો છે. હાલમાં ૧૭૪ ગાય ગાભણ છે.

ભારતમાં સૌ પ્રથમવાર સારસા સ્થિત વાછરડી ઉછેર કેન્દ્રમાં વાછરડીઓમાં હિટ ડિટેક્શન અને આરોગ્ય માટે ઇલેક્ટ્રોનિક કડીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે

રામસિંહ પરમાર,
ચેરમૅન, અમૂલ ડેરી

આ વિશે વાત કરતાં અમૂલ ડેરીના ચેરમેન રામસિંહ પરમારે 'અભિયાન'ને જણાવ્યું હતું કે, 'પશુ ઉછેરમાં ડિજિટલાઇઝેશનની આ પહેલ આવનારા દિવસોમાં પશુ સંવર્ધન માટે સમગ્ર દેશમાં નવી દિશા ચિહ્નરૂપ બની રહેશે. પુખ્ત વયની વાછરડીઓના કાને ઇલેક્ટ્રોનિક કડી લગાવવામાં આવે છે. જેના માધ્યમથી ગાયો હિટમાં આવે કે, બીમાર પડે તો તેના સંકેત મળી રહે છે. એટલું જ નહીં, રોજની ક્રિયાઓ વિશેની માહિતી પણ મોબાઇલ, ફોન કે કોમ્પ્યુટર પર મેળવી શકાય છે. વાછરડી ઉછેર કેન્દ્રમાં પશુપાલકોની વાછરડીનો આધુનિક, વૈજ્ઞાનિક ઢબે ઉછેર કરવામાં આવે છે. પશુપાલકની વાછરડી છ મહિનાની અને વજન ૭૫ કિલોગ્રામથી વધુ હોય તેમની પાસેથી ૪થી ૬ હજાર રૂપિયામાં વાછરડી સારસા ફાર્મ પર લાવવામાં આવે છે. જ્યારે વાછરડી પુખ્તવયની થાય ત્યારે તેમાં કૃત્રિમ વીર્યદાન કરી તેને ગાભણ કરવામાં આવે છે. ગાભણ વાછરડીના ઉછેર માટે થયેલા ખર્ચની રકમ લઈને જે-તે પશુપાલકને વાછરડી પરત આપવામાં આવે છે. જો પશુપાલકને વાછરડી પરત લેવી ના હોય તો પરિપત્ર કરવામાં આવે છે અને જે પણ વાછરડી ખરીદવાની ઇચ્છા દર્શાવે તેમને નહીં ખર્ચ નહીં નફાના ધોરણે અપાય છે. હાલમાં ફાર્મમાં ૬૬૦ વાછરડીની ક્ષમતા છે.' ■

પરીક્ષિત જોશી

સુશીલને પહેલવાનીએ પદ-પ્રતિષ્ઠા-પારિતોષિક અપાવ્યાં, પણ પચ્યાં નહીં

વર્લ્ડ ચેમ્પિયનશિપનો ખિતાબ જીતનાર એકમાત્ર પહેલવાન સુશીલ કુમારની કારકિર્દી અને જીવન અત્યારે આક્ષેપો અને દિલ્હી પોલીસની સાથે કુસ્તી કરી રહ્યા છે. પ્રતિષ્ઠિત કુસ્તીબાજ સુશીલ કુમાર પર તેના પૂર્વ જુનિયર નેશનલ ચેમ્પિયન સાગર ધનખડેની હત્યાનો આરોપ છે. જેન્યુઇન અને નેચરલ સ્પોર્ટ્સ ગણાતી કુસ્તીમાં પણ આટઆટલા કાવાદાવા અને કાવતરાની રાજનીતિ હશે એ આ કિસ્સા દ્વારા ઉઘાડી પડી ગઈ છે.

જેને માટે જીવન સમર્પિત કર્યું હોય, જેણે જીવનમાં તમને સર્વસ્વ આપ્યું હોય એ ધંધા-રોજગાર-વ્યવસાયના દિવસે જ તમારા સપના ચકનાચૂર થઈ જાય તો...અત્યારે ઑલિમ્પિક મેડલ્સ વિજેતા પદ્મશ્રી અર્જુન રાજીવ ગાંધી ખેલરત્ન પારિતોષિક પ્રાપ્ત પહેલવાન સુશીલ કુમાર સાથે એવું જ થઈ રહ્યું છે. તાજેતરમાં, ૨૩મી મે, ૨૦૨૧ના રોજ, વિશ્વ કુસ્તી દિવસે, દિલ્હી ખાતેથી એક સાથી પહેલવાનની હત્યાના કિસ્સામાં સુશીલ કુમારની ધરપકડ થઈ હતી. ઑલિમ્પિક પદક વિજેતાની ધરપકડે ભારતીય કુસ્તીની ગ્લેમરસ દુનિયાની કઠોર વાસ્તવિકતાઓનો પર્દાફાશ કર્યો છે.

દિલ્હીના ઉપનગર નજફગઢના એક ગામ બાપરોલામાં એક સામાન્ય બસ ડ્રાઇવરને ત્યાં જન્મેલા સુશીલ કુમાર એકમાત્ર એવો ભારતીય એથ્લેટ છે જે ઑલિમ્પિકની વ્યક્તિગત સ્પર્ધામાં બે પદક : વર્ષ ૨૦૦૮માં કાંસ્ય અને વર્ષ ૨૦૧૨માં રજત, જીતી ચૂક્યો છે. એટલું જ નહીં, વર્લ્ડ ચેમ્પિયનશિપનો ખિતાબ જીતનાર એકમાત્ર પહેલવાન છે. સુશીલ કુમારની ઝોળીમાં એશિયાઈ ખેલમહોત્સવમાં કાંસ્ય, એશિયાઈ ચેમ્પિયનશિપના ચાર પદક અને રાષ્ટ્રમંડળ ખેલમહોત્સવના ત્રણ સ્વર્ણપદક પણ છે. લાંબા સમયગાળા પછી સુશીલને ટોકિયો ઑલિમ્પિક માટે ક્વૉલિફાઇ કરીને ખેલ-વાપસીની આશા હતી. આ સ્પર્ધા કોવિડ-૧૯ના લીધે એક વર્ષ માટે સ્થગિત કરવામાં આવી હતી. ૨૩ વર્ષના પહેલવાન અને પૂર્વ જુનિયર રાષ્ટ્રીય ચેમ્પિયન સાગર ધનખડની હત્યાના આરોપમાં દેશના સૌથી વધુ ચર્ચિત પહેલવાનની ધરપકડ થતાંની સાથે એની આવી બધી યોજનાઓ પર પાણી ફરી વળ્યું.

દિલ્હી પોલીસે આરોપ લગાવ્યો છે કે ૪થી મેના રોજ દિલ્હીના છત્રસાલ સ્ટેડિયમના પાર્કિંગમાં ધનખડ અને અન્ય બે સાથે મારામારી કરનારી ટુકડીનું નેતૃત્વ સુશીલ કરી રહ્યો હતો, આ વિવાદને કારણે બે રમતવીરોની કારકિર્દી અકાળે આથમી ગઈ છે. સુશીલ કુમાર જેવો એક પ્રતિષ્ઠિત ખેલાડી આ ઘટના સાથે જોડાયેલો છે એ બાબત રમતજગત અને ખેલાડીઓ માટે જેટલી આશ્ચર્યજનક અને અગત્યની છે એટલી જ મહત્ત્વની બાબત એ પણ છે કે આ કિસ્સાને કારણે દિલ્હીના ગુનેગારો સાથેની પહેલવાનોની સાઠગાંઠ પણ ખુલ્લી પડી ગઈ છે. ધનખડના સાથીઓમાંનો એક, સોનુ મહાલ કુખ્યાત ગેંગસ્ટર કાલા જઠેડીનો ભત્રીજો છે, જેના વિરુદ્ધમાં રાજસ્થાન, હરિયાણા અને દિલ્હીમાં ગુના નોંધાયેલા છે. આ કિસ્સામાં ફરાર સુશીલની ૨૩ મેના રોજ દિલ્હી ખાતે ધરપકડ કરવામાં આવી હતી. ૪થી મેની રાતે બનેલી ઘટનામાં એના સહાયક તરીકે દિલ્હી અને એની આસપાસના



વિસ્તારમાં કાલા અસૌદા અને નીરજ બવાના ગેંગના લોકો હતા. દિલ્હી પોલીસે અત્યાર સુધીમાં નવ લોકોની ધરપકડ કરી છે. આ ઝઘડાના મૂળમાં એક સંપત્તિ છે એવી પણ વાત વહેતી થઈ છે.

પોતાના પિતા દીવાનસિંહને શોખ ખાતર પહેલવાની કરતાં જોઈને સુશીલના મનમાં પહેલવાની કરવાનો વિચાર આવ્યો અને પછી તો પુત્રને પહેલવાન તરીકેની તાલીમ અપાવવા પાછળ પિતાએ પોતાનું સર્વસ્વ હોમી દીધું. વધુ સઘન તાલીમ માટે ૧૪ વર્ષની ઉંમરે અકાદમી આવ્યા પછી છત્રસાલ સ્ટેડિયમ એક રીતે સુશીલનું બીજું ઘર બની ગયું હતું. ૨૦૧૫માં સ્ટેડિયમ ચલાવનારા પહેલવાનમાંથી કોચ બનેલા સતપાલસિંહની નિવૃત્તિ પછી ઉત્તર રેલવે દ્વારા સુશીલને વિશેષ કાર્ય અધિકારી તરીકે નિયુક્તિ આપવામાં આવી હતી. જેથી ઊભરતા પહેલવાનોના કોચ તરીકે સતપાલસિંહની ખાલી જગ્યાએ ભવિષ્યમાં સુશીલની વરણી થઈ શકે. જોકે પોલીસના સૂત્રોએ જણાવ્યા મુજબ, સુશીલના પહેલેથી જ જઠેડી ગેંગ સાથે સંબંધ રહ્યા છે. હરિયાણા પોલીસ સાથેની અથડામણ પછી ફરાર થઈ ગયેલા જઠેડીને લીધે, એના વિરોધીઓ એવા અસૌદા અને બવાના સાથે સુશીલે સંબંધ વિકસાવ્યા હતા. બીજી તરફ દિલ્હી પોલીસના એક હેડ કોન્સ્ટેબલનો પુત્ર ધનખડ પણ જઠેડી ગેંગ સાથે સંકળાયેલો હતો.

કેટલીક વાતો નક્કર હોય છે અને કેટલીક હવાની સાથે વહેતી હોય છે, હત્યા સંબંધે પોલીસની સઘન તપાસ ચાલુ છે, પરંતુ પ્રતિષ્ઠિત પહેલવાન સુશીલની ઈજ્જત તો ધૂળમાં મળી ગઈ છે. નિશાનેબાજ અભિનવ બિન્દ્રાએ ૨૦૦૮ બેઇજિંગ ઑલિમ્પિકમાં વ્યક્તિગત શ્રેણીમાં ભારત માટે પહેલો સુવર્ણચંદ્રક મેળવીને ઇતિહાસ રચ્યો હતો, એવી જ અદ્‌ભુત સિદ્ધિ સુશીલે પણ મેળવી હતી. ૫૬ વર્ષના ઇતિહાસમાં પહેલીવાર સુશીલે કુસ્તી માટે પદક જીત્યો હતો.

છત્રસાલ સ્ટેડિયમમાં પહેલેથી જ સુશીલને મળવા આવનારાઓમાં કેટલાક સંદિગ્ધ તત્ત્વો



પહેલવાન સુશીલ કુમાર પત્ની સાવી અને સંતાનો સાથે

પણ હતા. ત્યાં સહાયક કોચ તરીકે કાર્યરત રામફલ માનના મતે, એ લોકોને સ્ટેડિયમમાં આવતા રોકવા માટે એમણે પ્રયત્ન કરેલો પરંતુ સુશીલનું ફૂણ વલણ જોતાં પછી એમણે એ બાબતમાં પડવાનું માંડી વાળ્યું હતું. આજે એ તત્ત્વોની સોબતે સુશીલને જીવનના આ વળાંક પર લાવી મૂક્યો છે. સુશીલનો આ પહેલાં પણ એક પ્રતિસ્પર્ધી પહેલવાન સાથે મોટો વિવાદ થયેલો. વર્ષ ૨૦૧૬માં રિયો ઑલિમ્પિક એટલે કે સતત ત્રીજા ઑલિમ્પિકમાં રમવાના પોતાના સંકલ્પ સાથે સુશીલે નરસિંહ યાદવ સાથે પોતાનો એક મુકાબલો કરાવવાની માગણી કરી. હકીકતમાં, વર્લ્ડ ચેમ્પિયનશિપ પદક જીતીને નરસિંહ યાદવે ભારત તરફથી રિયો ઑલિમ્પિકમાં જવાનો માપદંડ પૂરો કરી લીધો હતો, પણ જ્યારે ભારતીય કુસ્તી મહાસંઘે આ માગણીનો અસ્વીકાર કર્યો ત્યારે સુશીલે દિલ્હીની વડી અદાલતના દ્વારા ખખડાવ્યા, જ્યાં પણ તેની હાર થઈ.

પૂર્વ જુનિયર રાષ્ટ્રીય ચેમ્પિયન સાગર ધનખડની હત્યાના આરોપમાં દેશના સૌથી વધુ ચર્ચિત પહેલવાનની ધરપકડ થતાંની સાથે એની આવી બધી યોજનાઓ પર પાણી ફરી વળ્યું

નરસિંહ યાદવે પોતાના ભોજનમાં સ્ટિરોઇડ્સ ભેળવવામાં જવાબદાર સુશીલના મળતિયા હોવાનો આક્ષેપ કર્યો હતો. સ્ટિરોઇડ્સને લીધે યાદવ પણ ઑલિમ્પિકમાં જઈ શક્યા નહીં અને ચાર વર્ષ સુધી એમને કુસ્તીમાં ભાગ લેવા પર પ્રતિબંધ લાદી દેવામાં આવ્યો. જોકે સીબીઆઈની તપાસમાં સુશીલ નિર્દોષ જાહેર થયો હતો. ડિસેમ્બર ૨૦૧૭માં ૨૦૧૮ની કોમનવેલ્થ ગેમ્સ માટે દિલ્હીમાં આયોજિત ટ્રાયલની ફાઇનલમાં સુશીલે પ્રવીણ રાણાને હરાવ્યા પછી બેય જૂથો વચ્ચે બથંબથ્થી થઈ ગઈ હતી. પ્રતિયોગિતા અધિકારીનો પક્ષપાત હતો એવા રાણાના આરોપને કુસ્તી બિરાદરીએ જોઈ જાણી લીધી હતી, પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે સુશીલના મજબૂત પ્રદર્શનને કારણે આખી વાત સંકોરાઈ ગઈ હતી.

માર્ચ ૨૦૨૧માં સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઇન્ડિયાના અધ્યક્ષ તરીકે ફરીથી ચૂંટાયા પછી એક સંચાલકની ભૂમિકામાં હોવા છતાં સુશીલે કુસ્તી ચાલુ રાખી. કુસ્તી છોડતાની સાથે જ જાહેરાતોની આવક પણ ચાલી જતી. ડિસેમ્બર ૨૦૧૭ની પ્રો રેસલિંગ લીગનો સુશીલ સૌથી મોંઘો ખેલાડી હતો. દિલ્હી સુલ્તાન્સે એના માટે પંચાવન લાખ રૂપિયાની બોલી લગાવી હતી. ૨૦૧૯ સુધી મહાસંઘે એને ગ્રેડ-એ કરાર દ્વારા સન્માનિત કર્યો, જેના માટે વાર્ષિક ૨૦ લાખનું પારિશ્રમિક મળ્યું. જોકે ૨૦૧૮ સુધીમાં એની કારકિર્દી અંત તરફ હતી. એ વર્ષ જાકાર્તામાં યોજાયેલા એશિયાઈ રમતોત્સવમાં પદક ન મેળવી શક્યો. ૨૦૧૯માં વર્લ્ડ ચેમ્પિયનશિપના પહેલા રાઉન્ડમાં જ બહાર ફેંકાઈ ગયો. જાન્યુઆરી ૨૦૨૦માં ખભા પરની ઈજાને લીધે એણે મહાસંઘને એશિયાઈ ચેમ્પિયનશિપ અને ઑલિમ્પિક ક્વૉલિફાયર માટે ૭૪ કિલો વર્ગના ટ્રાયલને મોકૂફ રાખવા અનુરોધ કર્યો, પરંતુ મહાસંઘે નનૈયો ભણ્યો.

દેશનું પ્રતિષ્ઠિત પદ્મશ્રી સન્માન અને અર્જુન એવૉર્ડ તથા રાજીવ ગાંધી ખેલરત્ન પુરસ્કાર પ્રાપ્ત સુશીલ અત્યારે તો જેલની બહાર નીકળવા અને પોતાના પરના આરોપમાંથી નિર્દોષ છૂટવાની આશા રાખતો હશે, પરંતુ એનો ભૂતકાળ એનો પીછો કરી રહ્યો હશે. જેન્યુઇન અને નેચરલ સ્પોર્ટ્સ ગણાતી કુસ્તીમાં પણ આટઆટલા કાવાદાવા અને કાવતરાની રાજનીતિ હશે એ આ કિસ્સા દ્વારા ઉઘાડી પડી ગઈ છે. સ્પોર્ટ્સમેન-સ્પિરિટ એ વળી કઈ બલા છે, વારુ...! ■

અંજલિ ગાયકવાડને ઇન્ડિયન આઇડોલમાંથી કાઢી..!!

ગધેડે સાકર ના નંખાય..!!

ભૂલ અંજલિ અને તેનાં માતાપિતાની છે કે જેમણે ઉત્તમ કક્ષાનું શાસ્ત્રીય સંગીતનું જ્ઞાન પોતાની દીકરીને આપ્યું અને પછી ગધેડા નહીં, પણ ખચ્ચરો જોડેની રેસમાં પોતાની દીકરીને ઉતારી..!!

ખચ્ચરો દોડે એવું બિચારો મને'ખ ક્યાંથી દોડે!!!..?

શાસ્ત્રીય સંગીત કે પછી બીજું કોઈ પણ શાસ્ત્ર હોય એને સમજતા પહેલાં જે-તે શાસ્ત્રનું જ્ઞાન લેવું આવશ્યક છે, ડૂબો સો તૈરો.. તૈરો સો ડૂબો..!!

જે શાસ્ત્રમાં ડૂબ્યો એ તરીને બહાર આવે અને જે તરવા ગયો એ ડૂબી જાય..મૂઓ પડ્યો..!!

અંજલિ ગાયકવાડના જવાથી બીજું પણ એક કામ થઈ ગયું. પેલા જે 'જજડા' જજ કરવા બેઠા હતા, એમના પાણી પણ મપાઈ ગયા..!!

સાકર એમણે પણ ના ખાવી જોઈએ..!!

અને પબ્લિકે તો ભૂલથી પણ નહિ..!!

ઘણી દુર્દશા છે ભારત વર્ષમાં ભારતના પોતાના વારસા માટે, એકલું સંગીત જ નહીં, પણ બીજાં ઘણા બધાં ક્ષેત્રે પણ..!

કલાની કદર કરવામાં બહુ પાછળ રહી ગયા છીએ. લખતા દુ:ખ થાય છે, પણ પદ્મ પુરસ્કાર વિજેતા કલાકારોના શાસ્ત્રીય સંગીતના જલસામાં મેં ચાલીસ પચાસ શ્રોતા માંડ થયા હોય એવા જલસા જોયા છે અને પુરસ્કાર રૂપે હજારમાં, ફક્ત પાંચ આંકડામાં આપતા અને લેતા જોયા છે..!!

છેલ્લા દોઢ બે વર્ષથી તો બધું ઓનલાઈન ચાલી રહ્યું છે, એમાં પણ ફેસબુક ઉપર લાઈવ શાસ્ત્રીય સંગીતના કોઈ જલસા જોતા હોઈએ ત્યારે પણ ઘણી બધી વાર આખા ભારતમાંથી સો બસ્સો લોકો માંડ જોઈન થયા હોય..!!!

આર્થિક દશાની કે અર્થની તો ઓનલાઈનમાં વાત કરવાની જ નહીં..!!!

કલા રાજઆશ્રયે હતી અને રાજ હવે રહ્યા નહિ, જૂના રાજા રજવાડાને કાઢ્યા બાકી હતું તે એમના સાલિયાણા પણ પુરા કર્યા. નવા રાજા રજવાડાં પેદા કર્યા. એમના સાલિયાણા ચાલુ કર્યા.!!

જૂનાવાળાને કલા પ્રત્યે લગાવ હતો, સમજણ હતી, હવે નવા પેદા થયા એ અમુક તદ્દન ઢોર કક્ષાના..!!

વાંચતા લખતા માંડ આવડે એવા કેટલાક તો એમને શાસ્ત્રની સમજ આપવા ક્યાં જવું..??

એક બહુ ગંદો પ્રસંગ કહું તમને..! અભણોની છોડો, ભણેલો-ગણેલો સંપન્ન વ્યક્તિ કેવો હોય છે..!

થોડાંક વર્ષો પહેલાં એક કહેવાતા મોટા માણસને મેં ફોન કર્યો કે આપ ઘણીવાર મને કહેતા હોઉં છો કે શાસ્ત્રીય સંગીતના કોઈ સારા પ્રોગ્રામમાં આપને આવવું છે, તો આજે એક બહુ વિખ્યાત બાંસુરી વાદકનો પ્રોગ્રામ છે અને આપ ઇચ્છો તો આપ મારી સાથે આવી

શકો છો તે માણવા...

જવાબ સાંભળીને મને તમ્મર ચડી ગયા.

શૈશવભાઈ, એક કામ કરો ને, એમને આપણા ઘેર જ બોલાવી લ્યો ને, થોડુંક એમને સાંભળીશું ને સાથે જમશું, થોડોક સત્સંગ કરશું..!!

અરર ર ર... મને થયું કે આ શું?

ક્યાં જઈને અટકવું હશે આમને? આટલી બધી ધૃષ્ટતા?

પણ છે, આ ધરતી ઉપર આવા પણ માણસો છે.

અને એમને હું 'ને તમે ઓળખીએ પણ છીએ. એમના માટે સીજી કે એસજી રોડ ઉપર અડધી રાત્રે પેલા વાંસળી વગાડતા 'ને ભીખ માંગતા ભિખારી અને શાસ્ત્રીય બાંસુરી વાદકમાં કોઈ ફર્ક જ નથી હોતો..!!!

એક ટંક જમાડીને બાંસુરી સાંભળીને બાંસુરી વાદક ઉપર ઉપકાર કરવો હતો એમને..!!

ઘણુ મનોમંથન આ વિષય ઉપર કર્યું છે કે કેમ આવું? પણ ઉકેલ નથી દેખાતો..!

મેં જ્યારે મારી વિદ્યાર્થી અવસ્થામાં તાનપૂરો હાથમાં ઝાલ્યો ત્યારે મારી આજુબાજુમાં દૂર દૂર સુધી તાનપૂરા અને સિતારને જુદા પાડી શકે એવી કોઈ વ્યક્તિ નહોતી. સંગીત 'ને ભજન, લોક સંગીત અને ફિલ્મી સંગીતના દાયરામાં બાંધી દેવામાં આવ્યું હતું..!

પેલું રંભા હો હો હો..મૈં નાચું, તુમ નાચો .. કરીને કંઈ એ ગીત ચાલ્યું હતું ત્યારે અને અપેક્ષા એની રહેતી મારી પાસેથી, હું ક્યારેક ધમણ ખોલીને સા રે ગ મ પ ધ ની સાં કરતો, ખાલી સરગમ જ હો, તાન તો આવડતી પણ નહોતી અને લેતો પણ નહોતો, ખાલી ને ખાલી અલંકાર, તો પણ કેવા કેવા શબ્દો સાંભળવા મળતા.!!!

એકવાર પતંગ હોટેલમાં થોડાક મિત્રો જોડે હું ગયો હતો. ત્યાં લાઈવ પ્રોગ્રામ ચાલે ગાવાનો, હવે થયું એવું કે કલાકાર સહેજ ઓળખાણમાં નીકળ્યો, હાય હેલ્લો થયું.

એક મિત્રએ મને પૂછ્યું, ઓળખે છે તું, મેં કીધું હા.. એણે મને નીચું દેખાડવા વેઈટરને બોલાવીને સો રૂપિયાની ટિપ કલાકારને મોકલાવી 'ને પછી મને ખેંચીને મારી, 'આ જગ્યાએ તું બેઠો હોઈશ અને હું આવીશ તો બસ્સો આપીશ.'

હસવું કે રડવું એની મને સમજણ ના પડી,

મેં જ્યારે મારી વિદ્યાર્થી અવસ્થામાં તાનપૂરો હાથમાં ઝાલ્યો ત્યારે મારી આજુબાજુમાં દૂર દૂર સુધી તાનપૂરા અને સિતારને જુદા પાડી શકે એવી કોઈ વ્યક્તિ નહોતી

કેમ કે એ કલાકારની આર્થિક પરિસ્થિતિ હું જાણતો, એ સમયે જ્યારે નવ રૂપિયા 'ને નેવું પૈસે લિટર પેટ્રોલ હતું અને ત્યારે સોની નોટ ઘણી મોટી હતી, પણ હું બાર લાખ છપ્પન હજાર હતો, પાશેરાની પહેલી પૂણી મેં જોઈ નહોતી એટલે મને બસ્સો તું આપી જાય!

એવો મગજમાં ઝાટકો આવ્યો હતો, પણ પેલાને સોની નોટ મળ્યાનો મને સંતોષ થયો હતો, કેમ કે કલાકાર ઘણો ખુશ દેખાતો હતો..!!

પતંગની એક સારી વાત એ હતી કે રિવોલ્વિંગ હતી એટલે સ્ટેજ ત્યાંનું ત્યાં રહ્યું અને અમારા ટેબલ આગળ વધી ગયા..!!

ગળી પીધું..!!!!

પચાસ વર્ષની આ જિંદગીમાં લગભગ છેલ્લાં ત્રીસ વર્ષથી નજીકથી શાસ્ત્રીય સંગીત અને એના કલાકારોને જોતો આવ્યો છું.

ક્યાંક કોઈ ને 'સ-રસ', 'સ:રસ' અને 'સરસ' રીતે સંગીતને વેચતા, મચેડતા આવડ્યું છે ને સારું એવું અર્થોપાર્જન કરી ચૂક્યા છે અને બીજી તરફ સ્ટેજ ઉપર ત્રણ ત્રણ કલાક ઝાડો પેશાબ દબાવીને બેઠા રહીને તાનપૂરો વગાડીને સંગત આપનારા આ જમાનામાં પણ પાંચસો સાતસો લેનારા છે..!!

રાજ આશ્રય હવે મળવાનો નથી, શાસ્ત્રીય સંગીત હોય કે બીજું કોઈ શાસ્ત્ર, એણે પોતે પોતાની રીતે જ કમાવાનું છે અને પેટ ભરવાનું છે..!!

વિખ્યાત કેનેડિયન વિચારક તારક ફત્તાહએ એક પોસ્ટ શેઅર કરી છે લખે છે, ઈસવીસન ૧૧૯૩માં બખ્તિયાર ખીલજીએ નાલંદા વિશ્વવિદ્યાલયને તબાહ કર્યું ત્યારે આઠ લાખ પુસ્તકો, હસ્તલિખિત પ્રતિઓ સતત સળગતી રહી અને એ પણ ત્રણ મહિના સુધી..!! સદીઓનું ભેગું કરેલું જ્ઞાન રાખ થઈ ગયું. હવે જે બચ્યું છે શાસ્ત્ર, એને બચાવવું રહ્યું. શાસ્ત્રનો પ્રચાર, પ્રસાર અને સન્માન એક જ માર્ગ છે..!!

જોઈએ હવે આગળ અંજલિ ગાયકવાડ કેટલી શુદ્ધતા જાળવી રાખે કે પછી રંભા હો હો હો..માં સા ગ મ ધ ની સાં, ગમ પ, મ પ સાં સાં જેવી સરગમો અને તાનો નાખીને રી-મિક્સ બનાવીને મારી જેમ સરસ્વતીની પૂજા કરીને લક્ષ્મી દેવીની આરતી ઉતારવામાં લાગી જાય છે..!!

સમય જ કહેશે..!!

પણ સો વાતની એક વાત..!

ગધેડે સાકર ના નંખાય, એટલે ના નંખાય..!

ટોટલ-ની-રીપ્લેસમેન્ટ
(ગોઠણના સાંધા બદલવાનું ઓપરેશન)
શા માટે પ્રભુકૃપા હોસ્પિટલ ખાતે...
દરેક માટે ગારંટેડ ફરજીયાત
એક દર્દી-એક રૂમમાં, દરેક દર્દી માટે સીંગલ ડીલક્સ રૂમ
સેનેટાઈઝર અને સેનેટાઈઝેશનનો આગ્રહ
લેમિનાર એર ફ્લો વાળુ ઓપરેશન થીએટર
સોશ્યલ ડીસટન્સનું પાલન
ઓપરેશન દરમ્યાન 'સ્પેશ્યલ સ્યુટ'નો ઉપયોગ
સ્વચ્છ અને વાતાનુકુલીત પ્રીમાઈસીસ
હોસ્પિટલમાં ફક્ત (૨) દિવસનું જ રોકાણ
સૌરાષ્ટ્ર-કચ્છની એકમાત્ર હોસ્પિટલ જ્યાં ફક્ત રીપ્લેસમેન્ટ સર્જરી જ કરવામાં આવે છે.
ડૉ. કેતન શાહ એમ. એસ. (ઓર્થો.) ડી.એન.બી. (ઓર્થો.)
જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જન
જયુબેલી ગાર્ડન પાસે, કસ્તુરબા રોડ,
સીનીયર સીટીઝન પાર્ક સામે, રાજકોટ.
0281-2226674 9898 778 541
/prabhukrupahospital www.prabhukrupahospital.in
PASSIONATE ABOUT KNEE CARE

તરબૂચ લીલું 'ને રંગ રાતો !

જેમ કેટલાક રાજકારણીઓ આચારસંહિતા કે કોરોના સંહિતાનું કે પછી કોરોના સંદર્ભે સરકારે રજૂ કરેલી ગાઇડ લાઇન્સનું પાલન કરવામાં શરમ અનુભવે છે, એ જ રીતે ઋતુઓ પણ જુઓને, હવે તો પોતાની ઋતુસંહિતાનું પાલન કરવામાં શરમ અનુભવતી હોય એમ લાગે છે!

વૈશાખ, જેઠ મહિનો શરૂ થાય એટલે મને મારું બાળપણ યાદ આવે. કેટલી સ્વતંત્રતા હતી કપડાં પહેરવામાંથી! માણસ જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ એ કપડાંનો ગુલામ બનતો ગયો. બાળપણ એટલે કપડાંની ગુલામીમાંથી મુક્તિ! મને એક આ બાબતે જ ખાસ તો ઉનાળાની ગરમીના દિવસોમાં પ્રાકૃતિક અવસ્થામાં હરતા ફરતા અને વરસતા વરસાદમાં ઓપન બાથ લેતાં બાળકોની ઈર્ષા આવે છે!

ઓફિસમાં ગયા પછી મારા એક સહકર્મચારી ભાઈને હું ઓળખી જ ન શક્યો. મારી કેબિનમાં આવીને એમણે મને 'ગુડ મોર્નિંગ સર!' એમ કહ્યું ત્યારે મેં એમનો આભાર માનવાને બદલે પૂછ્યું : 'મેં તમને ઓળખ્યા નહીં ભાઈ. આજે જ અહીં જોડાયા છો કે શું?' ત્યારે એમણે સ્મિત કરતાં કહ્યું : 'શું સાહેબ તમે ય તે! મને ઓળખ્યો નહીં? હું હસમુખ!' અવાજ ઓળખીને મેં આશ્ચર્યથી કહ્યું, 'અરે હસમુખભાઈ! તમે તો ઓળખાતા જ નથી ને કાંઈ!' ત્યારે એમણે હસી પડતાં કહ્યું : 'હવે તો કન્ફર્મ થઈ ગયું ને કે હું હસમુખ જ છું!' મેં એમને કહ્યું, 'તમારા અવાજ પરથી પકડી પાડ્યા કે છો તો તમે જ! પણ માથે આવું કેમ? સાવ... વેરાન? હમણા માથેરાન બાજુ જવાના છો કે પછી ત્યાં જઈ આવ્યા છો કે શું?' એમણે નામ પ્રમાણે હસતું મોં રાખીને કહ્યું, 'એવું નથી સાહેબ, પણ ગરમી શરૂ થઈ એટલે વાળ સાવ ઓછા, સાવ ઓછા એટલે, સા...વ ઓછા કરી નાખ્યા!'

'બસ ત્યારે,' મેં પાણી ગટગટાવતાં કહ્યું, 'એટલે જ તમને ઓળખી ન શક્યો, પણ આટલા વાળ પણ શા માટે રાખ્યા? કરવો'તો, તો ટકો જ કરાવી લેવો'તો ને?'

'વિચાર તો સાવ ટકો જ કરાવવાનો હતો, પણ પછી થયું કે ઘરે જઈશ ત્યારે વાઈફ નહીં ઓળખે, તો? એક તો માંડ માંડ ઠેકાણે પડ્યું હોય. બસ, આ બીકને લીધે જ આટલા વાળ બેલેન્સ પૂરતા રાખ્યા છે.'

જોયું! ઉનાળાની ગરમી કોઈનેય છોડતી નથી. ભલભલા મહાનુભાવો અને મોટા ચમરબંધીઓ પણ ઉનાળાની ગરમીથી બચવા અવનવા અખતરા કરતા રહે છે.

એક રીતે ઘરની ગરમી કરતાં ઉનાળાની ગરમી સારી કે એનાથી બચવા જાત જાતના અખતરા કરી શકાય છે. શાસ્ત્રોમાં પત્નીને ઘરનો પર્યાય

માનવામાં આવે છે, ઘરની ગરમી સામે આવો અખતરો કરવો એટલે ખતરો વ્હોરી લેવો! મારી સામેના ફ્લેટમાં રહેતા બાબુ બોસે સવાર, બપોર, સાંજ બહારની ગરમીથી બચવા તરબૂચ ખાવાનું શરૂ કરી દીધું છે. પડોશીધર્મ બજાવવામાંને બજાવવામાં એ ક્યારે આપણી બજાવી નાખે એનું કંઈ કહેવાય નહીં.

'પંડ્યાજી,' ઘરમાં પ્રવેશતાં જ બાબુએ કહ્યું, 'શું કરો છો?'

'બસ, પેલા બિરબલની જેમ અંધ વ્યક્તિની યાદી તૈયાર કરી રહ્યો છું.'

'વાહ!' મારી બાજુમાં બેસતાં એમણે પૂછ્યું, 'પહેલું નામ કોનું છે?'

'તારું' પેન બંધ કરતાં મેં કહ્યું, 'શરૂઆત તારા નામથી કરી છે.'

'શું તમેય તે?' વાઈફે રસોડામાંથી પાણીના બે ગ્લાસ લાવી ટિપાઈ પર મૂકતાં કહ્યું, 'ભાનમાં તો છો ને? બાબુભાઈને આવું કહેવાય?'

'તો કેવું કહેવાય? એક તો એ જુએ છે કે હું લખી રહ્યો છું, અને તેમ છતાં મને પૂછે છે કે શું કરો છો? તો છતી આંખે એ અંધ જ કહેવાય ને?'

'ઓહ...' બાબુએ હળવાશ અનુભવતાં કહ્યું, 'તો એમ ચોખવટ કરને યાર... બે ઘડી તો હું વિચારમાં પડી ગયો કે, સાલુ હું અંધ થઈ ગયો એની પંડ્યાને ખબર પડી અને મને ન પડી? તેં તો મને ગભરાવી મૂક્યો...'

'બાબુભાઈ, થેલીમાં શું લાવ્યા છો?' મેં થેલી તરફ ઇશારો કર્યો.

'ઓહ, આ તો ભુલાઈ જ ગયું!' બાબુએ થેલીમાંથી ગોળમટોળ તરબૂચ કાઢતાં કહ્યું, 'ગરમી હજુ ચાલુ જ છે, ગઈ નથી ને? રોજ તરબૂચ ખાવાથી રાહત થાય...'

'કોને?' મારાથી પૂછાઈ ગયું, 'તરબૂચ વેચનારને કે તરબૂચ ખાનારને?'

'બાબુભાઈ, આમના બોલવાથી ખોટું ના લગાડતા...' વાઈફે થાળીમાં તરબૂચ મૂકતાં કહ્યું, 'તમને તો પેલી કહેવતની ખબર છે ને, કે જેને લખતાં આવડે, એને બોલતાં ન આવડે. એમનુંય આ તરબૂચ જેવું જ છે!'

'એટલે?!' ચોંકવાનું મારે હતું, પણ બાબુએ ચોંકીને પૂછ્યું, 'તરબૂચ જેવું? પંડ્યાને તમે તરબૂચ જેવો કહો છો?'

'એમ ન કહું, તો શું કહું?' વાઈફે ચોખવટ કરી, 'જુઓને, તરબૂચ બહારથી લીલું અને અંદરથી લાલ હોય છે ને? આમનુંય એવું છે - બહારથી લાગે વિદ્વાન જેવા, પણ બોલે ત્યારે ખબર પડે, કે ઓહોહોહો... આનામાં તો ઠામકુંય નથી. કેવા લોચા મારે છે. જુઓને, તમારા વિશે હમણા કેવું બોલ્યા?'

'વાહ!' બાબુએ ઉત્સાહથી કહ્યું, 'તો તો પંડ્યાને તરબૂચ ભાવતું જ હશે!'

'હાસ્તો!' વાઈફે પણ હરખથી કહ્યું, 'તરબૂચને તો તરબૂચ ભાવે જ ને! પણ એ તરબૂચ નહીં ખાય.'

'કેમ? પંડ્યાએ તરબૂચ નહીં ખાવાની બાધા રાખી છે?'

'એવું નથી બાબુભાઈ,' વાઈફે તરબૂચને ધોઈ, સાફ કરી, સમારતાં કહ્યું, 'એ શાકાહારી છે, એટલે!'

'પણ તરબૂચ તો શાકાહાર જ કહેવાય...' બાબુએ તરબૂચનો લાલચોળ રંગ જોઈને કહ્યું, 'ભલેને દેખાય એવું...'

'તમે સમજ્યા નહીં બાબુભાઈ,' વાઈફે તરબૂચના ટુકડા પર મસાલો ભભરાવતાં કહ્યું, "ગામડેથી દાદા અહીં આવે ત્યારે આમને 'એ તરબૂચ...' એમ કહીને જ બોલાવે... હજ્જ પણ જ્યારે જ્યારે દાદાજી આવે છે ત્યારે આમને 'એ... તરબૂચ' એમ કહીને જ બોલાવે છે. બસ, ત્યારથી એમને એવું થઈ ગયું છે કે મારે જ મને પોતાને ખાવાનો? બસ, ત્યારથી તરબૂચ એમણે છોડ્યું એ છોડ્યું... દસેક વર્ષ થઈ ગયાં 'તરબૂચ' ને છોડ્યે!"

છેતરપિંડી કરવાનો એકાધિકાર ફક્ત માણસોનો જ હોય એવું નથી, કેટલાંક ફળ અને શાકભાજી પણ આપણી સાથે છેતરપિંડી કરી લેતાં હોય છે. શ્રીફળ બહારથી કેટલું કઠણ અને બરછટ છે, તેમ છતાં અંદરથી એ એટલું જ નરમ અને મુલાયમ હોય છે! જાંબુ બહારથી શ્યામ, પણ અંદરથી જામલી! શીંગોડું બહારથી કાળું, પણ અંદરથી સફેદ! શક્કરિયું પણ બહારથી રાખોડી રંગનું, પણ અંદરથી તો એ પણ સફેદ! ડુંગળી નામ પૂરતી જ ગળી, બાકી તો તીખી તમતમતી અને કોબીજ બહારથી જોઇન્ટ ફેમિલી જેવું કેવું અકબંધ લાગે, પણ એને ઉપરથી ફોલી નાખો તો ઓમ ધખાય નમઃ! સાવ વેર વિખેર થઈ જાય!

આવી ડ્યુઅલ પૉલિસી ધરાવવામાં તરબૂચ નંબર વન છે! બહારથી એ કઠણ તો ખરું જ, પણ અંદરથી એ એકદમ પોચું - સાવ પાણીપોચું! એટલે તો અંગ્રેજોએ એને વૉટર મેલન કહ્યું છે! તરબૂચની બીજી લીલા એ પણ છે કે એ બહારથી લીલું, સાવ લીલુંછમ્મ પણ અંદરથી એકદમ લાલ! આને કહેવાય તરબૂચ લીલું 'ને રંગ રાતો!

બહારથી લાગતો માણસ, અંદરથી રાજકારણી નીકળે ત્યારે ચોક્કસ કહેવાય કે બહારનો રંગ ક્યારે એનો અંદરનો રંગ બતાવતો થઈ જાય એનું કાંઈ નક્કી નહીં! બહારથી લીલો દેખાતો માણસ અંદરથી કેટલો લાલ હશે એનો ખ્યાલ તો તરબૂચ ખાધા પછી પણ નથી આવતો! હવે આમાં તરબૂચનો વાંક કાઢવા બેસીએ તો આપણામાં 'ને તરબૂચમાં ફેર કેટલો?

નામ ભલે એનું તરબૂચ હોય, પણ ઉનાળામાં એનાય ભાવ બોલાતા હોય છે. સાંભળ્યું છે કે મોટા મોટા વિદ્વાનોએ નાની ઉંમરમાં જ જેટલી માત્રામાં વિદ્વત્તા પ્રાપ્ત કરી હતી એ, માત્ર 'ને માત્ર તરબૂચને કારણે જ! તરબૂચને આશીર્વાદ મળ્યો છે કે હે ફળ, લોકો ભલે તને 'તરબૂચ' કહીને સંબોધતા હોય, પણ ઉનાળાની આકરી બપોર પછી, ઢળતી સાંજે એ જ લોકો તારો ભાવ પૂછવા, તું જ્યાં હોઈશ ત્યાં લાઈન લગાવીને ઊભા રહેશે! તને એ જ લોકો હોંશે હોંશે પ્રેમપૂર્વક આરોગવા માંડશે, જેમણે તને 'તરબૂચ' કહીને તારી મજાક કરી છે! લોકો માત્ર મહેંદીના જ નહીં, તારા પણ ગુણગાન ગાતા થઈ જશે! તને ખાતા જશે અને હોંશે હોંશે તારાં ગુણગાન ગાતા જશે કે - 'તરબૂચ લીલું 'ને રંગ રાતો... તરબૂચ લીલું 'ને રંગ રાતો!'

મિત્રો, જ્યારથી મેં તરબૂચ ખાવાનું બંધ કર્યું છે ત્યારથી વાઈફે તરબૂચ ખાવાનું બમણું કરી નાખ્યું છે બોલો! રાજકારણમાં એ નથી, છતાં બદલો કેવી રીતે લેવો - એ એને આવડે છે. ■

ગામડેથી દાદા અહીં આવે ત્યારે આમને 'એ તરબૂચ...' એમ કહીને જ બોલાવે... હજી પણ જ્યારે જ્યારે દાદાજી આવે છે ત્યારે આમને 'એ... તરબૂચ' એમ કહીને જ બોલાવે છે

ફેમિલી ઝોન

જીવનના દરેક પડાવને **જુદા દૃષ્ટિકોણથી નિહાળતી નારી**

લગ્ન થયા અને બાળકો આવ્યા પછી મોટા ભાગની મહિલાઓ કારકિર્દીને અલવિદા કહી દેતી હોય છે. જ્યારે ઘણી મહિલાઓ એવી પણ હોય છે જે જોબ, પરિવાર, બાળકોની જવાબદારી બધું સાથે લઈને ચાલે છે. જોકે હવે માત્ર ભારત જ નહીં વિદેશોમાં પણ નવો જ ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. આ ટ્રેન્ડ છે બાળઉછેરમાં સંપૂર્ણ યોગદાન આપવાનો. ઉચ્ચ અભ્યાસ-સારો હોદ્દો-પ્રતિષ્ઠા હોવા છતાં મહિલાઓ માતા બન્યા બાદ કારકિર્દીના સ્થાને બાળઉછેરને પ્રાથમિકતા આપી રહી છે.

હેતલ રાવ
hetalrao@sambhaav.com

કિયા દોડતી દોડતી તેની મમ્મા પાસે આવે છે અને પૂછે છે, મમ્મા, આ શું લખ્યું છે, મને સમજાવોને.. જિજ્ઞા તેને એક જ મિનિટમાં અંગ્રેજી વિષયના સવાલનો જવાબ આપે છે અને આગળ પણ મેથ્સ વિષયનું હોમવર્ક પૂર્ણ કરાવે છે. આ વાત દાયકા બે દાયકા પહેલાં પૂછવામાં આવી હોત તો કદાચ માતા એમ કહેત કે બેટા, તારા પિતા આવશે, ત્યારે તને સમજાવશે, પરંતુ આજનો સમય જરા જુદો છે. આજની યુવતીઓ લગ્ન પછી પણ બેવડી જવાબદારી નિભાવે છે. ડૉક્ટર, એન્જિનિયર, સીએ અને ઉચ્ચ ડિગ્રી ધરાવતી યુવતી જ્યારે લગ્ન કરી પરિવારમાં જાય છે, ત્યારે પરિવારની નાણાકીય વ્યવસ્થા જોવાની સાથે વડીલોથી લઈને બાળકોના સ્વાસ્થ્યની

ફેમિલી ટ્રેન્ડ

હૂંફાળા બની રહ્યા છે સંબંધો

મહિલાઓમાં જોવા મળી રહેલા આ નવા ટ્રેન્ડને કારણે બાળકોનો ઉછેર યોગ્ય રીતે થઈ રહ્યો છે, તો બીજી બાજુ પતિ-પત્નીના સંબંધોમાં પણ મીઠાશ વધી રહી છે. બંનેને એકબીજા સાથે સમય પસાર કરવાની તક મળી રહી છે. પહેલાં જ્યારે મહિલાઓ સુપર વુમન બનીને કામ કરતી હતી. પોતાના પરિવાર-બાળકોની અને સાથે જ નોકરીની જવાબદારી બખૂબી નિભાવતી હતી જોકે ત્યારે પણ તે પોતાને એકલી મહેસૂસ કરતી, ઉદાસીનતા અને થાક તેના ચહેરા પર જોવા મળતો. અનેક એવી વાતો હતી જેમાં તેને બોલવાનો અધિકાર પણ ન હતો, પરંતુ હવે જ્યારે તે પોતે જ ઘર, પરિવાર અને બાળકોની જવાબદારી નિભાવી રહી છે, તો અનેક ખુશીઓની સાથે તેને પૂરતું માન, સન્માન પણ મળી રહ્યું છે.

દેખરેખ રાખવાની જવાબદારી પણ પોતાના ખભે ઉપાડે છે. જીવનના દરેક પડાવને અલગ અલગ નજરથી જોવાની તેમની ક્ષમતા અનન્ય છે. આ જ ક્ષમતા તેમને દરેક પરિસ્થિતિને પહોંચી વળવા શક્તિમાન બનાવે છે. જીવનના વિવિધ તબક્કાઓને મહિલાઓ પોતાની રીતે પ્રાથમિકતા આપે છે અને તે અનુસાર નિર્ણય લે છે.

માત્ર માતા બનીને જ વિચારીશ

બાળપણથી જ ડૉક્ટર બનવાના સપના જોતી મેનકા પટેલએ બીડીએસના અભ્યાસ દરમિયાન પોતાના દરેક શોખને અભરાઈએ ચઢાવી દીધા. કોર્સના છેલ્લાં વર્ષ દરમિયાન તેના લગ્ન ડૉક્ટર સાથે થઈ ગયા. એક વર્ષ પછી તો તે દીકરીની માતા પણ બની ગઈ. જ્યારે નાનકડી દીકરી પોતાના ખોળામાં હતી, ત્યારે જ તેણે નિર્ણય લીધો કે હવે થોડાં વર્ષો સુધી માત્ર હું માતા છું. મેનકાનાં માતા-પિતા જાણતાં હતાં કે તેણે પોતાની સ્ટડી માટે કેટલું બલિદાન આપ્યું હતું. છતાં તેના સંતાન માટે બધું છોડી તે માત્ર 'ને માત્ર માતા બની.

પરિવાર અને બાળકો માટે બધું જ છોડવાનો આ એક નવો જ ટ્રેન્ડ છે. જે માત્ર આપણા દેશમાં જ નહીં, પરંતુ અમેરિકા, બ્રિટન અને અન્ય વિકસિત દેશોમાં પણ જોવા મળે છે. ન્યૂ યૉર્કના મનોવૈજ્ઞાનિક ફ્રાન બાલફિશએ એક ઇન્ટરવ્યૂ દરમિયાન જણાવ્યું હતું કે એવા હજારો દંપતી છે જે બદલાતા સમય સાથે પારંપારિક ભૂમિકાઓને અપનાવી રહ્યાં છે. ઉચ્ચ શૈક્ષણિક અને તકનીકી યોગ્યતા હોવા છતાં પણ માતા પોતાનાં બાળકોના ઉછેરમાં સંપૂર્ણ યોગદાન આપી રહી છે.

કારકિર્દીમાં કમબેક

આપણા દેશમાં દીકરીઓને બાળપણથી જ શીખવવામાં આવે છે કે લગ્ન પછી ઘરની સંપૂર્ણ જવાબદારી તેમની છે. ભલે પછી તેમની પાસે ઉચ્ચ ડિગ્રી હોય, સારી જોબ હોય, પરંતુ દરેક ફરજ તેમને જ નિભાવવાની છે. કોમ્પ્યુટર એન્જિનિયર અને આઈટી ક્ષેત્રે માસ્ટર ડિગ્રી મેળવનાર વિધિ શાહના એન્જિનિયર યુવક સાથે લગ્ન થયાં. લગ્ન પછી અઢી વર્ષ સુધી જોબ કર્યા પછી સેટ થવા પૂના ગયાં. પછી તો બે બાળકો અને ઘરની જવાબદારીમાં પ્રાચી ઓતપ્રોત થઈ ગઈ. બાળકોના ઉછેરમાં સમય કેવી રીતે પસાર થઈ ગયો તેની જાણ પણ ના રહી. જોકે પ્રાચીનું માનવું છે કે કારકિર્દીમાં બ્રેક આવી ગયો છે, પરંતુ બાળકોના અભ્યાસને એક ચોક્કસ દિશા આપ્યા પછી હું ફરી કમ બેક કરીશ. હાલમાં તો તેમને મારી જરૂર છે, કે કેર કે મેડના સહારે બાળકોને મૂકવા મને યોગ્ય નથી લાગતું.

આવી જ વાત છે પત્રકાર નીશા રાજપૂતની. લગ્નના એક વર્ષ પછી દીકરાનો જન્મ થતાં જોબને અલવિદા કહેવી પડી. જોકે તે સમય દરમિયાન ઘરે રહીને સંતાન, પરિવારની જવાબદારી સાથે પોતાની જોબને ફ્રીલાન્સર તરીકે જીવંત રાખી. નીશા કહે છે, 'આ જોબ દ્વારા મળતો પગાર ઘણો ઓછો છે, પરંતુ પોતાના ક્ષેત્ર સાથે જોડાઈ રહેવાનો અહેસાસ ખાસ હોય છે.' ઘણીવાર પોતાનું કાર્યક્ષેત્ર મજબૂરીના કારણે છોડવું પડે છે, પરંતુ હવે આ નવા ટ્રેન્ડ પ્રમાણે ઉચ્ચ શિક્ષિત મહિલાઓ પરિવાર અને બાળકોની જવાબદારી માટે પોતાની ખુશીથી ગૃહિણી બનવાનો વિકલ્પ પસંદ કરે છે. પતિ પત્ની બંને ઉચ્ચ હોદ્દા પર સેટલ થયા હોય, ત્યારે પત્ની પોતાના હોદ્દાને છોડીને ઘર સંભાળવાની જવાબદારી ઉપાડે છે. ■

માતા બન્યાં પછી જોબને કહે છે અલવિદા

એક સરવે અનુસાર દેશમાં છેલ્લાં દસ વર્ષમાં ૧૯.૬ લાખ મહિલાઓ નોકરી છોડીને ગૃહિણી બની છે. જ્યારે નોકરિયાત મહિલાઓની સંખ્યા ૨૪ ટકા છે. માતા બન્યાં પછી લગભગ ૨૭ ટકા મહિલાઓ જ પોતાની જોબ ચાલુ રાખે છે. જ્યારે સમગ્ર દેશમાં લગભગ ૫૦ ટકા નોકરિયાત મહિલાઓ માતા બન્યાં બાદ ત્રણ વર્ષની અંદર પોતાની જોબ છોડે છે.

પરિવાર અને બાળકો માટે બધું જ છોડવાનો આ એક નવો જ ટ્રેન્ડ મહિલાઓમાં જોવા મળી રહ્યો છે. માત્ર આપણા દેશમાં જ નહીં, પરંતુ અમેરિકા, બ્રિટન જેવા દેશો પણ તેમાં સામેલ છે

વિઝા વિમર્શ ■ ડો. સુધીર શાહ

વિદેશ જતાં વિદ્યાર્થીઓને ચેતવણી

પરદેશી વિદ્યાર્થીઓ ઉચ્ચ અને ઉત્તમ શિક્ષણ મેળવવા દર વર્ષે બહુ મોટી સંખ્યામાં અમેરિકાની યુનિવર્સિટીઓમાં પ્રવેશ મેળવે છે. ગયા વર્ષથી કોવિડ-૧૯એ વિશ્વને એના ભરડામાં લીધું છે. આથી દરેક દેશે, એમના દેશમાં પ્રવેશતાં પરદેશીઓ ઉપર પ્રતિબંધ મૂક્યો છે. અમેરિકાના હિતમાં, અપવાદરૂપ, એમણે જે પરદેશી વિદ્યાર્થી અમેરિકામાં ભણવા આવવા ઇચ્છતો હોય અને જેની યુનિવર્સિટી ૧લી ઓગસ્ટ, ૨૦૨૧ના દિવસે કે ત્યાર બાદ શરૂ થતી હોય એમને પ્રવેશવાની છૂટ આપી છે. ભારતીય વિદ્યાર્થીઓ જેઓ આ વર્ષે અમેરિકા ભણવા જવા ઇચ્છે છે, જેમની યુનિવર્સિટી ૧લી ઓગસ્ટ, ૨૦૨૧ કે ત્યાર બાદ શરૂ થાય છે જેમને અમેરિકાની યુનિવર્સિટીએ કોમ્પ્યુટર જનરેટેડ સેવિસ મોડનું પ્રવેશપત્ર ફોર્મ આઈ-૨૦ મોકલાવ્યું છે તેઓ 'નેશનલ ઇન્ટરેસ્ટ એક્સેપ્શન' હેઠળ સ્ટુડન્ટ વિઝા મેળવીને અમેરિકા જઈ શકશે.

અમેરિકામાં અભ્યાસ કરતા પરદેશી વિદ્યાર્થીઓને અભ્યાસ પૂરો થાય ત્યાર બાદ પ્રેક્ટિકલ ટ્રેનિંગ લેવા માટે એક વર્ષ અમેરિકામાં કામ કરવાની છૂટ આપવામાં આવે છે. આ સમયને 'ઓપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ' પિરિયડ કહેવામાં આવે છે. જે પરદેશી વિદ્યાર્થીઓએ અમેરિકાના યુનિવર્સિટીમાં સાયન્સ, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ અને મેથેમેટિક્સ આમાંના કોઈ પણ વિષયમાં માસ્ટર્સનો કોર્સ કર્યો હોય એમને ઓપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ પિરિયડમાં બે વર્ષનો વધારો આપવામાં આવે છે.

પરદેશી વિદ્યાર્થીઓએ એમનો ઓપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ પિરિયડ શરૂ થાય એના ૯૦ દિવસની અંદર અમેરિકન કંપનીમાં એમણે જે વિષયમાં અભ્યાસ કર્યો હોય એ વિષયને લગતું કામ કરવા માટે નોકરી મેળવી લેવાની હોય છે.

અમેરિકામાં અનેક બોગસ કંપનીઓ છે. તેઓ આવા વિદ્યાર્થીઓને જણાવે છે કે, 'તમે અમારે ત્યાં જાતને રજિસ્ટર કરો. અમે તમને નોકરી આપીશું.' અમુક કંપનીઓ એવું જણાવે છે કે, 'તમે ત્રીસેક દિવસે અમારે ત્યાં ટ્રેનિંગ લો, પછી અમે તમને જોબ આપીશું.' આ માટે તેઓ ૨૦૦-૫૦૦ કે ૧૦૦૦ ડોલર એ વિદ્યાર્થી આગળ રજિસ્ટ્રેશન ફીના કે ટ્રેનિંગ માટેના લે છે.

મોટા ભાગના વિદ્યાર્થીઓને ખબર નથી હોતી કે આ બધી કંપનીઓ બનાવટી છે. અમુક વિદ્યાર્થીઓને એની ખબર હોય છે, પણ ૯૦ દિવસમાં જોબ મેળવવી જરૂરી હોવાથી તેઓ જાણ હોવા છતાં આવી ખોટી કંપનીમાં પૈસા આપીને જોબ સ્વીકારે છે. આવું જુઠ્ઠાણું પકડાઈ જતાં વિદ્યાર્થીએ જાણતા કર્યું હોય કે અજાણતા, બંનેને શિક્ષા થાય છે. એમના સ્ટુડન્ટ વિઝા કેન્સલ કરવામાં આવે છે. જો તેઓ અમેરિકા બહાર હોય તો એમને અમેરિકામાં પ્રવેશવા દેવામાં નથી આવતા.

અમેરિકા ભણવા ગયેલા પરદેશી વિદ્યાર્થીઓએ નીચેની છ ચેતવણી ધ્યાનમાં રાખવી, એને અનુસરવી જોઈએ.

૧) ૯૦ દિવસના ઓપીટી પિરિયડમાં જોબ મેળવવા માટે બનાવટી કંપનીમાં જોબ લેતા નહીં. જે કંપની તમારી પાસે જોબ આપવા માટે કે જોબને લગતી ટ્રેનિંગ આપવા માટે પૈસા માગે એ કંપની બોગસ છે એવું જાણી લેજો.

૨) યુનિવર્સિટીમાં એડ્મિશન લેતી વખતે અને એડ્મિશન મળ્યા બાદ સ્ટુડન્ટ વિઝાની અરજી કરતી વખતે ફોર્મમાં તમારો અમેરિકામાં ભણવાનો, રહેવા ખાવાનો ખર્ચો કોણ આપશે એ જણાવ્યું હોય એ વ્યક્તિએ જ તમને બેન્ક ટ્રાન્સફર દ્વારા પૈસા મોકલાવ્યા હોવા જોઈએ. જો હવાલા દ્વારા કે પછી અમેરિકા જઈને ત્યાં બેન્ક લોન લઈને તમે તમારી ટ્યૂશન ફી અને અન્ય ખર્ચાઓ કરશો તો પકડાતા તમારા સ્ટુડન્ટ વિઝા કેન્સલ કરવામાં આવશે.

૩) અમેરિકાની ઉચ્ચ કક્ષાની યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવી એ યુનિવર્સિટીમાં ભણવા જવું છે એવું દેખાડી સ્ટુડન્ટ વિઝા મેળવીને અમેરિકામાં પ્રવેશ્યા બાદ જો તમે યુનિવર્સિટી બદલશો, નીચલી કક્ષાની યુનિવર્સિટી જેની ફી ઓછી હોય એમાં ટ્રાન્સફર થશો, કમ્યુનિટી કોલેજમાં એડ્મિશન લેશો, તો તમારી જાતને મુશ્કેલીમાં મૂકશો. તમારા આ કૃત્યના કારણે તમારાં માતાપિતાને, ભાઈબહેનને કદાચ વિઝા આપવામાં નહીં આવે.

૪) વિઝાના અરજીપત્રકમાં તમારે જણાવવાનું રહે છે કે, તમે અમેરિકામાં ક્યાં રહેશો? તમે જે ઠેકાણું આપ્યું હોય ત્યાં જ તમારે રહેવું જોઈએ. જો કોઈ અનિવાર્ય કારણસર રહેઠાણ બદલો તો એની જાણ ઇમિગ્રેશન ખાતાને અને યુનિવર્સિટીને કરજો.

૫) કોલેજ પહેલાં કે પછી, શનિ-રવિ કે રજાના દિવસોમાં, વેકેશનમાં, અમેરિકામાં રહેતા તમારા સગાંવહાલાંને ત્યાં કામ કરતા નહીં. મોટેલ, પેટ્રોલ પંપ કે સ્ટોરમાં એમને મદદ પણ કરતા નહીં. તમે આવું કાર્ય સંબંધોના કારણે ભલે કરો, એ માટે મહેનતાણું ન લો, તો પણ આવું કામ કરવું એ ગેરકાનૂની છે.

૬) અમેરિકાની યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવા માટે, તેમ જ પ્રવેશ મળ્યા બાદ સ્ટુડન્ટ વિઝા મેળવવા માટે અનેકો અરજીપત્રકમાં ખોટી બાતમી જણાવે છે. સાચી બાતમી છૂપાવે છે, ખોટા દસ્તાવેજો રજૂ કરે છે, ઇન્ટરવ્યૂમાં જુઠું બોલે છે. આવું ન કરતા. તમે જે જણાવો છો એ હંમેશને માટે રેકોર્ડ થઈ ગયું હોય છે. એટલે શરૂઆતમાં તમે કદાચ સફળ થાવ, પણ ભવિષ્યમાં પકડાઈ જવાની પૂરેપૂરી સંભાવના રહે છે. જો વિઝાની બાબતમાં કંઈ પણ ખોટું કર્યું હશે તો વર્ષો બાદ તમે અમેરિકન સિટીઝન બની ચૂક્યા હોવ તો પણ તમારું એ જુઠ્ઠાણું પકડાતા તમને શિક્ષા કરવામાં આવશે. જો અમેરિકન સિટીઝન બન્યા હશો તો એ નાગરિકત્વ પાછું લઈ તમને તમારા દેશમાં મોકલી આપવામાં આવશે. આજના જમાનામાં તમે વૉટ્સએપ ઉપર મેસેજીસ મોકલો, ઈ-મેઇલમાં જે લખો, આ બધું ઇમિગ્રેશન ઓફિસરો જાણી શકે છે. જો તમારા ઇરાદા કંઈક જુદા જ હશે, તમે છેતરપિંડી કરી હશે, જુઠ્ઠું બોલ્યા હશો તો પકડાઈ જશો. પછી સજા પામશો.

અમેરિકા ભણવા જવા ઇચ્છતા દરેકે દરેક ભારતીય 'ઓનેસ્ટી ઇઝ ધી બેસ્ટ પૉલિસી' આ વાત ભૂલવી ન જોઈએ. ■

તમારું વીક કેવું જશે?

૧૯ જૂનથી ૨૫ જૂન ૨૦૨૧

મેષ (અ,લ,ઇ): આ સપ્તાહે તમારી વાણીની ઓજસ્વિતામાં વધારો થશે અને તમે મક્કમ રીતે તમારી સામેના પડકારોનો સામનો કરશો. આ સમયમાં તમે તમારી કોઈ જૂની ઇચ્છા પૂર્ણ કરશો.

વૃષભ (બ,વ,ઉ): આ સપ્તાહે તમે પોતાના જીવનમાં ચાલી આવતી સમસ્યાઓથી છુટકારો મેળવશો. પ્રણય જીવન માટે આ સપ્તાહ ખૂબ જ સારું રહેશે. યાત્રા-પ્રવાસ માટે આ સપ્તાહ પ્રતિકૂળ રહેશે.

મિથુન (ક,છ,ઘ): આ સપ્તાહે તમારા પરિવારમાં કોઈ માંગલિક કાર્યક્રમના આયોજનથી તમને ખુશી પ્રાપ્ત થશે. તમારા પરિવારમાં પણ એકરૂપતા જોવા મળશે. તમે પોતાના કામ પ્રત્યે ખૂબ જ ચિંતિત રહેશો.

કર્ક (ડ,હ): આ સપ્તાહની શરૂઆતના સમયમાં તમે તમારા પ્રિય પાત્રની સાથે સારો સમય વ્યતીત કરશો. તમે પોતાના લોકોની વચ્ચે ઘેરાયેલા રહેવાનું પસંદ કરશો. પ્રગતિના પંથે આગળ વધી શકશો.

સિંહ (મ,ટ): તમારા સપ્તાહનો પ્રારંભ કોઈ પ્રવાસથી થઈ શકે છે. આ યાત્રા તમને હૃદયના કોઈ નવા તારને છેડવામાં મદદ કરશે. નોકરીમાં તમારી તેજ બુદ્ધિ ખૂબ કામ આવશે. જેનાથી સમયસર તમારા કામ પૂર્ણ થશે.

કન્યા (પ,ઠ,ણ): આ સપ્તાહે તમારે સંબંધોમાં સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે. જે માટે કેટલાંક નક્કર પગલાં લેવા પડશે. સંતાનોની જવાબદારીઓ પૂર્ણ કરવામાં ગંભીરતા દાખવશો.

તુલા (ર,ત): આ સપ્તાહ દરમિયાન પોતાની અંદર એક ગજબની સ્ફૂર્તિની અનુભૂતિ કરશો. સાથે પ્રત્યેક કામને સમય પહેલાં જ પૂરું કરી લેવાનું તમને ગમશે. કામમાં સંતુલન જાળવવાની કુશળતા તમને ખૂબ કામ લાગશે.

વૃશ્ચિક (ન,ય): આ સપ્તાહની શરૂઆતના સમયગાળા દરમિયાન તમે ખર્ચાઓથી ખૂબ જ ચિંતિત રહેશો. તમારે આવક વધારવા તરફ ધ્યાન આપવું પડશે. જીવનસાથીના સુખ માટે તમે પ્રયત્નશીલ રહેશો.

ધન (ભ,ફ,ધ,ઢ): આ સપ્તાહે તમે માનસિક ચિંતાઓથી મુક્ત રહેશો. વેપારમાં પ્રબળ લાભ પ્રાપ્ત થવાના યોગનું સર્જન થશે. નોકરિયાત વર્ગને પોતાની કુશાગ્ર બુદ્ધિથી પોતાનાં કામોને પાર પાડવાની તક પ્રાપ્ત થશે.

મકર (ખ,જ): આ સપ્તાહે તમે પોતાના કામમાં નિપુણતા દાખવશો. લોકો તમારા કામની પ્રશંસા પણ કરશે. આ સમય દરમિયાન તમારા કામના સ્થળે તમને કેટલીક સુવિધાઓ પ્રાપ્ત થઈ શકે છે.

કુંભ (ગ,શ,સ,ષ): આ સપ્તાહના મધ્ય તબક્કા દરમિયાન તમને તમારા ભાગ્યનો પૂરો સાથ પ્રાપ્ત થશે. તમે કેટલાક લાંબા પ્રવાસ પર પણ જશો. જે તમારા કામમાં મદદગાર સાબિત થશે.

મીન (દ,ચ,ઝ,થ): આ સપ્તાહની શરૂઆતમાં જ તમે તમારા વેપારને ગતિ પ્રદાન કરવાના પ્રયાસ કરશો. સપ્તાહની શરૂઆત અને અંતિમ દિવસોમાં પ્રવાસ કરવો તમારા માટે ઉત્તમ રહેશે. ગૃહસ્થ જીવન ખુશનુમા રહેશે.

સમસ્યા અને નિરાકરણ

GaneshaSpeaks.com
Your friend, astrologer & guide
FOR ASTROLOGY DIAL 55181*

પ્રશ્ન : જ્યોતિષાચાર્યજી, મેં કોમર્સમાં સ્નાતક ડિગ્રી મેળવી છે. મેં આગળ ભણવા માટે કેનેડામાં એજ્યુકેશન લેવાનું વિચાર્યું છે. તો તે માટે મારે વિદેશગમનના યોગ છે?
- સમર્થ ભટ્ટ, અમદાવાદ

જવાબ : સમર્થભાઈ, તમારી કુંડળીના અભ્યાસ પરથી માલૂમ થાય છે કે ૨૦૨૧ ડિસેમ્બરથી ૨૦૨૨ ઓગસ્ટ સુધીમાં તમારે અચૂક વિદેશગમનનો યોગ સર્જાઈ રહ્યો છે. આ ઉપરાંત વિદેશમાં અભ્યાસ દરમિયાન તમારી કારકિર્દીમાં બીજી અનેક આગળ વધવાની તકો સર્જાવાની શક્યતા દેખાઈ રહી છે. જે તક આપને આગળ વધવામાં મહત્ત્વની બની રહેશે. આપ ઇષ્ટદેવની કૃપા મેળવી પ્રયત્ન કરો તો અવશ્ય સફળતા મળશે. આ સાથે ગણેશ અથર્વશીર્ષના પાઠ નિયમિત કરો. સૂર્યને અર્ઘ્ય ચઢાવો.

તમે પણ તમારી મૂંઝવતી સમસ્યાનું નિરાકરણ મેળવી શકો છો. પ્રશ્ન મોકલવાનું સરનામું : 'સમસ્યા અને નિરાકરણ', ' અભિયાન', સમભાવ હાઉસ, ચીફ જસ્ટિસ બંગલોની સામે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૧૫. પ્રશ્ન મોકલતી વખતે જન્મનો સમય, સ્થળ, જન્મ તારીખ અને કુંડળી સાથે ચુટક લાઈનવાળી આ કૂપન અવશ્ય બીડવી.



કશ્મકશ

જગદીપ ઉપાધ્યાય

૧૫

પૂર્વકથા એ બ્યુટીફુલ...ભૂરી...ભૂરી...છોકરીએ સલોત સાહેબને બે ભાગમાં વહેંચી નાખ્યા. એક બળબળતા રણમાં અને બીજા ખળખળતા જળમાં. સલોત સાહેબની દીકરીનો એના દીપુસર માટેનો વહાલ અને ટીનાની હેરાનગતિ અજંપો જન્માવનારી નીવડી રહી હતી. સલોત સાહેબે ટીનાના પપ્પાને ટીનાની વર્તણૂક વિશે ફરિયાદ કરી. વાત વાતમાં ટીનાના પપ્પાએ પત્નીના મહત્ત્વનો વિચાર રજૂ કર્યો. આ સાંભળીને સલોત સાહેબ ચિંતામાં પડી ગયા. પત્નીનો વિચાર સલોત સાહેબને પરેશાન કરતો હતો. એક બાજુ પેલી બ્યુટીફુલ..ભૂરી..ભૂરી...છોકરી અને બીજી બાજુ પત્ની. આ બાજુ મધુવન હતું, પેલી બાજુ ભયંકર રાન. આ બાજુ જળ હતું, પેલી બાજુ આગ. આ બાજુ ગુલાબો હતાં, પેલી બાજુ થોર. આ બાજુ પેલી બ્યુટીફુલ...ભૂરી...ભૂરી...છોકરી હતી તો બીજી બાજુ દૂર થતાં જતાં સ્નેહાળ દીકરી અને સુશીલ પત્ની હતાં. કોણ જાણે કેમ પણ સલોત સાહેબને ઊંડે ઊંડે બેચેની થઈ. **હવે આગળ વાંચો...**

એટલામાં એ બ્યુટીફુલ... ભૂરી ભૂરી છોકરી આવીને સલોત સાહેબના ગળે વળગી પડે છે અને તેમના ગાલે એક ચુંબન ચોડી દે છે.

'જેન્ટલમેન! તમે આજે પેપરમાં રેખાનો કિસ્સો વાંચ્યો.? આ રેખાના પતિએ થોડા દિવસો પહેલાં આત્મહત્યા કરેલી, જે આત્મહત્યા બારામાં રેખાનાં સાસુ અને નણંદે શંકા વ્યક્ત કરી પોલીસ તપાસની માગણી કરેલી. પોલીસ તપાસમાં બહુ રસપ્રદ વિગતો બહાર આવી છે. રેખાનો પતિ તેની અગાઉની પત્ની અને એક દીકરીને છોડીને આ રેખા સાથે લગ્નથી જોડાયો હતો. રેખાનું આ ત્રીજું લગ્ન હતું. એમાંનો સૌથી પહેલો અગાઉની સગાઈ તોડીને રેખા સાથે જોડાયેલો અને બીજો ઘરવાળી અને છોકરા હોવા છતાં રેખા સાથે રહેતો હતો અને અગાઉના બંને પતિઓએ પણ આત્મહત્યા કરેલી. પોલીસ આ કેસની તપાસમાં ઊંડી ઊતરી છે તો આ કિસ્સો આત્મહત્યાનો નહીં, પણ હત્યાનો જણાય છે અને શંકાની સોય રેખા ભણી લંબાય છે.' જનતાબાગના બાંકડે બેઠા બેઠા એ વૃદ્ધ ગૃહસ્થ થોડી ઔપચારિક વાતો પછી સલોત સાહેબને આજના 'સંજોગ' દૈનિકમાં આવેલા કિસ્સા વિષે વાત કરી રહ્યા હતા.

સલોત સાહેબે અગાઉની પત્ની અને દીકરીને છોડીને ફરી પરણેલા આ મૃતકનો અંજામ સાંભળીને કંપ અનુભવ્યો. શું જોઈએ છે માણસને?! કયા સુખની શોધ છે એને?! આ ઇચ્છાઓ એ એક તાડનું ઝાડ છે, જે ઊંચું અને ઊંચું થતું જાય છે, પણ એને છાંયો નથી હોતો. આ કહેવાતું સુખ એ ફૂલોના વેશમાં ખીલેલી વાસ્તવમાં પાનખર છે. પથ્થરના ટુકડાઓને સોના, રૂપા અને હીરાનું નામ દઈને માણસ હરખે હરખે પનોતીઓ વહોરે છે. માણસ એ કેમ સમજતો નથી કે સ્નેહના આંસુની તોલે લાખોનાં મોતી ન આવે! બકરીને ગળે આંચળ હોય, સસલાને

શિંગડા હોય, હરણ સોનાનું હોય કે પથ્થરને પાંખો હોય તો માણસ જેને સુખ કહે છે એ સુખ હોય! પાણીમાં તબકતા ચાંદરણાને ફાંટમાં ભરીને ઘેર લાવી શકતા હોય તો રસ, રૂપ, ગંધ, સ્વાદ કે સ્પર્શના સુખને પામી શકાય! સુખ એક એવી બલા છે કે જે એને પામવા પ્રયત્ન કરે છે, એના હાથમાં નથી આવતું અને જે સુખના ઉપાયો છોડી દે છે એને સાંપડે છે. પત્ની અને દીકરીને છેહ દઈને પોતે પણ કોઈ આવા સુખની પ્રાપ્તિ માટે વલખા નહોતો મારી રહ્યો?

'જેન્ટલમેન! હું તો, આ જનતાબાગનો એક વેળા જમાનો હતો ત્યારથી, રોજ સાંજે ફરવા આવું. સમય જતાં સાહિત્યિક, સાંસ્કૃતિક અને રચનાત્મક પ્રવૃત્તિઓ કરવાવાળા નગરના અગ્રણીઓ જતા રહ્યા 'ને પછી કોઈએ રસ લીધો નહીં. ધીરે ધીરે આ બાગ પડી ભાંગતો ગયો. હવે તો કોઈ ભાગ્યે જ અહીં ફરવા આવે છે. મારા તમારા જેવા એકલ-દોકલ માણસો સાંજે અહીં બેઠા હોય. ક્યારેક કોઈ હિંમતવાળા પ્રેમી જોડાં અહીં એકાંત માણવા આવી ચડે. અચ્છા તો જેન્ટલમેન! તમે પણ આ બાજુ એમ જ ફરવા નીકળી ગયા કે?'

'ના મને એમ થયું કે જનતાબાગ હરવા ફરવા જેવો છે કે કેમ એ જરા જોઉં, એમ ધારીને આ બાજુ નીકળી ગયો. મારા એક મિત્ર પણ અહીં આવવાના છે.'

'અચ્છા...અચ્છા.... એમાં શું છે, એક બે કિસ્સા એવા બની ગયા છે કે બાગ બદનામ થઈ ગયો. બાકી અહીં દિવસે એવી કોઈ બીક નથી.'

ભીતરે કહ્યું કે, 'સાચું કેમ કહેતો નથી? તું પણ અહીં આવી ચડતા હિંમતવાળા પ્રેમીઓના જોડામાંનો એક નથી? તું પણ પેલી છોકરીને એકાંતમાં મળવા અહીં નથી આવી ચડ્યો?'

ખરેખર વાત પણ તેમ જ હતીને! આજે સલોત સાહેબ વાંચન પ્રેરણા સોસાયટીનો કાર્યક્રમ ગોઠવવા માટે 'શબ્દલોક ફાઉન્ડેશન' નામની સંસ્થાના આયોજકોને મળી રિસેસમાં પાછા ફર્યા ત્યારે સ્કૂલના ગેઈટ પાસે હાથમાં ફાઈલ લઈને પેલી બ્યુટીફુલ... ભૂરી... ભૂરી... છોકરી મળી. રિસેસ પૂરી થવાનો બેલ પડી ગયો હતો. છોકરાઓ અંદર પ્રવેશી ચૂક્યા હતા. સલોત સાહેબ જલ્દીમાં હતા. છોકરીએ સલોત સાહેબને વેઈટ ન કરતા

સલોત સાહેબ ઉતાવળી ચાલે સ્કૂલના બિલ્ડિંગ તરફ વળ્યા. શાળામાં પ્રવેશતા જ ખાસ સમાચાર આપવા જ ઊભો હોય તેમ દેવાએ સામે આવીને સમાચાર આપ્યા, 'સલોત સાહેબ! પેલી છોકરી સર્ટિફિકેટ કઢાવી ગઈ.' સલોત સાહેબે આફ્ટર શોક અનુભવ્યો

ટૂંકમાં કહ્યું, 'સર! હું અને મારા પપ્પા તમારું માર્ગદર્શન લેવા ક્યારના તમારી રાહ જોતા હતા, પણ તમે બહાર ગયા હતા. મારા પપ્પા થોડી વાર પહેલાં જ ગયા. મને હતું કે તમે મળી જશો એમ માની રોકાઈ. સર! મારે વડોદરા ભણવા જવાનું નક્કી થયું છે. તમો આજે સાંજે જનતાબાગમાં આવશો? મારે તમોને ઘણી બધી વાત કરવી છે!'

'હા...' એટલું કહેતા સલોત સાહેબે આંચકો અનુભવ્યો. 'એમ કર, સાંજે સાડાપાંચની આસપાસ તું જનતાબાગમાં આવજે.' એમ કહેતા તેઓએ છોકરી પર પગથી માથા સુધી એક નજર નાંખી. છોકરીએ અત્યંત માયાળુ નજરે સલોત સાહેબને ભીની આંખે જોયા 'ને 'હા સર!' એમ કહેતી ગેટ બહાર નીકળી ગઈ. સલોત સાહેબ તેની પાછળ જોઈ રહ્યા. ગેટ બહાર જાણે છોકરીની રાહ જોઈને ઊભો હોય તેવો એક છેલબટાઉ જુવાનિયો છોકરીની પાછળ તેનાં પગલાં દબાવતો ચાલ્યો. ગેટથી થોડે દૂર ઊભેલા એવા જ એક રખડું છોકરાએ તે છેલબટાઉ છોકરાને પાછળથી પાનો ચડાવતો હોય તેવા મોટા સાદે કહ્યું, 'જીમી! સાલીકો છોડના મત..! અને સલોત સાહેબ સામે ગંદું હસતો એ છોકરો કતરાતો આછકલી ચાલે ચાલ્યો. સલોત સાહેબ ગેઈટ બહાર નીકળ્યા, પણ માણસો અને વાહનોની ભીડમાં છોકરી ન દેખાઈ. એટલામાં પિરિયડમાં જવાનો વૉર્નિંગ બેલ સંભળાતા સલોત સાહેબ ઉતાવળી ચાલે સ્કૂલના બિલ્ડિંગ તરફ વળ્યા. શાળામાં પ્રવેશતા જ ખાસ સમાચાર આપવા જ ઊભો હોય તેમ દેવાએ સામે આવીને સમાચાર આપ્યા, 'સલોત સાહેબ! પેલી છોકરી સર્ટિફિકેટ કઢાવી ગઈ.' સલોત સાહેબે આફ્ટર શોક અનુભવ્યો, જે મૂળ આંચકાથી પણ મોટો હતો. વર્ગમાં જતા સલોત સાહેબને, વર્ગ રજિસ્ટરમાં છોકરીના નામ કમીની નોંધના ખાનામાં પ્રિન્સિપાલ સાહેબની સહી કરાવીને આવતા, એ છોકરીના વર્ગ શિક્ષક સામા મળ્યા. તેણે સલોત સાહેબને પૂછ્યું, 'કેમ છે સલોત સાહેબ?' તો પાછળથી દેવો બોલ્યો, 'પરમ શાંતિ!' બસ... આટલું જ. પછી સ્કૂલમાં અંદરો અંદર કોઈ વાતચીત કે ચર્ચા નહીં. સલોત સાહેબે સ્કૂલ પરિસર ખરેખર શાંત થઈ ગયેલો અનુભવ્યો.

ઘેરે બપોરના સલોત સાહેબે લંબાવ્યું તો કંઈ આંખો મળી નહીં. ભીતર કહેતું હતું, ''છોકરી વડોદરા જતી રહેતી હોય 'ને તારે હાથે એક અપરાધ થતો અટકતો હોય એમાં ખોટું શું છે? તારે શા માટે તે છોકરીને મળવા જનતાબાગમાં જવું જોઈએ? શું તારી અંદર છાને ખૂણે તે છોકરીને વડોદરા જતી રોકવાનો પાપી ઇરાદો તો નથી? 'જીમી! સાલીકો છોડના મત..!' એમ બોલીને આજે પોતાની સામે ગંદું કોણ હસ્યું હતું? શું એ પોતાને સાવધ થઈ જવાનો ઇશારો તો નહોતો?'' પણ આ બધા પ્રશ્નોને અવગણીને

સલોત સાહેબ સાડાપાંચને બદલે પાંચ વાગ્યે જનતાબાગે પહોંચી જઈને દરવાજે એ છોકરીની રાહ જોઈ રહ્યા હતા. સાડા પાંચ તો થઈ ગયા. સૂર્ય અસ્તાચળ તરફ જવા લાગ્યો. હમણા સાંજ ઢળી જશે. સલોત સાહેબના મનમાં ઢળી ગયેલી સાંજનું એક દશ્ય ઊભરી આવે છે. દૂર દૂર ભૂરું અજવાળું પથરાઈ ગયું છે. બાગ સૂમસામ થઈ ગયો છે. મંદ મંદ હવા ઉદાસ થઈને વહી રહી છે. સમય શૂન્ય થઈ ગયો છે. પોતે ખૂટી જવાની તૈયારીમાં છે. એટલામાં એ બ્યુટીફુલ... ભૂરી ભૂરી છોકરી આવીને સલોત સાહેબના ગળે વળગી પડે છે અને તેમના ગાલે એક ચુંબન ચોડી દે છે. સલોત સાહેબ છોકરીને છાતી સરસી ચાંપી દે છે. છોકરીની આંખમાંથી આંસુઓના ફુવારા ઊડે છે. અશ્રુધારાને પખાળતાં, રુદનથી ખરડાયેલા અવાજે તે સલોત સાહેબને કહેવા લાગે છે, 'સર! મારે તમોને છોડીને ક્યાંય જવું નથી... ક્યાંય જવું નથી... મને રોકી લો સર! મને રોકી લો...! એક વાર ફરી મારે ઘેર આવો ને મારા ઘરના લોકોને સમજાવો.'

'ગુડ ઈવનિંગ સર!' દરવાજામાં પ્રવેશતા એક વૃદ્ધ ગૃહસ્થના અવાજે સલોત સાહેબની સમાધિ તૂટી. યંત્રવત્ સામું ગુડ ઈવનિંગ બોલતા સલોત સાહેબથી દૂર દૂર રસ્તા પર દૃષ્ટિ નખાઈ ગઈ. કોઈ કરતાં કોઈ આવતું ન હતું.

'આ બાજુ આવો જેન્ટલમેન! જરા બાંકડે બેસીએ...' વૃદ્ધ ગૃહસ્થે સલોત સાહેબને હાથ લંબાવી બાંકડા તરફ દોર્યા. આમ પણ સમય જતો નહોતો. સલોત સાહેબ વૃદ્ધ ગૃહસ્થની સાથે ચાલ્યા 'ને દરવાજા તરફ નજર રહે તેમ તેની સામે બેઠા. તડકો પીળો પડી રહ્યો હતો. હવા મંદ પડવા લાગી હતી.

'જેન્ટલમેન!' બાંકડે બેઠેલા વૃદ્ધ ગૃહસ્થે વાત આગળ ચલાવી, 'હું અને આ બાગ કંઈ કેટલીય ઘટનાઓના સાક્ષી છીએ.' અને તેમણે એક રહસ્યમય રોમાંચક ઘટનાની વાત શરૂ કરી, "ઘણો સમય વીતી ગયો. હું અહીં આજ બાંકડે બેઠો હોઉં અને તેઓ બંને ત્યાં... છેલ્લે બાંકડે. પ્રેમાલાપ કરતા તે કોલેજિયન યુવક-યુવતીને, તેમના ક્રિયાકલાપો પર મારા તરફથી કોઈ પ્રતિક્રિયા થતી ન જોઈને, મારો છોછ નીકળી ગયો અને એ બંને પ્રેમીઓ બિનધાસ્તપણે પ્રેમ ચેષ્ઠાઓ કરવા લાગ્યા. પછી ધીરે ધીરે તેઓ મને નમસ્તે કરતા અને થોડી થોડી વાત કરતા થયા. વાત પરથી ખ્યાલ આવ્યો કે તેઓ બંને અલગ જાતિનાં હતાં, પણ તેઓનો પ્રેમ સાચો હતો. છોકરીના કુટુંબીઓ રૂઢિચુસ્ત અને માથાભારે હતા. તેઓને મેં એક બે વાર આડકતરી રીતે 'પ્રેમપંથ કાંટાઓ અને જખ્મોથી ભરેલો છે.' તેવું સમજાવેલું, પણ યુવાન હૈયાં શાના હાથ રહે?

"જાણી જોઈને આગ વહોરવાનું પરિણામ તો આવતું હોય તે જ આવે. પ્રેમની આગ તો બહુ આકરી છે, જેન્ટલમેન! સૂકું સળગે એ તો સમજ્યા, આ તો પાણી સળગે છે. લાકડાને ડામ પડે એ તો જોઈ શકાય, આ તો ફૂંપળને ડામ પડે છે. ધરતી પરથી વાતી લૂ તો સહી શકાય, પણ પાણીમાંથી ઊઠતી લૂ ભયંકર હોય છે. તમે કલ્પના કરો કે અંદરનો અગ્નિ સળગવાનો મોકો શોધતો હોય ને ડગલે ડગલે લોકો દીવાસળી લઈને ઊભા હોય! હીર ને ભરત તો ગૂંથી શકાય, પણ પ્રેમમાં તો લીરા ગૂંથવાના હોય છે. તલવારની ધારનો કાપો તો દેખાય, પણ ફૂલની ધારનો કાપો આરપાર ઊતરી જાય 'ને પાછો દેખાય નહીં! તમે ફક્ત કાંટાઓને જ કાંટા કહો છો જેન્ટલમેન! લાગે છે તમોને હજુ ફૂલોએ ડંખ દીધા નથી. હૈયું હાથમાં લઈ ચિતા પર બેસવાનું! જીવતે જીવ જાતે જાતને અગ્નિદાહ દેવાનો 'ને દીવાનગીના ઘાટ પર બેસીને પુણ્યદાન કરવાના! તમે વડવાનલ જોયો છે જેન્ટલમેન? બસ, એ પ્રેમીઓનાં આંસુ પર લાગે! વરસાદના

આ અઠવાડિયાની

દસ બેસ્ટ સેલર બુક્સ

"અભિયાન"ના વાચકો માટે ખાસ ઓફર

આ કૂપન બતાવો અને દરેક પુસ્તક ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ મેળવો

બહારગામ વી.પી.પી.થી પુસ્તકો મોકલી આપીશું. • ફોન ઉપર ઓર્ડર સ્વીકાર્ય

પુરુષાર્થ પોતાનો પ્રસાદ પ્રભુનો	: કીડની સ્પેશ્યાલીસ્ટ ડૉ.એચ.એલ.ત્રિવેદીની આત્મકથા	ડૉ. અરુણા વી. વણીકર	₹ ૩૦૦.૦૦
શ્રી મનના શ્લોક	: મરાઠીમાંથી ગુજરાતી સમશ્લોકી ભાવાનુવાદ (સીડી સાથે)	મકરંદ મુસળે	₹ ૨૫૦.૦૦
શોલે હિન્દી મુવી	: ગુજરાતીમાં પહેલી વાર ધ મેકિંગ ઓફ અ ક્લાસિકનો અનુવાદ	અનુપમા ઓપરા	₹ ૨૫૦.૦૦
પ્રોજેક્ટ લાયન!	: ગિરના સિંહો પર આધારિત નવલકથા	ડૉ.આઈ.કે.વીજળીવાળા	₹ ૧૫૦.૦૦
વનિતાવિશેષ	: વુમન એમ્પાવરમેન્ટને સાર્થક કરતાં ચરિત્રો	રક્ષા શુક્લ	₹ ૧૫૦.૦૦
ઋગ્વેદ સંહિતા	: ૨૭૭ પેજમાં સરળભાષામાં ગુજરાતી ભાવાનુવાદ	અરૂણ ત્રિવેદી	₹૧૦૦૦.૦૦
અર્ધ સત્ય	: નવલકથા ૨૦૨૧	પ્રવીણ પીઠડીયા	₹ ૪૫૦.૦૦
સમગ્ર	: ૯૫૨ ગઝલનો ગ્રંથ	ખલીલ ધનતેજવી	₹૧૦૦૦.૦૦
કવિતાનો રસોત્સવ	: દેશદેશાવરના ૨૦૨ કાવ્યોનો અંગ્રેજીમાંથી ગુજરાતીમાં અનુવાદ	પ્રદીપ ખાંડવાળા	₹ ૭૦૦.૦૦
સ્મરણનામા-સફરનામા-કોફીનામા-સરાઈનામા-સહજનામા : ૨૦૨૧ એડીશન (૫ બુક્સનો સેટ)		તુષાર શુક્લ	₹૧૫૫૦.૦૦

નટરાજ બુક સેન્ટર : ૧૦, નેશનલ ચેમ્બર્સ, સિટીગોલ્ડ મલ્ટીપ્લેક્સ લેન, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯ વૉટ્સએપ : ૦૮૩૪૭૯-૬૧૨૯૯ ફોન નં. ૦૭૯-૨૬૫૮૭૬૩૦

પોકેટ બુક સેન્ટર : અમદાવાદ. ફોન નં. ૦૭૯-૨૫૫૦૮૭૩૨ Email : natraj1963@gmail.com, www.booksforyou.co.in

છાંટા ચામડી પર પલીતા ચાંપે. કાલ સુધી ફૂલને સાચવતા હતા એ જ કાંટાઓ પાંદડી પાંદડીએ નખલીઓ મારે! સાવ બે ડગલાં નજીક આવેલું ઘર સો ગાઉ છેટું થઈ જાય! પ્રેમીને લાગતું હોય કે રસ્તામાં ફૂલો પથરાયા છે, પણ ચાલે તો ખબર પડે કે આ તો સળગતા દેવતા પર ચાલવાનું છે. મૌનમાં આગ, એકાંતમાં આગ, વિરહમાં આગ. બસ, હાથ નાખો ત્યાં આગ બસ આગ! શિયાળામાં તાપણા જોયા છે ને, એવાં તાપણાઓ લોહીમાં બળે. લપસણા માર્ગ અને આસપાસ ઊંડી ખીણ. કાંટાની પથારી પર સૂતું નથી એ ફૂલ નથી!, પથ્થરની સાથે અથડાઈને ઊછળ્યું નથી એ જળ નથી!, વેરાનને છલકાવતો નથી એ ટહુકો નથી એમ પગમાં છાલા હોય અને પ્રેમની અજાણી મંઝિલ તરફ ચાલ્યો નથી એ પ્રેમી નથી! જેમ ચૂલા પર રોટલો શેકાય એમ હૈયા પર ભવ શેકાય! જેન્ટલમેન, એક દિવસ એ યુવતીનો ભાઈ યુવતીને તેના પ્રેમી સાથે જોઈ ગયો 'ને આગ લાગી. એક અદૃશ્ય આગ! મેં એવી આગ જોઈ નથી. છોકરીએ મક્કમપણે એના બાપને કહ્યું કે, 'હું એ યુવાનને ચાહું છું અને એની સાથે વરવા માગું છું.' તેના બાપે આશ્ચર્ય વચ્ચે કહ્યું કે, 'એમાં શું બેટા! તારી જે મરજી હોય તે અમારી મરજી! તું મને એ યુવાનનો પરિચય કરાવી દે.' અને એ યુવતી ખુશ થતી પોતાના પ્રેમીને એના બાપને મળવા લઈ ગઈ. બાપે સ્નેહપૂર્વક એ યુવાનને આવકાર્યો. હમણા હમણા બાગમાં મળતી વખતે એ બંને બહુ છૂટછાટ લેતાં હતાં. હું એમને ખલેલ ન પડે તે માટે પેલા વૃક્ષના પછવાડે ટેકો દઈને બેસતો અને એકાદવાર એમની મસ્તીને છાનુંછપનું જોઈ લેતો. એક દિવસ એ યુવતી ન આવી, પણ યુવતીનો બાપ ત્રણ સાગરીતોને લઈને આવ્યો. એને એમ કે બાગમાં કોઈ નથી! એ લોકો એ યુવાનને પેલી બાગને છેવાડે આવેલી અવાવરું ઝાડીઓ પાછળ લઈ ગયા. 'ને થોડી જ વારમાં જાણે કાંઈ જ બન્યું ન હોય તેમ પાછા ફર્યા. પછી એ યુવતી કેટલાયે દિવસો સુધી બાગમાં આવી ને કાંઈ રડી છે! એનાં આંસુઓની આગમાં આ બાગનાં વૃક્ષોનાં પાનેપાન બળીને રાખ થઈ ગયાં!! એ યુવતી પેલા ત્રણે ત્રણ સાગરીતોને ઓળખતી હતી. જેન્ટલમેન! હવેનું રહસ્ય તમે સાંભળો! એ યુવતી કોણ? જેના ત્રીજા

સલોત સાહેબનું ભીતર અકળાઈ ગયું. પોતે પણ એક કુંવારી કન્યામાં આસક્ત થઈને અવાવરું જગ્યાએ ભટકવા આવ્યા હતા, એ તમોગુણમાં પ્રવૃત્ત થવા સિવાય બીજું શું હતું? પોતે એક પંડિત શિક્ષક હોવા છતાં અજ્ઞાનમાં ઘેરાયા હતા

પતિએ આત્મહત્યા કર્યાના પેપરમાં સમાચાર છે એ રેખા પોતે! એણે પોતાના પ્રેમીની હત્યાનો બદલો લેવા તેને મારનાર એ ત્રણે સાગરીતોને એક પછી એક મોહજાળમાં ફસાવ્યા. જેન્ટલમેન! હું બહુ જ વિમાસણ અનુભવું છું કે અગાઉના બે કેસની જેમ ભીનું ન સંકેલાઈ જાય અને રેખા જવાબદાર ઠરે તો મારે તેની સાથે થયેલા અમાનવીય વ્યવહારના સાક્ષી બનીને તેને કઈ રીતે બચાવવી? કારણ કે કાતિલ ઘટનાના સાક્ષી બે જ જણા છે, હું અને આ બાગ!" અને પછી તેઓ કોઈ ઉકેલ શોધતા હોય તેમ ઊંડા વિચારમાં ખોવાઈ ગયા!

ક્યાંય સુધી મૌન પથરાઈ ગયું. અંતે તેઓ સ્વસ્થ થતા બોલ્યા, 'અરે! વાતોમાં બહુ જ સમય વીતી ગયો. ચાલો જેન્ટલમેન! હવે જઈશું કે?'

સલોત સાહેબે કહ્યું કે, 'મારે મારા મિત્રની થોડી વાર રાહ તો જોવી પડશે!'

એ વૃદ્ધ સદ્‌ગૃહસ્થ ઊભા થતા બોલ્યા, 'રાહ જુઓ... પણ બહુ લાંબો સમય ન બેસતા. આ જગ્યા અંધારું થયા પછી છોડી દેવી હિતાવહ છે. રાત્રે અહીં દારૂડિયા, જુગારિયા અને આવારા તત્ત્વોનો ત્રાસ રહે છે.'

સલોત સાહેબ તે વૃદ્ધ સદ્‌ગૃહસ્થ સાથે ઊભા થયા અને તેમની સાથે થોડું ચાલ્યા. એ વૃદ્ધ સદ્‌ગૃહસ્થે ચાલતાં ચાલતાં પોતાનો પરિચય આપ્યો 'ને કહ્યું, 'હું ફોરેસ્ટ ખાતામાં હતો, પણ તમને નવાઈ લાગશે કે મને કોઈ વ્યસન નહીં અને વાંચનનો બહુ શોખ.' એમ કહેતા એમણે આ ઘટના પર ફિલસૂફી વ્યક્ત કરી, 'તમે આ કિસ્સામાં સ્ત્રીને વાસનાની દૃષ્ટિથી જોનાર ત્રણે દુષ્ટોનો અંજામ જોયો? વાસના તો ધુતારી નાર છે, ઠગવું એનો સ્વભાવ છે. વાસના એ કુલટા છે. આત્માને અભડાવે છે. વાસના જાદુગરણી છે. મતિને અદૃશ્ય કરી દે છે. વાસના તો શાકિની છે. તેનું ખપ્પર ભોગ માગે છે. ઝેર જીરવાય તો વાસના જીરવાય. તેનું પરિણામ કાં તો હત્યા, કાં તો આત્મહત્યામાં આવે છે. જે બચે છે તે કાં તો પાગલ થઈ જાય છે અને કાં તો સાધુ! વૈશાખનો સુસવતો વાયરો ડાળીને નિષ્પર્ણ કરી નાખે છે. ઉનાળાનો કારમો તાપ જળાશયને સૂકવી નાખે છે. એમ અનિયંત્રિત વાસના જીવનને છિન્ન-ભિન્ન કરી નાખે છે. મોહ પમાડનારી, મૂઢ બનાવનારી, મદમાં છકાવનારી, પાપાચારમાં પ્રવૃત્ત કરનારી, દૂષિત ડાઘ દેનારી, દુષ્ટ કર્મો તરફ દોરનારી, મોહજાળમાં સપડાવનારી, અધમ ગતિ તરફ લઈ જનારી, ભ્રમજ્ઞાનમાં ડૂબાડનારી, ધર્મથી વિમુખ કરનારી, આત્માની સ્મૃતિને હણનારી, ઉગ્રતાને પોષનારી, અશુભ આહાર-વિહાર તરફ પ્રેરનારી, કામ, ક્રોધ અને લોભને જણનારી, મલિન ઇરાદાઓ સેવનારી, વ્યભિચારને આચાર માનનારી, મનમાં અસુંદરતાના રંગો પૂરનારી વાસના એ તમોગુણની સગી બહેન છે.

'જુઓ, બહુ ન રોકાતા!' કહેતા વૃદ્ધ સદ્‌ગૃહસ્થ સલોત સાહેબની આંખ સામે આવ્યા. તેમણે છેલ્લી વેળા આઘે સુધી જોયું. 'ના, હવે તો એ છોકરી ન જ આવે!' એમ વિચારી ગેટ પાસેથી પગ ઉપાડ્યા. એટલામાં કોઇ દૂરથી સ્કૂટર આવતું દેખાયું

વાસના પાસે સુખની અપેક્ષા રાખનારાઓ મૃગજળ પાસે જળની અપેક્ષા રાખનારાઓ છે.' અને તેમણે છૂટા પડતા સલોત સાહેબને કહ્યું, 'ભલે જેન્ટલમેન! તમોને ઘણી વાતો કરી. તમોને મળીને આનંદ થયો. ફરી આમ જ મળતા રહીશું. જુઓ, બહુ ન રોકાતા! ચાલો બાય..!'

સલોત સાહેબનું ભીતર અકળાઈ ગયું. પોતે પણ એક કુંવારી કન્યામાં આસક્ત થઈને અવાવરું જગ્યાએ ભટકવા આવ્યા હતા, એ તમોગુણમાં પ્રવૃત્ત થવા સિવાય બીજું શું હતું? પોતે એક પંડિત શિક્ષક હોવા છતાં અજ્ઞાનમાં ઘેરાયા હતા, એક સજ્જન પુરુષ એવા પોતે કોઈ મવાલીની જેમ બાગના તૂટ્યા-ફૂટ્યા દરવાજે ઊભા હતા, સદ્‌વાંચનના પ્રણેતા એવા પોતે અવિચારીપણે નિંદનીય આચરણ તરફ ધકેલાયા હતા, એક સદ્‌ગૃહસ્થની કુલીનતા છોડીને અસભ્ય અને અસંસ્કારી ગ્રામીણતામાં પ્રવૃત્ત થયા હતા. એના મૂળમાં વાસનાના પ્રભાવ સિવાય બીજું શું હતું? શું પોતે પણ વૃત્તિથી પેલા ત્રણ કામી પુરુષથી જોડાયેલા નહોતા? કોઈ ઉન્નત જીવન જીવવા જઈ રહેલી કન્યાને રોકવાનો પાપી વિચાર તેના મોહગ્રસ્ત મનની નીપજ નથી? ઉફ! તેમણે છોકરીની આવવાની દિશામાં જોયું જ!

સાંજ બુઝાવા લાગી હતી. છોકરી આવતી દેખાતી ન હતી. કોઈ ન જુએ એટલે કદાચ મોડી આવે - કદાચ હવે આટલું મોડું થયે આવી જગ્યાએ ન પણ આવે એમ મન સંકલ્પ-વિકલ્પમાં અટવાતું હતું.

આઘે બળતી એક બત્તીનું કહેવા પૂરતું અજવાળું પોતાના પર પડતું હતું. બાગમાંની ઊડુ ઊડુ લાઇટ એક ઝબકારો મારી ઓલવાઈ જતી હતી. એક દાઢિયાની છાકટી રાડ સંભળાઈ. 'જુઓ, બહુ ન રોકાતા!' કહેતા વૃદ્ધ સદ્‌ગૃહસ્થ સલોત સાહેબની આંખ સામે આવ્યા. તેમણે છેલ્લી વેળા આઘે સુધી જોયું. 'ના, હવે તો એ છોકરી ન જ આવે!' એમ વિચારી ગેટ પાસેથી પગ ઉપાડ્યા. એટલામાં કોઈ દૂરથી સ્કૂટર આવતું દેખાયું. તેઓ પોતાના બાઈક પાસે જતા અટક્યા. સ્કૂટર નજીક આવ્યું તો તેના પર એક નહીં, પણ ત્રણ જુવાનિયા જણાયા. મલકના ઉતાર જેવા તેઓ થોડાક જ દૂર ઠઠ્ઠા મશ્કરી કરતા, અટ્ટહાસ્ય કરતા અને પરસ્પર ગાલી ગલોચ કરતા સ્કૂટર પરથી ઊતરીને ઊભા રહ્યા. ઝાંખા અજવાળામાં તેઓના ચહેરા વર્તાતા નહોતા. પહેલા તેઓએ આડકતરી રીતે અભદ્ર ભાષામાં સલોત સાહેબને સતાવવાનું શરૂ કર્યું 'ને પછી સીધા જ 'ક્યું માસ્તર! તેરી હોશિયારી બહુત બઢ ગઈ હૈ ક્યા? તેરી અબ કયામત આઈ હૈય ક્યા?! ઉસ લડકીકે સાથ બહુત ચગા હૈ તો સાલ્લા! તેરા મરને કા ઈરાદા હૈ ક્યા? ઉસકા ભાઈ બહોત તાકતવાલા હૈ તો અપૂન સબભી ઉસસે કમ નહીં, સમજા ટોપા!?' એમ વારાફરતી તેઓ ત્રણે કુત્સિત ભાષામાં અશ્લીલ ઈશારાઓ કરતા સલોત સાહેબને ભાંડવા લાગ્યા. અચાનક એમાંનો એક જુવાન આગળ આવ્યો 'ને ઉગ્ર સ્વરે, 'અબે, તેરી માકે લલવે! તું મુઝે પહેચાનતા હૈ ક્યા?' એમ કહી ખિસ્સામાંથી છરી કાઢી 'ને કાનમાંથી કીડા ખરી જાય તેવી ગાળ દઈ ટપોરીની ભાષામાં, 'મેરી ઔર ઉસ લડકીકે બીચમેં આયા તો તેરી ખૈર નહીં.' એમ બોલતા એણે કાતિલ છરીનો છૂટો ઘા સલોત સાહેબ પર કર્યો. નિશાન એટલું અચૂક હતું કે છરી આંગળીના જ અંતરથી સટ્ટાક દઈને પસાર થઈ ગઈ! 'ને સ્કૂટર પર બેસી ત્રણે જણા કાનફાડી નાખે તેવા દેકારા કરતા દૂર અંધારામાં ઓગળી ગયા. પળવારમાં બની ગયેલી ઘટનાથી સલોત સાહેબ હતપ્રભ થઈ ગયા. મોત નજીકથી પસાર થઈ ગયું. પોતાનું ખૂન થઈ જતા કેટલી વાર? અસહાય બની જતાં દીકરી અને પત્ની, આઘાતમાં સરી પડતા કુટુંબીઓ અને સ્વજનો, હતપ્રભ થઈ જતું શિક્ષણ જગત અને સમાજમાં મચી જતો હાહાકાર! વગેરે દશ્યો ફટાફટ સલોત સાહેબની નજર સામેથી પસાર થઈ ગયા. બધાની સામે આ ઘટના ઘટી હોત તો? શું મોઢું રહેત? કોને કોને જવાબો દેત? કઈ શેરીમાંથી છુપાઈને ચાલત? છાપામાંના અક્ષરોને કેમ કરીને ભૂંસત? પોલીસ ફરિયાદમાં શું કારણ લખાવત? કારમા આઘાતની અસર જેમ કળ વળે તેમ વધુ થતી હોય છે!

કુદરતનો ન્યાય પણ કેવો ભારોભાર છે? લાચાર પાસેથી લાંચ લેનાર અમલદારને મોંના લકવાનો ભોગ બનવું પડે છે. બીજાના છોકરાઓને ભણાવવામાં વેઠ કરતા શિક્ષકનાં સંતાનો ભણવામાં નપાવટ નીવડે છે. ગરીબ ખેડુનું શોષણ કરતા વ્યાજખોર શાહુકારને બળદ થઈને તેનું ઋણ ચૂકવવું પડે છે. પોતાને પણ કેવી સહેજમાં ચુકાઈ ગયેલા અપરાધની સજા પણ સહેજમાં ચુકાઈ ગયેલા ઘાથી અપાઈ હતી? પોતાની સાથે કેવું જંગલી ભાષાથી વર્તન? પોતે સભ્ય ભાષા કે માનને લાયક ક્યાં હતા? ને આમેય પોતે ભદ્ર ભાષામાં ક્યાં સમજતા હતા? આ છોકરો તે સવારમાં છોકરી પાછળ પાછળ પગલાં દબાવતો ગયેલો જીમી તો નહીં હોય?

સલોત સાહેબે બાઇકને તો ઠીક, જાતને માંડ સંભાળી..! ■

(ક્રમશઃ)